
બ્લેક મિની ડ્રેસમાં દીપિકા પાદુકોણનો બોલ્ડ લૂક
Page -11

નિડર, નિષ્પક્ષ અને વિશ્વસનીય

# ગુજરાત વંદન

info@gujaratvandan.com | www.gujaratvandan.com સાપ્તાહિક

RNI No.GUJGUJ/2016/68288


યુપીની ચુંટણી આગામી સદીનો ઈતિહાસ લખશે : અખિલેશની આગાહી
Page -10

તંત્રી : નિકુંજ એસ. પટેલ ● મેનેજિંગ તંત્રી : દિનેશ એલ. રાજપુત ● સહ તંત્રી : પ્રવીણ આર. ઘમંડે ● ટે.નં. ૦૭૯-૪૮૯૮૭૧૧૧ વિક્રમ સંવત : 2078 ● મહા સૂદ - 03 ● કુલ પાનાં 12 ● કિંમત: ₹ 5● ગુરુવાર 03 ફેબ્રુઆરી, 2022 ● Vol - 5 , Issue No - 6


### ગોધરાકાંડ.... પ્રત્યાઘાતો... કોમી રમખાણો... ૨૭ ફેબ્રુઆરી આવી રહી છે...

# ગુજરાતને ફરીથી ભડકે બાળવાની પાકિસ્તાનની નાપાક સાજિશ...?



ગુજરાત વંદન

27 ફેબ્રુઆરી આવી રહી છે. 27 ફેબ્રુઆરી 2002ના રોજ ગુજરાતના ગોધરા રેલ્વે સ્ટેશન ખાતે શું બન્યું તે કોઈનાથી છૂપુ નથી ગુજરાતના ઈતિહાસમાં ગોધરાકાંડ તરીકે ઉલ્લેખિત આ બનાવના પગલે કોમી હિંસા પ્રત્યાઘાત રૂપે ફાટી નીકળી હતી. ફરીથી 27 ફેબ્રુઆરી આવી રહીછે ત્યારે ગુજરાતમાં કટ્ટરપંથી તત્વો સક્રિય થયા હોય તેમ ધંધુકામાં કિશન ભરવાડ નામના એક યુવાનની, ગૃહમંત્રીના હર્ષ સંઘવીના મતે, કોઈ મૌલવી દ્વારા રિવોલ્વર વગેરેની વ્યવસ્થા કરીને તેની સરેઆહ હત્યા કરવામાં આવી છે. આ બનાવના પગલે ગુજરાતમાં ઘેરા પ્રત્યાઘાતો પડી રહ્યા છે ઠેરઠેર રેલીઓ - ધરણા દેખાવો યોજીને દોષિતને જાહેરમાં ફાંસી આપવાની લાગણી અને માંગણી જોવા મળી રહી છે. શું કટ્ટરપંથીઓ દ્વારા ગુજરાતને ફરીથી ભડકે બાળવાનું પાકિસ્તાન પ્રેરિત કોઈ કાવતરુ તો નથી ને? એવી વ્યાપક ચર્ચા 27 ફેબ્રુઆરી 2002ની ઘટનાના સંદર્ભમાં જોવામાં આવી રહી છે. જે વિગતો પોલીસને મળી રહી છે તે એવો ઈશારો કરે છે કે દિલ્હીમાં બેઠેલા કેટલાક કટ્ટરપંથીએ ગુજરાતની કોમીએકતા અને ભાઈચારો થતા શાંતિને ડહોળવાનો પ્રયાસ કરી રહ્યા છે.

છેલ્લા ઘણા સમયથી ગુજરાતમાં સુખ ચેન શાંતિ અમનનું વાતાવરણ છે. વેપાર ધંધા - રોજગાર કોરોના મહામારીમાંથી બહાર આવીને અગાઉની જેમ ધમધમી રહ્યા છે. તેવા સમયે

(અનુસંધાન 7 મે પાને)



### કમર ગની છે 'તૈહરી કે ફરોકી ઈસ્લામિક' સંગઠનનો મહત્વનો હોદેદાર

કમર ગની 'તૈહરી કે ફરોકી ઈસ્લામિક' સંગઠનનો અધ્યક્ષ છે. આ સંગઠન મહંમદ પયગંબર કે ઇસ્લામ ધર્મ વિરુદ્ધ ટિપ્પણી કરનારા સામે પોલીસ ફરિયાદ નોંધાવી કાયદેસરની કાર્યવાહી કરાવતું હતું. આ પહેલાં પોરબંદરના સાજણ ઓડેદરાએ પણ મહંમદ પયગંબર વિરુદ્ધ પોસ્ટ મૂકી હોવાથી તેની પણ હત્યા કરવાના હતા. 'તૈહરી કે ફરોકી' ઇસ્લામિક સંગઠન સોશિયલ મીડિયા પર એક્ટિવ છે, જેથી આ સંગઠન સાથે સોશિયલ મીડિયા પર કોણ કોણ જોડાયેલું છે, કોણ તે ની પોસ્ટ લાઇક કે કોમેન્ટ કરે છે, તે લોકોની ATSએ તપાસ શરૂ કરી છે. એ માટે સાયબર એક્સપર્ટ્સની મદદ લેવાઈમાં આવી છે.

### અત્યાર સુધી ૭ શખ્સોની ધરપકડ



આ કેસમાં અત્યાર સુધીમાં શબ્બીર ચોપડા, ઇમ્તિયાઝ તથા બે મૌલવી કમરગની ઉસ્માની અને ઐયુબ જાવરવાલા તથા અજીમ સમા, વસીમ બચા, અજીમ સમાને હથિયાર આપનાર રમીઝ સેતા મળીને કુલ 7લોકોની ધરપકડ થઈ ચૂકી છે.




**રાહુલ - ૨૦૨૪ આવવા દો... જો પછી...**

**સ્મૃતિ - અમેઠીમાં કેવો હરાવ્યો, યાદ છે ને...?**

૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં જે મોટી હાર જોવા મળી તે અમેઠીની બેઠક હતી ગાંધી પરિવારની ધરોહર સમાન અમેઠી લોકસભા બેઠક પરથી ભાજપના ઉમેદવાર સ્મૃતિ ઈરાનીએ રાહુલ ગાંધીને જંગી બહુમતીથી હરાવ્યા હતા. જોકે પોતાની હાર થશે એમ માનીને રાહુલે કેરળ વાયનાડ બેઠક પરથી પણ ઉમેદવારી નોંધાવી હતી પરિણામે ધાર્યા મુજબનું આવ્યું અમેઠીમાં સ્મૃતિ જીતી અને રાહુલ હાર્યા હતા.

## નિર્મલા સીતારમણના 'યુપી ટાઈપ' નિવેદનથી રાજકારણ ગરમાયુ



ગુજરાત વંદન

કેન્દ્રીય બજેટ રજૂ કર્યા બાદ નાણામંત્રી નિર્મલા સીતારમણના 'યુપી ટાઈપ' નિવેદનને લઈને રાજકારણ શરૂ થઈ ગયું છે. ચૂંટણીની મોસમમાં આ પ્રકારના નિવેદન અંગે કોંગ્રેસે કહ્યું છે કે નાણામંત્રી આવું નિવેદન આપીને જનતાનું અપમાન કરી રહ્યા છે. તેમણે ઉત્તરપ્રદેશના લોકોને બજેટમાં કશું જ આપ્યું નથી તેથી કમ સે કમ તેમનું અપમાન તો ન કરવું જોઈએ.

### પ્રિયંકાએ કહ્યું, પ્રદેશની જનતાનું ઘોર અપમાન : રાહુલે પણ કર્યો કટાક્ષ

કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધીએ સીતારમણ ઉપર નિશાન તાકતાં ટવીટ કર્યું કે નિર્મલા સીતરમણજી, તમે યુપી માટે બજેટમાંથી કશું જ આપ્યું નથી, ઠીક છે... પણ યુપીના લોકોનું આ રીતે અપમાન કરવાની શું જરૂર હતી ? યુપીના લોકોને 'યુપી ટાઈપ' હોવા ઉપર ગર્વ છે. અમને યુપીની ભાષા, બોલી,

(અનુસંધાન 7 મે પાને)

## કાશ્મીરમાં આર્ટિકલ ૩૭૦ હટ્યા બાદ ૪૩૯ આતંકીઓ હણાયા



ગુજરાત વંદન


આર્ટિકલ 370 હટ્યા બાદ જમ્મુ-કાશ્મીરમાં આતંકી ઘટનાઓને લઈને રાજ્યસભામાં સવાલ પૂછવામાં આવ્યો હતો. સાથે તે પણ પૂછવામાં આવ્યું કે અત્યાર સુધી કેટલા સુરક્ષાકર્મી આતંકીઓ સાથે અથડામણમાં શહીદ થયા છે. ત્યારબાદ કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી નિત્યાનંદ રાયે તેનો જવાબ આપ્યો હતો. ગૃહ રાજ્યમંત્રી નિત્યાનંદ રાયે રાજ્યસભામાં જણાવ્યુ કે જમ્મુ-કાશ્મીરથી કલમ 370 હટ્યા બાદ કુલ 439 આતંકીઓ માર્યા ગયા છે. સાથે આ ઘટનાઓમાં નાગરિકો અને સુરક્ષાદળોના પણ મૃત્યુ થયા છે. આ દરમિયાન 98 નાગરિક અને 109 સુરક્ષાકર્મી પણ શહીદ થયા છે. આર્ટિકલ 370 હટ્યા બાદ જમ્મુ-કાશ્મીરમાં કુલ 541 આતંકવાદી ઘટનાઓ થઈ છે. આ પહેલાં રાજ્યસભામાં આતંકી સંગઠનો અને તે લોકોની જાણકારી આપવામાં આવી હતી, જેને ભારતમાં આતંકી તરીકે ચિન્હિત કરવામાં આવ્યા છે. સરકારે જણાવ્યું કે, ભારતમાં કુલ 42 સંગઠનો એવા છે, જેને આતંકી સંગઠન તરીકે લિસ્ટ કરવામાં આવ્યા છે. તો 31 એવા લોકો છે, જેને યૂએપીએ હેઠળ આતંકવાદી તરીકે ચિન્હિત કરવામાં આવ્યા છે.

**૫૪૧ આતંકી ઘટનાઓમાં ૯૮ નાગરિક અને ૧૦૯ સુરક્ષાકર્મી પણ શહીદ થયા**

## ભાગેડુ માલ્યા-નિરવ-ચોક્સી આવી શકે છે ભારત પરત - સુપ્રીમ કોર્ટે બતાવ્યો માર્ગ

ગુજરાત વંદન

સુપ્રિમ કોર્ટે કેન્દ્ર સરકારને પૂછ્યું છે કે, દેશના ભાગેડુ લોકો જો પૈસા ચુકવવા માટે તૈયાર હોય તો તેને ભારત આવવાની મંજુરી આપવાનો અને તેની સામે ચાલી રહેલી ફોજદારી કાર્યવાહી અટકાવી દેવાનો વિચાર શા માટે કરવામાં આવતો નથી. જસ્ટિસ સંજય કિશન કૌલ અને એમએમ સુંદરેશની ખંડપીઠે જણાવ્યું હતું કે કાયદાકીય કાર્યવાહીમાં ઘણાં વર્ષો વીતી જશે અને એજન્સીઓ



ભાગેડુ ઉદ્યોગપતિઓને પરત લાવવાના પ્રયાસમાં સફળ થઈ શકે કે ન પણ થઈ શકે અને તે સંજોગોમાં સરકાર તેમને સુરક્ષા આપવાનું વિચારી શકે છે. જો તેઓ પૈસા પરત કરવા માટે સંમત થાય અને તેઓ દેશમાં પાછા ફરે ત્યારે તેમની ધરપકડ કરવામાં ન આવે.

સ્ટર્લિંગ ગ્રૂપના પ્રમોટરો સાથે બેન્ક લોન દ્વારા રૂ. 14,500 કરોડની છેતરપિંડી કરવા બદલ વોન્ટેડ હેમંત એસ હાથીની અરજીની સુનાવણી દરમિયાન આ સૂચન આવ્યું હતું. તમામ

(અનુસંધાન 7 મે પાને)


## ગુજરાત વંદન




### એજન્સી આવકાર્ય

ગુજરાત વંદન અખબાર માટે ગુજરાતમાં દરેક ગામ અને શહેરમાં એજન્સી લેવા માટે નીચે મુજબના સરનામે સંપર્ક કરવા વિનંતી છે.

**બિઝનેસ ઓફિસ:**

820, 8મો માળ લોબી-2, સાકાર-9
જૂની આરબીઆઈની બાજુમાં, આશ્રમ રોડ,
અમદાવાદ-380009.

6357263573

info@gujaratvandan.com


## ઉદયપુરના રાજાએ એક જ વર્ષમાં બબ્બે વખત ગીનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં મેળવ્યું સ્થાન

**રાજવી પરિવારના લક્ષ્યરાજ સિંહે ૨૮૦૦થી વધુ ફૂડ પેકેટ અને સ્વેટર દાન કરીને રેકોર્ડ સર્જયો**

ગુજરાત વંદન

રાજસ્થાનના ઐતિહાસિક અને સહેલાણીઓ માટેના પ્રિય શહેર ઉદયપુરના રાજવી પરિવારના લક્ષ્યરાજ સિંહ મેવાડે આ વર્ષે વધુ બે વખત ગીનીસ બુક વર્લ્ડ રેકોર્ડમાં પ્રવેશ મેળવી 4 વર્ષમાં કુલ 6ઠ્ઠી વખત ગિનીસ વર્લ્ડ રેકોર્ડમાં પ્રવેશવાની અનોખી સિદ્ધિ મેળવી છે જેમાં સૌ પ્રથમ 2800થી વધુ લોકોને ફૂડ પેકેજ આપીને 'ભૂખ રાહત પેકેજોની સૌથી લાંબી લાઇન' પ્રદાન કરવાનો રેકોર્ડ અને બીજો એક જ દિવસમાં 2800થી વધુ સ્વેટર દાન કરીને 'સ્વેટરનું સૌથી મોટું દાન' કરીને ગીનીસ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મેળવ્યું છે.



છેલ્લા બે-ત્રણ વર્ષથી કોરોના મહામારીના પગલે ભારત સહિતના દેશોમાં ખાદ્યપદાર્થોની અછત સર્જાઈ જેના કારણે ગરીબો- શ્રમિકો, મધ્યમવર્ગીઓ પરિવારો સહિતના લોકો ભૂખમરો અને કુપોષણની આપત્તિ તરફ વળ્યા પરિણામે ગ્લોબલ હંગર ઈન્ડેક્સમાં 116 દેશમાંથી ભારતનો 101 ક્રમ આવ્યો હતો. આ સ્થિતિના પગલે ઉદયપુરના પૂર્વ રાજકુમાર લક્ષ્યરાજ ભારતના ભૂખમરાના પ્રશ્નોના ઉકેલવા માટે પ્રતિબદ્ધ થઈને 2800થી વધુ લોકોને ભૂખ રાહત પેકેજો દાન કરીને શરૂઆત કરી છે.

બીજી બાજુ છેલ્લા 2 મહિનામાં ઉત્તર ભારતમાં

(અનુસંધાન 7 મે પાને)

## વારાણસીમાં કરોડોનો નકલી વેક્સિન અને ટેસ્ટિંગ કીટનો જથ્થો જપ્ત કરાયો

**અન્ય રાજ્યોમાં નકલી માલ સપ્લાય કરે તે પહેલા પાંચ ઝડપાયા**

ગુજરાત વંદન

ઉત્તર પ્રદેશના વારાણસીમાં નકલી કોવિડ વેક્સિન અને ટેસ્ટિંગ કીટ ભારે માત્રામાં મળી આવી છે. આ નકલી કોરોના વેક્સિન અને નકલી ટેસ્ટિંગ કીટ ઘણા રાજ્યોમાં સપ્લાય કરવાની હતી. પોલીસે આ કૌભાંડનો ભાંડો ફોડી નાખ્યો છે. પોલીસને માહિતી મળી હતી કે, વારાણસીના રોહિત નગરમાં નકલી રસી બનાવવામાં આવી રહી છે. જે બાદ પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને નકલી કોવિડશિલ્ડ રસી, નકલી ZyCoV-D રસી અને નકલી કોવિડ ટેસ્ટિંગ કીટ સહિત કરોડોનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે.

ઉત્તરપ્રદેશનાં વારાણસીમાં કોરોનાની



નકલી વેક્સિન અને ટેસ્ટિંગ કીટ બનાવીને દેશનાં અનેય રાજ્યોમાં સપ્લાય કરવામાં આવી રહ્યો હતો. બુધવારે UP-STFના વારાણસી ટીમે રોહિતનગરનાં એક મકાનમાં દરોડો પાડીને આ નકલી વેક્સિનના કૌભાંડનો પર્દાફાસ કર્યો હતો. આ કેસમાં પોલીસે 5 આરોપીઓની ધરપકડ કરી છે. આરોપીઓ પાસેથી કોવીશીલ્ડ અને Zycov-dની નકલી વેક્સિન, નકલી ટેસ્ટીંગ કીટ, પેકિંગ મશીન, ખાલી શીશીઓ અને સ્વાબ સ્ટિક્સ મળી આવી હતી.

STFના એડિશનલ SP વિનોદકુમાર સિંહે જણાવ્યુ હતુ કે રાકેશ થવાણી, અરુણેશ વિશ્વકર્મા, સંદીપ શર્મા, શમશેર અને લક્ષ્ય જાવા નામના આ 5 આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. આ મામલે આરોપીઓની પુછપરછ કરવામાં આવી રહી છે. જાણકારી મુજબ આ

(અનુસંધાન 7 મે પાને)

## સીરમ પાસે માગ્યું એક હજાર કરોડનું વળતર, બોમ્બે હાઈકોર્ટમાં અરજી

ગુજરાત વંદન

કોરોના વેક્સીનને કારણે ડોક્ટર દીકરીનું મોત થયું હોવાનો દાવો કરીને એક પિતાએ બોમ્બે હાઈકોર્ટમાં 1000 કરોડના નુકસાનની માંગણી કરી છે. પિતાનો દાવો છે કે, તેમની પુત્રીનું મોત રસીની




આડ અસરને કારણે થયું છે. તેમનો દાવો છે કે, તેમની પુત્રીના શરીર પર કોવિશિલ્ડ રસીની આડઅસર થઈ હતી અને તે મૃત્યુ પામી હતી. મહારાષ્ટ્રના ઔરંગાબાદમાં રહેતા આ પીડિત પિતા દિલીપ લુણાવત દ્વારા બોમ્બે હાઈકોર્ટમાં દાખલ કરવામાં આવેલી અરજી અનુસાર, તેમની પુત્રી સ્નેહા લુણાવત મેડિકલની વિદ્યાર્થીની હતી

તેમને કહેવામાં આવ્યું કે, કોરોનાની રસી સંપૂર્ણપણે સલામત છે અને તેનાથી શરીર પર કોઈ ખોટી અસર થતી નથી. આ કારણે પોતે હેલ્થ વર્કર હોવાને કારણે તેણે પોતાની કોલેજમાં રસીનો ડોઝ લીધો હતો. પરંતુ રસીનો ડોઝ લીધા બાદ તેની હાલત વધુ બગડી અને અંતે તેનું મૃત્યુ થયું. મેડિકલ કોલેજ, નાસિકની મેડિકલ સ્ટુડન્ટ સ્નેહા લુણાવતના પિતાના જણાવ્યા અનુસાર, તેમની પુત્રીએ 28 જાન્યુઆરી 2021ના રોજ કોવિશિલ્ડ રસીનો ડોઝ લીધો હતો અને 1 માર્ચના રોજ તેનું અવસાન થયું હતું. પીડિતાના પિતાના કહેવા પ્રમાણે, તેમની પુત્રીનું

(અનુસંધાન 7 મે પાને)

### પાંચ રાજ્યોની ચૂંટણી પછી પેટ્રોલ-ડીઝલના ભાવમાં વધારો ઝીંકાશે

ગુજરાત વંદન


નાણામંત્રી નિર્મલા સીતારમણે મંગળવારે રજૂ કરેલા બજેટ 2022-23માં પેટ્રોલ અને ડીઝલને લઈને મહત્વની જાહેરાત કરી છે. આ જાહેરાત બાદ હવે પેટ્રોલ અને ડીઝલ બંને મોંઘા થશે. સરકારે નોન-બ્લેન્ડેડ પેટ્રોલ અને ડીઝલ પર 2 રૂપિયાની વધારાની એક્સાઈઝ ડ્યુટી લગાવી છે. નોંધનીય છે કે આ વધારો પાંચ રાજ્યોની ચૂંટણી સમાપ્ત થયા બાદ ઓક્ટોબરથી લાગુ થશે.

મોદી સરકારના બજેટ 2022-23માં પેટ્રોલ અને ડીઝલની મોંઘવારીમાં સામાન્ય માણસને વધુ એક ઝટકો લાગ્યો છે. સતત વધી રહેલી કિંમતો વચ્ચે લોકોને આશા હતી કે સરકાર પેટ્રોલ અને ડીઝલ પરની એક્સાઈઝ ડ્યુટીમાં ઘટાડો કરશે, પરંતુ થયું તેનાથી વિપરીત, સરકારે પેટ્રોલ અને ડીઝલ પર વધારાની એક્સાઈઝ ડ્યુટી લગાવી છે.

સરકારે એક્સાઈઝ ડ્યુટીમાં વધારો 01 ઓક્ટોબરથી લાગુ કરવાની

(અનુસંધાન 7 મે પાને)

### વાંકી નજરે...



# અમદાવાદમાં એમડી ડ્રગ્સ સાથે રાજસ્થાનના શખ્સની ધરપકડ

**મેડિકલ કોલેજ પાસે વેચવા નીકળ્યો અને ઝડપાયો**





ગુજરાત વંદન

શહેરમાં SOG ક્રાઈમે 24.57 લાખના 192 ગ્રામ ડ્રગ્સ સાથે પાંચ શખ્સોને દબોચી લીધા હતા. આ પહેલા પોલીસે પણ એક ઈસમને એલીસબ્રીજ એનએચએલ મ્યુનિસિપલ મેડિકલ કોલેજના વાહન પાર્કીંગમાંથી 48.090 ગ્રામ એમડી ડ્રગ્સના જથ્થા સાથે ઝડપી પાડ્યો હતો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે SOG ક્રાઈમના અધિકારીઓ પેટ્રોલિંગમાં હતાં તે સમયે બાતમી મળી હતી. બાતમીને આધારે અધિકારીઓએ જગ્યા પર જઈને મોહમંદ પરવેઝમિયાં ઇસ્માઇલમિયાં શેખ, મઝહરખાન ઐયુબખાન પઠાણ, સાજીદહુશેન અનવરહુશેન મલેક, ઇમરાન અમનઉલ્લા પટેલ અને મોઇનુદ્દીન કમરૂદીન કાગઝીની ગોમતીપુર, સારંગપુર બ્રીજના છેડે મારૂતિ સુઝુકી બલેનો ગાડી સાથે ઝડપી પાડી ધરપકડ કરી હતી. આરોપીઓ પાસેથી 192.570 ગ્રામ એમડી ડ્રગ્સનો જથ્થો ઝડપ્યો હતો. પોલીસે આરોપીઓ પાસેથી 24.57 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.પકડાયેલ પાંચ પેડલરો માંથી મુખ્ય આરોપી મોહમદ પરવેઝમિયાં રાજસ્થાનમાં નઈમ નામના પેડલર પાસેથી ડ્રગ્સ લેવા રાજસ્થાન જતો હતો. છેલ્લા 6 મહિનામાં ચારથી પાંચ વખત ડ્રગ્સ જથ્થો લાવ્યો છે. જે ડ્રગ્સના જથ્થાને લાવી નાની પડકીઓમાં શહેરના કોર્ટ વિસ્તારમાં લોકોને વેંચતા હતા. જેમાં ખાસ શાહપુર અને કારજ વિસ્તારમાં ડ્રગ્સની પડીકી આપતા હોવાનું સામે આવ્યું છે. સાથે જ પકડાયેલ આરોપીઓ ડ્રગ્સના નશાની ટેવ ધરાવે છે. ત્યારે પકડાયેલ આરોપી કોઈ ગુનાહિત ઇતિહાસ ધરાવે છે કે કેમ તે તપાસ કરવામાં આવી રહી છે.

**શહેરમાં નશાનો ખુલ્લેઆમ વેપાર**

## હત્યાના આરોપીને ક્રાઈમ બ્રાન્ચે ડ્રગ્સ સાથે ઝડપી પાડ્યો

ક્રાઈમ બ્રાન્ચની ટીમે બાતમીના આધારે અબ્દુલવહીદ ઉર્ફે ફકીર મહમંદ શેખને NHL મેડિકલ કોલેજના ગેટ પાસેથી 48 ગ્રામ ડ્રગ્સ સાથે ઝડપી પાડ્યો હતો.

આરોપીની પૂછપરછ કરતા જાણવા મળ્યું હતું કે, 27 જાન્યુઆરીએ આરોપી રાજસ્થાન પ્રતાપગઢથી 200 ગ્રામ એમડી ડ્રગ્સ લઈને અમદાવાદ આવ્યો હતો જેમાંથી તેને 150 ગ્રામ ડ્રગ્સનું છૂટક વેચાણ કરી દીધું હતું જ્યારે બાકી રાહવાલ 48.090ગ્રામ ડ્રગ્સનું વેચાણ કરવા માટે ફરી રહ્યો હતો.

આરોપી અગાઉ કાલુપુર અને મણિનગરમાં હત્યાના ગુનામાં સજા ભોગવીને આવેલો છે. આરોપી મેડિકલ કોલેજ પાસેથી ડ્રગ્સ લઈને વેચાણ માટે ફરતો હતો જેને લઈને વિદ્યાર્થીઓને ડ્રગ્સ સપ્લાય કરતો હતો કે કેમ તે અંગે સવાલ ઉભા થયા છે,ક્રાઈમ બ્રાન્ચે સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી છે.

## તળાવ બન્યું ક્રિકેટનું મેદાન...



તસ્વીર - જાવેદ રાજા

અમદાવાદ શહેરના મોટાભાગના તળાવો ઉનાળા પહેલાં ક્યાંક સૂક્કાભઠ થઈ ગયા છે તો ક્યાંક સૂક્કાભઠ થવાની તૈયારીમાં છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને ઔડાની હસ્તકના આ તળાવો વેરાન થઈ રહ્યા છે. જેના પગલે આ તળાવો ક્રિકેટના મેદાનમાં ફેરવાઈ ગયા છે. આ તસ્વીર શહેરના સરખેજ તળાવની છે.

# અમદાવાદ સિરિયલ બોમ્બ બ્લાસ્ટ કેસનો ચૂકાદો હવે ૮ ફેબ્રુઆરીએ આવશે

**સીરિયલ બ્લાસ્ટમાં ૫૮ લોકોએ જીવ ગુમાવ્યાં હતા અને ૨૪૪ જેટલા લોકો ઈજાગ્રસ્ત થયા હતા**

ગુજરાત વંદન

વર્ષ 2008માં અમદાવાદ શહેરમાં થયેલા સિરિયલ બોમ્બ બ્લાસ્ટના કેસનો 14 વર્ષે અંત આવ્યો છે. આ કેસમાં હવે 76 આરોપી સામે અંતિમ દલીલો સમાપ્ત કરવામાં આવી હતી અને સ્પેશિયલ જજ એ.આર.પટેલે કેસનો ચુકાદો 1 ફેબ્રુઆરી પર મુલતવી રાખ્યો હતો. આ હવે આગામી 8 ફેબ્રુઆરીએ કોર્ટ ચૂકાદો આપશે. જજ કોરોના સંક્રમિત થયા હોવાને કારણે ચુકાદો મુલતવી રાખવામાં આવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે આ કેસમાં અત્યાર સુધી 1163 લોકોની જુબાની લેવાઈ ગઈ છે. આ સિવાય 1237 સાક્ષીઓને પડતા મૂકવામાં આવ્યા છે. નોંધનીય છે કે આ કેસમાં મોટાભાગના સાક્ષીઓએ ફીટ જુબાની આપી હતી. સુપ્રીમ કોર્ટે આદેશ આપ્યો હતો કે કેસ ઝડપથી ચલાવવામાં આવે, ત્યારપછી મોટી સંખ્યામાં સાક્ષીઓને પડતા મૂકવામાં આવ્યા હતા.



ફાઈલ તસ્વીર

અમદાવાદ શહેરને દહેલાવી નાખનારા સીરિયલ બ્લાસ્ટમાં 58 લોકોએ જીવ ગુમાવ્યા હતા અને 244 જેટલા લોકો ઈજાગ્રસ્ત થયા હતા.

વર્ષ 2008માં થયેલા બ્લાસ્ટ બાબતે અમદાવાદમાં કુલ 20 અને સુરતમાં કુલ 15 ફરિયાદ નોંધાઈ હતી. આ 35 કેસને એકસાથે ભેગા કરવામાં આવ્યા છે.અત્યાર સુધી ક્રાઈમ બ્રાન્ચે આ કેસમાં 76 આરોપીઓને ઝડપી લીધા છે અને ચાર્જશીટ પણ ફાઈલ કરી છે. આ કેસમાં આઠ આરોપી એવા છે જેમની હજી પણ પોલીસને શોધ છે. સુપ્રીમ કોર્ટે કેસની માહિતી મેળવી ડિસેમ્બર 2019 સુધી સાક્ષીઓની જુબાની સમાપ્ત કરવાનો આદેશ આપ્યો હતો.

## દેશી દારુનો વેપલો ચલાવતી ૧૦ મહિલા બૂટલેગરો ઝડપાઈ



ગુજરાત વંદન

અમદાવાદના સરખેજ વિસ્તારમાં પોલીસે અલગ અલગ દરોડા પાડીને કુલ 10 મહિલા બૂટલેગરોને પકડી હતી. આ તમામ પોતાના ઘરે જ દેશી દારૂની ભઠ્ઠી ચલાવતી હતી. પોલીસે સ ર ખે જ ના વ ણ ઝ ર , બાજરાવાડ, ઉજાલા સર્કલ ખાતે દરોડા પાડ્યા હતા. જ્યાંથી અલગ અલગ ઘરમાંથી દેશી દરૂ ગાળીને વેચવાની સામગ્રી મળી આવી હતી.

મળતી માહિતી પ્રમાણે સરખેજ પોલીસે 10 મહિલા બુટલેગરની ધરપકડ કરી હતી અને દેશી દારૂનો જથ્થો અને સામગ્રી જપ્ત કરી હતી. 10 મહિલાઓ પૈકી અનેક મહિલાઓ અગાઉ પણ દેશી દારૂના કેસમાં ઝડપાઇ ચુકી છે.

સરખેજ પોલીસે સરખેજના લિસ્ટેડ બુટલેગર, દેશી દારૂની ભઠ્ઠીઓ તથા ચોરી છુપીથી દેશી દારૂનું વેચાણ કરનાર બુટલેગરને ત્યાં રેડ કરી હતી.

અલગ અલગ જગ્યા પર રેડ કરીને 10 મહિલા બુટલેગરોને દેશી દારૂ તથા દેશી દારૂ બનાવવાની સામગ્રી સાથે ઝડપી પાડી હતી. પકડાયેલ મહિલાઓ પૈકીની અનેક મહિલાઓ અગાઉ ઝડપાઇ ચુકી છે. 2-3 મહિલાઓ સામે પાસાની પણ કાર્યવાહી કરવામાં આવશે.

**૨-૩ મહિલાઓ સામે પાસાની કાર્યવાહી કરાશે, મહિલાઓ ઘરમાં જ ચલાવતી હતી દારૂનો ધંધો**

**હવે ગુજરાતના ખેડૂતોની આવકમાં થશે વધારો**

## પેટ્રોલમાં મિશ્રણ માટે ગુજરાતમાં ૧૦૦૦ કરોડના ખર્ચે સ્થપાશે બાયો ઈથોનેલ પ્લાન્ટ

ગુજરાત વંદન



આગામી દિવસોમાં ગુજરાતના ખેડૂતો મકાઈ અને ચોખાની ભૂકી વેચીને સારી કમાણી કરી શકશે, કારણ કે ગુજરાતમાં 500 કેએલડીની ક્ષમતાવાળો બાયો ઇથોનેલ પ્લાન્ટ સ્થાપવા જઈ રહ્યો છે. ગુજરાતના ખેડૂતોને પ્રત્યક્ષ રીતે આનાથી ફાયદો થશે. આ પ્લાન્ટની સ્થાપના માટે અંદાજે 1000 કરોડનું રોકાણ થશે.'

ગુજરાત સરકારની કંપની ગુજરાત આલ્કલી ઍન્ડ કેમિકલ લિમિટેડ અને ગેસ ઓથોરિટી ઓફ ઇન્ડિયા આ બાયો ઇથોનેલ પ્લાન્ટ સ્થાપશે. અંદાજિત 1000 કરોડનું રોકાણ પણ થશે' અને આનાથી દૈનિક 500 કિલોલીટર બાયો ઇથોનેલનું ઉત્પાદન કરવામાં આવશે.'

ભારત સરકારે 2025 સુધીમાં પેટ્રોલમાં 20 ટકા ઇથોનેલ બ્લેન્ડિંગ માટેનો રોડમેપ તૈયાર છે અને ક્રૂડ ઓઈલની આયાત ઘટાડી ફોરેન એક્સચેન્જને મોટી મદદ કરી દેશને આત્મનિર્ભર બનાવવાની નેમ છે તેમ ગુજરાત આલ્કલીના મેનેજીંગ ડિરેક્ટર મિલિન્દ તોરવણેએ જણાવ્યું હતું. એ દિશામાં અમે કામકાજ જોરશોરથી થઈ રહ્યું છે.'

**દૈનિક ૫૦૦ કિલોલીટર બાયો ઇથોનેલનું ઉત્પાદન કરવામાં આવશે**

આ પ્લાન્ટના કાચા માલ તરીકે મકાઈ અને ચોખાની ભૂકીનો ઉપયોગ થશે. જેથી ઇકો ફ્રેન્ડલી ટેકનોલૉજી દ્વારા 500 કિલોલીટર પ્રતિ દિવસ ઉત્પાદન થશે. બાય પ્રોડક્ટ તરીકે અંદાજીત 135 કેટીપીએ જેટલું પ્રોટીન રિચ એનિમલ ફીડ અને 17 કેટીપીએ જેટલું કોર્ન ઓઈલ પ્રાપ્ત થશે.'

આ બાયો ઇથોનેલ પ્લાન્ટથી અંદાજિત વાર્ષિક રૂપિયા 1500 કરોડનું ટર્નઓવર આવશે અને 700 લોકોને રોજગારી મળશે. આ ઉપરાંત ક્રૂડ ઑઈલની આયાત ઘટવાને લીધે ફોરેન એક્સચેન્જમાં દર વર્ષે અંદાજે 70 મિલિયન યુ.એસ. ડૉલર જેટલી બચત થશે અને ખેડૂતોને મોટા પાયે મકાઈની ખરીદી કરવા આવતા તેમની આવકમાં વૃદ્ધિ થશે.

**છેલ્લા ૩ વર્ષમાં ૬ અધિકારી લાંચ લેતા ઝડપાયા**

# ફાયર બ્રિગેડમાં જ લાગી ભ્રષ્ટાચારની 'આગ', કોણ બુઝાવશે ?

- રાષ્ટ્રપતિ ચંદ્રક એવોર્ડ મેળવનાર ગાંધીનગરના ચીફ ફાયર ઓફિસર મહેશ મોડ અને તેમના સાળા લાંચ લેતા ઝડપાયા

ગુજરાત વંદન

ગાંધીનગરના રીજનલ ફાયરઓફિસર મહેશ મોડને લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો દ્વારા રુપિયા પાંચ લાખની લાંચ લેતા રંગે હાથે ઝડપી લેવામાં આવ્યા છે.ફરિયાદી પાસેથી ફાયરનો પ્રિ પ્લાન પાસ કરાવવાના બદલામાં મહેશ મોડે લાંચની માંગણી કરી હતી. જેના આધારે ગાંધીનગરની ફાયરબ્રિગેડની ઓફિસમાં જ એસીબીએ છટકુ ગોઠવ્યુ હતું. મહેશ મોડ વતી તેમનો સાળો પણ મધ્યસ્થી કરતો હતો અને તેણે મહેશ મોઢ વતી લાંચની રકમ સ્વીકારી હતી. ત્યારે એસીબીના દરોડાથી સમગ્ર ગાંધીનગરમાં ચર્ચા જોવા મળી રહી છે.

રાજ્ય સેવાનો એક માત્ર એવો વિભાગ ફાયર બ્રિગેડ કે જે ભ્રષ્ટાચાર મુક્ત હતો પણ હવે તે વિભાગ પણ તેમાંથી બાકાત નથી રહ્યો. કેમ કે લગભગ છેલ્લા ત્રણ વર્ષમાં ફાયર બ્રિગેડ વિભાગના 6 અધિકારીઓ લાંચ લેતા ઝડપાયા છે. જે ઘટના ફાયર બ્રિગેડમાં વધતા ભ્રષ્ટાચારની શાખ પૂરે છે. ફાયર બ્રિગેડ આ નામ પડતા એવું લાગે કે કોઈ આગ કે દુર્ઘટનાની ઘટનાની વાત થતી હશે. પણ અહીં વાત છે ફાયર બ્રિગેડ વિભાગમાં વધતા જતા ભ્રષ્ટાચાર. આ વાત જરા માનવામાં નહિ આવે પણ વાત સાચી છે. કેમ કે, ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કામ કરતા ચીફ ફાયર ઓફિસર અને ગાંધીનગર જિલ્લાના રીજનલ ઓફિસર તેમજ ગુજરાત સ્ટેટ ફાયર પ્રિવેન્શન સર્વિસ ઇન્ચાર્જ ડેપ્યુટી ડાયરેકટર મહેશ મોડ અને તેમના સાળા કમલ ગઢવી પાંચ લાખ રૂપિયા લાંચમાં લેતા ઝડપી પાડયા છે.



### અગાઉ પણ ફાયર બ્રિગેડના અધિકારી લાંચ લેતા ઝડપાયા છે...

અગાઉ પણ ફાયર બ્રિગેડના અધિકારી લાંચ લેતા ઝડપાઇ ચુક્યા છે. ગાંધીનગરના ચીફ ફાયર ઓફિસર લાંચ લેતા પકડવાની આ પહેલી ઘટના નથી. પણ અગાઉ પણ કેટલાક ફાયર અધિકારી લાંચ લેતા ઝડપાયા છે. જેમાં અમદાવાદ. સુરત અને રાજકોટના અધિકારીઓનો સમાવેશ થાય છે. જો અલગ અલગ શહેરના અધિકારીઓની માહિતી જોઈએ તો, અમદાવાદમાં મનીષ મોડ 60 હજારની લાંચ લેતા ઝડપાયા હતા સુરતમાં ત્રણ ઓફિસર લાંચ લેતા ઝડપાયા હતા સુરતમાં લાંચ માંગનારમાં એક નટુભાઈ મોડ જેઓનું બે વર્ષ પહેલાં નિધન થયું તો અન્ય બેમાં ગંભીરદાન બારડ અને ત્રણ દિવસ પહેલા બેચરસિંહ સોલંકી લાંચ લેતા ઝડપાયા હતા તો રાજકોટમાં ફાયર ઓફિસર કિરીટ કોહલી પણ લાંચ લેતા ઝડપાઇ ચુક્યા છે.

આ તમામમાં તાજેતરમાં સુરતના ફાયર ઓફિસર બેચરસિંહ સોલંકી અને રાજકોટના ફાયર ઓફિસર કિરીટ કોહલી લાંચ લેતા ઝડપાયા. જે બાદ આજે ગાંધીનગર ચીફ ફાયર ઓફિસર મહેશ મોડ લાંચ લેતા ઝડપાયા. જે તમામ લોકો એનઓસી આપવા માટે લાંચ લેતા ઝડપાયાનું સામે આવ્યું છે.

### મહેશ મોડને તેમની કામગીરીને લઈને રાષ્ટ્રપતિ ચંદ્રક એવોર્ડ પણ મળ્યો છે

મહેશ મોડને તેમની કામગીરીને લઈને રાષ્ટ્રપતિ ચંદ્રક એવોર્ડ પણ મળ્યો છે. મહેશ મોડ 1997થી 2002 સુધી સુરતમાં ફાયર અધિકારી તરીકે રહ્યા. જે બાદ તેઓની બદલી ગાંધીનગર ખાતે થઈ. જેઓએ તેમની કામગીરી દરમિયાન ધરતીકંપ સહિત વિવિધ કુદરતી આપદામ ઉત્કૃષ્ટ કામગીરી કરી. જેમની કામગીરીને ધ્યાને રાખીને તેઓને 26 જાન્યુઆરી 2013માં રાષ્ટ્રપતિ ચંદ્રક એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

### ૬ અધિકારીમાંથી ૩ અધિકારી એક જ ગામના અને કૌટુંબિક સગા...

એટલું જ નહિ પણ એક એવી પણ માહિતી સામે આવી છે કે તાજેતરમાં લાંચ લેતા પકડાયેલ મનીષ મોડ અને ગાંધીનગરના મહેશ મોડ એકજ ગામના અને કૌટુંબિક સગા થાય છે. તો સુરતના નટુભાઈ મોડ કે જેઓ પણ લાંચમાં પકડાયા હતા જેમનું 2 વર્ષ પહેલાં મરણ થયેલ છે તેઓ પણ કૌટુંબિક સગા છે.

### 'એનઓસી મેળવવી હોય તો વ્યવહારના પાંચ લાખ આપવા પડશે..'

ઘટના એમ હતી કે ફરીયાદીએ ગાંધીનગર ગીફ્ટ સીટી ખાતે રેવા-બિલ્ડીંગ તથા રાયસણ ખાતે અંતરીક્ષ-બિલ્ડીંગમાં ફાયર સેફ્ટીનું કામકાજ કરવા સ્ટેટ ફાયર પ્રિવેન્શન સર્વિસ, ગાંધીનગરની કચેરીમાંથી પ્લાન મંજુર કરાવવા તથા પ્રિ-એન.ઓ.સી મેળવવા અરજી કરેલ, જે અનુસંધાને ફરિયાદીએ ચીફ ફાયર ઓફિસર એવા સ્ટેટ ફાયર એન્ડ સેફટી પ્રિવેન્શન સર્વિસીસના ઇન્ચાર્જ ડેપ્યુટી ડાયરેકટર મહેશ મોડનો કચેરી ખાતે જઈ રૂબરૂમાં સંપર્ક કરતાં ઝડપી એનઓસી મેળવવી હોય તો વ્યવહારના પાંચ લાખ આપવા પડશે તેમ જણાવેલ.

જે લાંચની રકમ ફરીયાદી આપવા માંગતા ન હોય તેઓએ એસીબી સમક્ષ ફરીયાદ આપેલ. જે ફરીયાદીની ફરીયાદના આધારે એસીબીએ લાંચના છટકાનું આયોજન કરતાં ફરિયાદીએ અધિકારી મહેશ મોડને તેઓની કચેરી ખાતે જઈ મળતાં ફરીયાદી સાથે હેતુલક્ષી વાતચીત કરી સાળા કમલ ગઢવી સાથે ઓળખાણ કરાવી લાંચની રકમ આરોપી કમલ ગઢવીને આપવાનું જણાવેલ. જેથી ફરિયાદીએ સાળા કમલ ગઢવીને સ્ટેટ ફાયર પ્રિવેન્શન સર્વિસીસની કચેરી ગાંધીનગરની બહાર પાર્કિંગમાં પોતાની કારમાંથી લાંચની રકમ કાઢી આપતાં અધિકારી મહેશ મોડના મેળાપીપણાંમાં સાળા કમલ ગઢવીએ લાંચની રકમ સ્વીકારી બનેએ એકબીજાની મદદગારી કરી ગુનો કર્યાનું સામે આવ્યું. જેથી એસીબીએ બનેને પકડી કાર્યવાહી કરી.

## મુંબઈના મેયરને પણ સાયન્સ સિટીમાં રસ પડ્યો

ગુજરાત વંદન

કોવિડ મહામારી બાદ ગુજરાત સાયન્સ સિટી નવા આકર્ષણો સાથે ફરી ખૂલ્યું છે. સાયન્સ સિટીને મુલાકાતીઓ, વિદ્યાર્થીઓ, શિક્ષણશાસ્ત્રીઓ અને મહાનુભાવોને આવકરવાનો મોકો મળ્યો છે. ત્યારે 29 જાન્યુઆરીએ ગુજરાત સાયન્સ સિટીને મુંબઈના મેયર કિશોરી પેડલેકર મુલાકાત લીધી હતી. જ્યાં મુલાકાત દરમિયાન ગુજરાત સાયન્સ સિટીના અધિકારીઓએ દ્વારા તેમણે આવકારવામાં આવ્યા હતા.

મુંબઇ મેયર કિશોરી એકવેટિક ગેલેરી ખાતેની જૈવ વિવિધતા તથા 28 મીટર લાંબી શાર્ક ટનલથી પ્રભાવિત થયા હતા. તો સાથે રોબોટિક ગેલેરીના રોબોટ અને તેની ઓટોમેશન ક્ષમતાથી પણ પ્રભાવિત થયા હતા.

નારાણપુરાની યુવતીને વિશ્વામાં લઈ ઉંઝાના યુવકે પ્રેમજાળમાં ફસાવી

# યુવતીને બ્લેકમેઈલ કરનાર યુવક સાયબર ક્રાઈમના સકંજામાં સપડાયા

ગુજરાત વંદન



અમદાવાદની એક યુવતી સોશીયલ મીડિયામાં બ્લેકમેઇલિંગનો ભોગ બની છે. જેમાં ફરિયાદના આધારે સાયબર ક્રાઇમે બ્લેકમેઇલ કરતા યુવકની ધરપકડ કરી છે. પોલીસે ધરપકડ કરેલા જય મેવાડાએ યુવતીને એટલી હદે બ્લેકમેઇલ કરી કે યુવતી માનસિક આઘાતથી પીડાય છે. સોશીયલ મીડિયા પર મિત્રતા વધારવાની સજા મળી છે. જેમાં આ કેસની વિગત મુજબ નારણપુરામાં રહેતી યુવતીએ ઇન્સ્ટાગ્રામમાં જય મેવાડા નામના યુવકના સંપર્ક માં આવી હતી. તેમજ જય મેવાડાએ યુવતીને વિશ્વાસમાં લઈને તેને પ્રેમજાળ માં ફસાવી હતી અને યુવતીના અશ્લીલ વીડિયો મેળવી લીધા હતા અને ત્યાર બાદ યુવતીને બ્લેકમેઇલ કરવાનું શરૂ કર્યું હતું. જેમાં યુવતીના અશ્લીલ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ કરવાની ધમકી આપીને અન્ય યુવતીના અશ્લીલ વીડિયો માંગવીને બ્લેકમેઇલ કરવાનું શરૂ કર્યું. આ બ્લેકમેઇલિંગ થી કંટાળીને યુવતીએ સાયબર ક્રાઇમમાં ફરિયાદ કરતા સાયબર ક્રાઇમે ટેક્નિકલ એનાલિસિસ કરીને આરોપી જય મેવાડાની ધરપકડ કરી છે. જેમાં આરોપી જય મેવાડા ઉંઝાનો રહેવાસી છે. તેમજ યુકેમાં સ્ટુડન્ટ વિઝા પર એન્જીનીયરનો અભ્યાસ કરે છે.. સોશીયલ મીડિયા પર યુવતીઓને પ્રેમજાળમાં ફસાવીને તેમની પાસેથી અશ્લીલ વીડિયો મંગાવીને બ્લેકમેઇલ કરે છે. આ આરોપીએ 6 જેટલા ઇન્સ્ટાગ્રામ પર ફેક એકાઉન્ટ બનાવ્યા છે. આ આઈડી પર તે યુવતીઓનો સંપર્ક કરીને તેની સાથે મિત્રતા કરતો હતો અને અશ્લીલ વીડિયો વાયરલ કરવાની ધમકી આપીને બ્લેકમેઇલ કરતો હતો. સાયબર ક્રાઇમે આરોપી જય મેવાડા ની ધરપકડ કરીને તેનો મોબાઈલ FSLમાં મોકલીને વધુ કાર્યવાહી શરૂ કરી છે. તેમજ આરોપી જય મેવાડાએ સોશિયલ મીડિયા પર કેટલી યુવતીઓના અશ્લીલ વીડિયો મેળવીને બ્લેકમેઇલ કરી રહ્યો છે તે મુદ્દે સાયબર ક્રાઇમે આરોપીની પૂછપરછ શરૂ કરી છે.



તસ્વીર - અશ્વિન સાધુ

અમદાવાદ શહેરને સુશોભિત બનાવવા માટે ઠેરઠેર ચાર રસ્તે કે બાગ-બગીચાની નજીક પાણીના ફૂવારા બનાવવામાં આવે છે જોકે, પાલડી વિસ્તારમાં કચ્છી સમાજની વાડી સામે આવેલ એક ફૂવારો કચરાપેટીમાં ફેરવાઈ ગયો છે. ફૂવારાને બદલે તેમાં કચરો ઉડી રહ્યો છે.

પહેલા પ્રેમ, પછી બ્લેકમેલ...! અને અંતે કરૂણ મોત

# કલોલનો સગીરાનો કાતિલ મુંબઈમાંથી ઝડપાયો

ગુજરાત વંદન



**સગીર પ્રેમિકાનું અપહરણ કરી કેનાલમાં ફેંકી મોતને ઘાટ ઉતારી દીધી હતી...**

કલોલમાં સગીર વયની પ્રેમિકાનું અપહરણ કરી કેનાલમાં ફેંકી દઈ હત્યા કરનાર સનકી પ્રેમીની સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ દ્વારા મુંબઇથી ધરપકડ કરવામાં આવી છે. સગીર પ્રેમિકા અંગત પળોનાં ફોટા વીડિઓ પ્રેમીની પત્નીને બતાવી વાયરલ કરવાની ધમકી આપતી હતી. તેમજ પૈસાની માંગણી કરતા પ્રેમીએ હત્યાના ગુનાને અંજામ આપ્યો હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે.

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકા પોલીસ મથકમાં સગીરાનું અપહરણ - દુષ્કર્મની ફરિયાદ વર્ષ 2021 માં દાખલ થઈ હતી. જેનાં પગલે રેન્જ આઈજી અભય ચુડાસમા અને જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાએ ગુનો ઉકેલી દેવા સ્પેશિયલ ઓપરેશન ગૃપને એક્ટિવ કરવામાં આવી હતી. આ દરમિયાન સગીરાની લાશ મળી આવી હતી. આ ગુનાની તપાસ દરમિયાન પ્રેમીએ જ પ્રેમિકાની હત્યા કરી હોવાનું પ્રકાશમાં આવ્યું છે. આ અંગે સ્પેશિયલ ઓપરેશન ગ્રુપના પીઆઈ સચિન પવારે જણાવ્યું હતું કે, જય ઉર્ફે જયકિશન ઉર્ફે જેકી મનોજભાઇ સવજીભાઇ ચૌહાણ(રહે. રહે. બી-205, ઔડાના મકાન, દાસ્તાન સર્કલ, નરોડા, અમદાવાદ મુળ રહે. ગામ થાવરીયા, તા.જી. જામનગર) તેની પત્નીની બહેનપણીનાં માધ્યમથી સગીરા સાથે સંપર્કમાં આવ્યો હતો. બાદમાં બન્ને વચ્ચે પ્રેમ સંબંધો બંધાયા હતા. જોકે, સમય જતાં સગીર પ્રેમિકા તેને બ્લેકમેલ કરવાં લાગી હતી અને અંગત પળોનાં ફોટા વીડિઓ વાયરલ કરવાની ધમકીઓ આપી પૈસાની માંગણી કરતી હતી. જેથી પ્રેમીએ તેનું અપહરણ કર્યું હતું. આ બનાવ પહેલા તે મુબઈ મહારાષ્ટ્ર ખાતે મોબાઈલની દુકાન ચલાવતો હોવાથી તેમજ અગાઉ ગુજરાત રાજ્યના અલગ અલગ જિલ્લાઓમાં હથિયારના કેસોમાં, હનિટ્રેપના કેસો તેમજ વિદેશી દારૂની હેરાફેરીના કેસોમાં પકડાયેલ હતો. તેમજ પોતે મુબઈ તથા ગુજરાત ખાતે દેહવ્યાપારના ધંધા સાથે સંકડાયેલો હોવાથી રીઢો ગુનેગાર હોવાનું બહાર આવ્યું હતું. આ દરમિયાન જય ઉર્ફે જયકિશન ઉર્ફે જેકી વિશે મહત્વની કડી મળી આવી હતી. જેમાં તે તેની મોટી બહેનના ઘરે અવાર નવાર આવતો હોવાની બાતમી હકિકત આધારે એક ટીમ બનાવી મુબઈ ખાતે જઈ વોચ ગોઠવી દેવાઈ હતી.

જોકે, તે રીઢો ગુનેગાર હોવાથી અને ઘણીવાર પોલીસને ચકમો આપીને નાસી છુટવાની ટેવવાળો હોવાથી ભાયન્દર ઈસ્ટ, મુબઈ ખાતેની સ્થાનિક પોલીસની મદદ લઈ જય ઉર્ફે જયકિશનને ઝડપી લેવાયો હતો.

મહાત્મા ગાંધી નિર્વાણ દિને

## કુબેરનગરમાં આપના કાર્યકરોએ સફાઈ કરી અને માસ્કનું વિતરણ કર્યું



ગુજરાત વંદન

30 જાન્યુઆરીએ રાષ્ટ્રીય પિતા મહાત્મા ગાંધીના નિર્વાણ દિવસ નિમિત્તે આમ આદમી પાર્ટીના કાર્યકારોએ કુબેરનગર વિસ્તારમાં ગાંધી બાપુને શ્રદ્ધાંજલિ સફાઈ કામ કરી અને લોકોને કોરોનાના જાગૃતિ કરી માસ્કનું વિતરણ કર્યું. આગામી દિવસોમાં ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીઓ નજીક આવી રહી છે.

ત્યારે ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટી આમ આદમી પાર્ટીથી ગભરાઈ રહી છે. લોકો પણ હવે કેજરીવાલને પસંદ કરી રહ્યા છે. આપ પાર્ટી ગુજરાતમાં પોતાનો પગ પેસરો કરી રહી છે. લોકોમાં જાગૃતિ લાવવા માટે આપ પાર્ટીએ કમર કસી રહી છે.

વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને હરાવવાનો નીર્ધાર કર્યું છે. પાર્ટીના કાર્યકરો હવે પોતાના વિસ્તારમાં જોર શોર થી પ્રચાર કરી રહ્યા છે. ગઈકાલે કુબેરનગર વોર્ડના પ્રમુખ જ્યેન્દ્ર અભવેકર ,મહિલા પ્રમુખ રીંકુબેન સીંધાનિયા, ઉપ પ્રમુખ અનિકેત ઘાસી, સંગઠન મંત્રી ગીતાબેન સુંદરવા અને બલરામ સીંધાનિયા સહિતના કાર્યકરો હાજર રહી લોકોમાં જાગૃતિ ફેલાવી હતી.

## સાહિત્ય પરિષદની વૃક્ષછેદન કામગીરી સામે પરિષદના જ સભ્યે ઉઠાવ્યાં સવાલો

ગુજરાત વંદન





રાજ્યની સાહિત્ય ક્ષેત્રની જાણીતી સંસ્થા ગુજરાતી સાહિત્ય પરિષદ વિવાદમાં આવી છે. પરિષદના એક કારોબારી સભ્ય હેમાંગ રાવલે પરિષદ દ્વારા પટાંગણમાં વર્ષોથી ઉગેલા વૃક્ષો કાપવાની બાબતે સવાલો કર્યા છે. તેમના સવાલો આ મુજબ છે..

- પરિષદના પટાંગણમાં જે વૃક્ષોનું ગેરકાયદેસર નિકંદન થયું છે તે આપની જાણમાં છે?

- કાયદા મુજબ આરક્ષિત વૃક્ષ કાપવા માટે સંબંધિત અધિકારીની મજ મંજૂરી રહે છે. શું આપે આ પ્રકારની મંજૂરી લીધેલ છે/હતી ?

- આ કપાયેલા ઝાડના લાકડા ક્યાં વેચાણ કરવામાં આવ્યા અને તેની કેટલી ઉપજ આવી?

- કર્મચારીગણનું કહેવું છે કે કીર્તિદા બહેનના આદેશથી/ કહેવાથીઆ ઝાડ કાપવામાં આવ્યા છે આ બાબતે આપ ખુલાસો કરશો?

- ઉપરિક્ત ઝાડ કાપવાની બાબતે મધ્યસ્થ સિમિત કે કારોબારીમાં કોઈ ઠરાવ કરવામાં આવેલ છે?

તેમણે વધુમાં કહ્યું કે પરિષદના કપાયેલા ઝાડ જોઈને આજે મન ભરાઈ આવ્યું છે અને ખુબજ દુઃખી અને વ્યથિત છું મુખ્ય વહીવટી અધકારી તરીકે આ બાબતે સૌ પ્રથમ જવાબદારી મહામંત્રીશ્રીની બને છે માટે આ પ્રકારની ગુનાહિત બેદરકારી કરનાર સામે જલ્દીથી પગલાં લેવામાં આવે તથા આ બનાવની જાણ કલેકટર અમદાવાદને અને ચેરિટી કમિશનરને સત્વરે કરવામાં આવે તેવો નમ્ર અનુરોધ છે.

## દશેલા ગામના તળાવમાં દૂષિત પાણી ભળી જવાથી હજારો માછલીનાં મોત

ગુજરાત વંદન



ગાંધીનગર તાલુકાના દશેલા ગામમાં આવેલા તળાવમાં હજારો માછલીઓના મોત થયા છે. અહીં ગામના વચ્ચે અંદાજે 35 હજાર ચોરસફૂટનું 200 ફૂટ ઉંડુ તળાવ આવેલું છે. જેમાં દુષિત પાણીના પગલે છેલ્લા બે દિવસમાં હજારો માછલીઓના મોત થયા હોવાનું સામે આવ્યું છે.

ગામના લોકોની ફરિયાદ મુજબ અહીં અઢી-3 વર્ષ પહેલાં વરસાદના પાણીના નિકાલ માટે સરકારની યોજના દ્વારા લાઈનની વ્યવસ્થા કરવામાં આવી. પરંતુ વરસાદી પાણીની લાઈનમાં અનેક લોકોએ ઘરની ગટરલાઈન જોડી દીધી હોવાનું કહેવાય છે. જેને પગલે બે-ત્રણ વર્ષથી તળાવના ચોખ્ખા પાણીમાં સાબુનું પાણી સહિતના કચરો ઠલવાય છે. જેમાં ઘણીવાર પાણીનું પ્રદુષણ વધી જતાં તળાવમાં રહેલાં જીવો મોતને ભેટે છે.

તળાવમાં ગટરના ગંદા પાણીને પગલે જળચર તેમજ આજુબાજુની પ્રકૃતિ નુકસાન પહોંચે છે. ત્યારે તળાવમાં હજારો માછલીઓ મોતને ભેટી છે. ત્યારે તંત્ર દ્વારા આ દિશામાં વહેલી તકે પગલાં લઈને વધતું પાણીનું પ્રદુષણ રોકીને જવાબદારો સામે પગલાં લેવા માંગ ઉઠી છે. ચિલોડા થી સાદરા તરફ જવાના માર્ગ પર આવેલ દશેલા ગામમાં આ દૂષિત પાણીથી હજારો માછલીઓએ જીવ ગુમાવવાનો વારો આવ્યો છે. આ પરિસ્થિતિ સર્જાઈ છે કેમિકલયુક્ત દૂષિત પાણીથી, ગામના લોકોએ પોતાના અંગત વપરાશના પાણીનું કનેકશન પણ વરસાદી પાણીની લાઇનમાં જોડી દેતા દૂષિત પાણી ગામના તળાવમાં ભરાયું હતું. દશેલા ગામમાં ૩૫ હજાર ચોરસ ફૂટનું અને આશરે ૨૦૦ ફૂટ ઊંડુ તળાવ આવેલું છે. જ્યાં આશરે ત્રણેક વર્ષ પહેલા વરસાદના પાણીના નિકાલ માટે સરકારની યોજના અંતર્ગત ગટરલાઈનની અલાયદી વ્યવસ્થા કરવામાં આવી હતી. પરંતુ સ્થાનિકોએ પોતાની અંગત સુવિધા માટે ઘરની ગટરલાઈનનું જોડાણ આ વરસાદી પાણીના નિકાલની લાઇનમાં જોડી દીધું હતું. સતત બે-ત્રણ વર્ષથી આ મોટા તળાવના ચોખ્ખા પાણીમાં સાબુના દ્રાવણનુ પાણી તેમજ અન્ય પ્રવાહી કચરો આ ગટરલાઇન દ્વારા આ તળાવમાં ઠાલવવામાં આવે છે. જેને કારણે બે વર્ષથી જળચર પ્રાણીઓ તેમજ આજુબાજુની પ્રકૃતિને અને પર્યાવરણને ખુબ જ નુકસાન થઈ રહ્યું છે.

**તંત્ર દ્વારા વહેલી તકે પગલાં લઈ પ્રદુષણ રોકીને જવાબદારો સામે પગલાં લેવા માંગ**

# ગિફ્ટ સિટીમાં બનશે વર્લ્ડ ક્લાસ ફિનટેક યુનિવર્સિટી

ઈન્ટરનેશનલ આર્બિટેશન સેન્ટર પણ સ્થપાશે, નિર્મલા સીતારમણની જાહેરાત



ગુજરાત વંદન

વર્ષ 2022-23ના કેન્દ્ર સરકારના બજેટમાં ગુજરાતને લઇને એક મહત્વની જાહેરાત કરવામાં આવી હતી. ગાંધીનગર ગિફ્ટસિટીમાં વર્લ્ડ ક્લાસ ફિનટેક યુનિવર્સિટી બનાવવામાં આવશે. જે ફિનટેક-ટેક્નિકલ અને મેનેજમેન્ટ કોર્સ ઓફર કરી શકશે. તેમજ ઇન્ટરનેશનલ આર્બિટેશન સેન્ટર પણ શરુ કરવામાં આવશે. આથી હવે ગિફ્ટ સિટી ફાયનાન્સની સાથે સાથે શિક્ષણક્ષેત્રે પણ મહત્વનુ યોગદાન આપશે

વર્લ્ડ ક્લાસ ફોરેન યુનિવર્સિટી ગાંધીનગરના ગિફ્ટ સિટીમાંથી ફિનટેક-ટેક્નિકલ અને મેનેજમેન્ટ કોર્સ ઓફર કરી શકશે. ગિફ્ટ સિટી એક ફાઇનાન્સ ટેક સિટી તરીકેની ઓળખની સાથે હવે અભ્યાસના કેન્દ્ર પણ ગિફ્ટ સિટીમાં સ્થપાશે. આમ, ડોમેસ્ટિક રેગ્યુલેશન મુક્ત નવી યુનિવર્સિટી કે ઇન્સ્ટિટ્યૂટ ગિફ્ટ સિટીમાં કાર્યરત થઇ શકશે.

### ઓથોરિટીની મદદથી ઝડપી વિવાદ ઉકેલ આવી શકે

નાણામંત્રીના જણાવ્યા મુજબ, ઇન્ટરનેશનલ જુરિસ્ડિક્શનમાં આવતા કેટલાક વિવાદનો સમયસર ઉકેલ લાવવા ગિફ્ટ સિટીમાં આંતરરાષ્ટ્રીય આર્બિટેશન સેન્ટર શરૂ કરાશે, જેને પગલે ગિફ્ટ સિટીના આઇએફએસસીમાં સ્થપાયેલી કંપનીઓ સાથે જો કોઇ વિવાદ થાય તો આ ઓથોરીટિની મદદથી ઝડપી વિવાદ ઉકેલ આવી શકે છે

### ટેક્નોલોજી-ફાઈનાન્સને લગતા અભ્યાસમાં થશે ફાયદો

દો મળશે. તો આર્બિટેશન સેન્ટર શરુ થવાથી કામગીરી અટકી પડવાને પગલે જે-તે વિવાદ કે નવી બાબત આવે તો એનો ઓથોરિટીથી ઉકેલ લાવી શકશે. ઇન્ટરનેશલ આર્બિટેશન સેન્ટર શરૂ થવાને પગલે ફોરેન કંપનીઓને ગિફ્ટમાં તેમના યુનિટ સ્થાપવામાં પ્રોત્સાહન મળશે.

ઇન્ટરનેશનલ આર્બિટેશન સેન્ટર શરૂ થવાને પગલે ફોરેન કંપનીઓને ગિફ્ટમાં તેમના યુનિટ સ્થાપવામાં પ્રોત્સાહન મળશે.

ભારત સરકાર સાયન્સ ટેક, એન્જિનિયરિંગ અને મેથેમેટિક્સ-સ્ટેમને તેની શિક્ષણ પોલિસીમાં અમલમાં મૂકવાની જાહેરાત કરી છે, ત્યારે નિર્મલા સીતારમણે બજેટ 2022-23 દરમિયાન ગાંધીનગરમાં ફિનટેક, સાયન્સ, ટેક, એન્જિનિયરિંગ અને મેથેમેટિક્સ ક્ષેત્રે નવી યુનિવર્સિટીઝ અને ઇન્સ્ટિટ્યૂટ ગિફ્ટ સિટીમાં સ્થપાશે એવી જાહેરાત કરી છે, જેને પગલે ફિનટેક અને સાયન્સ ટેક્નોલોજી પર ભાર મૂકવામાં આવશે.

વધુમાં કેન્દ્રીય નાણાપ્રધાન નિર્મલા સીતારમણે જાહેરાત કરી હતી કે ઇન્ટરનેશનલ જુરિસ્ડિક્શનમાં આવતા કેટલાક વિવાદનો સમયસર ઉકેલ લાવવા ગિફ્ટ સિટીમાં આંતરરાષ્ટ્રીય આર્બિટેશન સેન્ટર શરૂ કરાશે, જેને પગલે ગિફ્ટ સિટીના આઇએફએસસીમાં સ્થપાયેલી કંપનીઓ સાથે જો કોઇ વિવાદ થાય તો આ ઓથોરીટિની મદદથી ઝડપી વિવાદ ઉકેલ આવી શકે છે.



તસ્વીર - અશ્વિન સાધુ

**જીવના જોખમે :** અમદાવાદના કાંકરિયા તળાવ પાસે આવેલા નેટવર્ક ટાવરનું સમારકામ કર્મચારી જીવનું જોખમ ખેડી કામ કરે છે તે આ તસ્વીરમાં જોવા મળી રહ્યું છે.



તસ્વીર - અશ્વિન સાધુ

અમદાવાદ એરપોર્ટના કોતરપુરના છેડે વિમાન જ્યારે ખૂબ નીચી ઉંચાઈ આવે કે પહોંચે ત્યારે ત્યાં ઉડતા પક્ષીઓને કારણે બર્ડ હિટનું જોખમ રહેતુ હોય છે. તસ્વીરમાં વિમાનથી થોડેક દુર એક પક્ષી જણાય છે.

# ગુજરાત વંદન

સંપાદકીય...

## શ્રી મુકેશભાઈને એક માનવીય અપીલ...

આદરણીય શ્રી મુકેશભાઈ,

જય શ્રી કૃષ્ણ. આશા છે આપ અને સમગ્ર પરિવાર ક્ષેમકુશળ હશો. ઉદ્યોગ અને સાહસ ગુજરાતીઓના લોહીમાં છે. સાહસિક ગુજરાતીઓ અમેરિકા સહિત દુનિયાના ખૂણે ખૂણે જઇને વસ્યા છે. આવા જ એક સફળ ગુજરાતી ઉદ્યોગપતિ તરીકે તમો રિલાયન્સના માલિક મુકેશભાઇ અંબાણી છો. આપના પિતા ધીરૂભાઇ અંબાણી ગુજરાતના સૌરાષ્ટ્રના ચોરવાડના વતની હતા. ધીરૂભાઇ આજે નથી પણ તેમના ઉદ્યોગ સાહસના પ્રતિક સમાન રિલાયન્સ રિફાઇનરી ગુજરાતના જામનગરની હાલારી ધરતી પર સ્થિત છે અને ત્યાં ક્રૂડ ઓઈલમાંથી પેટ્રોલ-ડીઝલ સહિત અન્ય પ્રોડક્ટ બનીને બજારમાં પહોંચે છે અને તેમાંથી સારી એવી કમાણી થાય છે. છેલ્લા ત્રિમાસિક ગાળામાં રિલાયન્સની કુલ કમાણી 20 હજાર કરોડ કરતા વધારે થઈ છે જે એક સારી બાબત છે અને રિલાયન્સ તેમાં ઉત્તરોતર પ્રગતિ કરે, વધારો થાય તેમ ગરવી ગુજરાત ઈચ્છે છે...

રિલાયન્સને 1990ના દાયકામાં જામનગરમાં રિફાઈનરી માટે રહાત દરે હજારો હેકટર જમીન ફાળવવામાં આવી અને સાથે તમામ કરવેરા પણ રાહતો મળી હતી જેના પગલે જામનગર નજીક એક મિનિનગર ત્યાં વિકસ્યુ છે. રિલાયન્સ દ્વારા હજુ પણ રિફાઈનરીની આસપાસ સોલાર ઉર્જા માટે જગ્યા જોઈએ છે અને ફાળવવામાં આવી હશે. વિદેશમાં રહેતા કોઈ એનઆરઆઈ માદરે વતન આવીને દાન કરતા હોય છે. સંતોષની લાગણી વ્યક્ત કરતા હોય છે.

રિલાયન્સના સર્વેસર્વા તરીકે આપ ભારતના એશિયાના સૌથી ધનિક વ્યક્તિ છો. તમો દુનિયાના સૌથી ધનિક વ્યક્તિ બનો એવી ગરવી ગુજરાતની અભિલાષા છે પણ સાથોસાથ ગરવી ગુજરાતની એક એવી લાગણી છે કે શ્રી મુકેશભાઈ, શું તમે ગુજરાતમાં ગરીબો માટે 500 કરોડ કે, 1000 હજાર કરોડના ખર્ચે અતિઆધુનિક હોસ્પિટલનું નિર્માણ ન કરી શકો?

શ્રી મુકેશભાઈ, 500 કરોડની રકમ તો રિલાયન્સ માટે સાવ સામાન્ય છે એના કરતા વધારે રકમ તો રિલાયન્સ ઈલેક્ટોરલ બોન્ડમા આપે છે. ગુજરાતની ધરતીમાંથી તમને ગુજરાતના કુદરતી સંસાધનોમાંથી કરોડો-કરોડો રૂપિયાની કમાણી થાય છે ત્યારે ગરવી ગુજરાત તમારા પ્રત્યે એટલી તો આશા રાખી શકે કે ગુજરાતમાંથી કમાવ્યું અને તેમાંથી ગુજરાતને આપ્યું... રિલાયન્સ ગુજરાતમાં કોઈ સિનેમાગૃહ સ્થાપે એમ ઈચ્છતુ નથી. ગુજરાત ઈચ્છે કે જ્યારે રિલાયન્સને ગુજરાતમાંથી મળી રહ્યું છે તો તેમાંથી ફૂલ નહીં તો ફૂલની પાંખડી માનવતાના ધોરણે મળે તેમાં કાંઈ ખોટુ નથી. રિલાયન્સ દ્વારા અતિઆધુનિક હોસ્પિટલ મુંબઈમાં બનાવવામાં આવી છે. રિલાયન્સને મુંબઈમાંથી શું મળે છે એ તો તમો જાણો પણ રિલાયન્સની મુખ્ય કમાણી જામનગરની રિફાઈનરીમાંથી થાય છે એ જગજાહેર છે, ત્યારે ગુજરાતનો રિલાયન્સ પર એટલો હક્ક તો ખરો કે રિલાયન્સ ગરીબો માટે ગુજરાતમાં કોઈ સારી હોસ્પિટલ બનાવે અને ત્યાં ગરીબોને અતિઆધુનિક સારવાર વિના મૂલ્યે અથવા રાહતના દરે મળી શકે. થોડું લખ્યુ ઝાઝુ વાંચજો.

લિ. ગરવી ગુજરાત

### આસ્થા-ધર્મ

## ગુરૂવારે ભગવાન વિષ્ણુની પૂજા કરતી વખતે ન કરો આ ભૂલ, નહીંતર ...



હિન્દુ ધર્મમાં ગુરુવારનો દિવસ ભગવાન વિષ્ણુની ઉપાસના માટે ખૂબ જ વિશેષ માનવામાં આવે છે. એવું કહેવામાં આવે છે કે ભગવાન વિષ્ણુ ભક્તોની બધી ઇચ્છાઓને પૂર્ણ કરે છે જેઓ તેમની નિષ્ઠાપૂર્વક પૂજા કરે છે. હિન્દુ શાસ્ત્ર મુજબ ગુરુવારે ભગવાન વિષ્ણુની વિધિવત પૂજા કરવાથી જીવનની બધી સમસ્યાઓથી મુક્તિ મળે છે. વિષ્ણુજીની પૂજા કરવાથી ધનની સાથે સાથે વૈવાહિક જીવનમાં સુખ શાંતિ પણ આવે છે. તમને જણાવી દઈએ કે ભગવાન વિષ્ણુને પીળા રંગના કપડાં ખૂબ પસંદ છે. જો તમે ભગવાન વિષ્ણુની ઉપાસના કરો છો, તો તે દિવસે પીળા કપડા પહેરો. ભગવાન વિષ્ણુની પૂજા કરવાથી તમામ કાર્ય સફળ થાય છે. બાબતો છે જેને ભૂલી ન શકાય. ભગવાન વિષ્ણુની પૂજા કરતી વખતે આ બાબતોનું ધ્યાન રાખો.

**કેળાનું સેવન ન કરો**

જો તમે ગુરુવારે ભગવાન વિષ્ણુની પૂજા કરો છો, તો તે દિવસે કેળાનું સેવન ન કરવું જોઈએ. હિન્દુ ધર્મ અનુસાર, કેળાના ઝાડમાં ભગવાન વિષ્ણુનો વાસ માનવામાં આવે છે. આવી સ્થિતિમાં ગુરુવારે તેને ખાવાનું ટાળો.

**પીળી વસ્તુઓનું દાન કરો**

ગુરુવારે ભગવાન વિષ્ણુની પૂજા કર્યા બાદ ભગવાનને ગોળ, પીળા કપડા, ચણાની દાળ અને કેળા ભગવાનને ચઢાવીને કોઈ ગરીબ વ્યક્તિને દાન કરો.

**ચોખા અથવા ખીચડીનું સેવન ન કરો**

ગુરુવારે ભગવાન વિષ્ણુની પૂજા કર્યા પછી પીળો ખોરાક જ લો. આનાથી ભગવાન વિષ્ણુ પ્રસન્ન થાય છે. આ દિવસે ભૂલથી પણ કાળી દાળની ખીચડી અને ભાત ન ખાવ.

**ગાયને રોટલી ખવડાવો**

શાસ્ત્રો અનુસાર ગુરુવારે ગાયને રોટલી અને ગોળ ખવડાવવાથી બધી પરેશાનીઓ દૂર થાય છે અને ઘરમાં સુખ-સમૃદ્ધિ આવે છે.

**વાળ અને નખ કાપશો નહીં**

હિંદુ ધર્મ અનુસાર ગુરુવારે નખ અને વાળ કાપવાથી ગુરુ નબળો પડે છે.

### ભારતનાં ટોચના દાનેશ્વરી સપડાયા ભ્રષ્ટાચારના કેસમાં...

# અઝીમ સામે ૯ હજાર કરોડ.., સહારાશ્રી સામે ૫૦ હજાર કરોડની 'ગેરરીતિ'નાં આરોપો...

- ૯ હજાર કરોડના શેર પોતાના ટ્રસ્ટમાં તબદીલ કર્યા..
- જેલ જઇ આવેલા સહારાશ્રીની કુંડળીમાં ફરી જેલયોગ..?
- ૫૦ હજાર કરોડ ઉઘરાવ્યાં પણ પરત ન આપ્યાની ફરિયાદ..
- સંભવિત હેડલાઇન-અઝીમ પ્રેમજીની ભ્રષ્ટાચારના કેસમાં ધરપકડ..!



અઝીમ સામે 9 હજા 76 વર્ષના ઉદ્યોગપતિ કે જેમણે આઇટી સેકટરમાં કાઠુ કાઢ્યું છે અને ભારતના ટોચના દાનેશ્વરીઓમાં સ્થાન ધરાવનાર એવા વિપ્રોના ચેરમેન અઝીમ પ્રેમજીને સ્વપ્ને ખ્યાલ નહીં હોય કે આ ઉંમરે તેમની સામે અને તેમનાં પત્નીની સામે કથિત ગૂનાઇત વિશ્વાસઘાત અને ભ્રષ્ટાચાર બદલ બે અલગ અલગ ફોજદારી કેસ નોંધવામાં આવ્યા..

બીજી તરફ આપમેળે અપાયેલા નામ "સહારાશ્રી"ના નામે જાણીતા સુબ્રતોરોયની ત્રણ કંપનીઓ સામે 50 હજાર કરોડ ઉઘરાવીને રોકાણકારોને પરત નહીં આપવા બદલ સુપ્રિમ કોર્ટમાં સિરિયસ ફ્રોડ ઇન્વેસ્ટીગેશન ઓફિસ(એસએફઆઇઓ) દ્વારા જાણ કરીને તેમની સામે તપાસની માંગણી કરવામાં આવી છે.... સુબ્રતોરોયે સેલેબ્રીટીઓ કરતાં સમાજને કેટલુ દાન આપ્યુ છે એ તો તેઓ જ જાણે પણ વિપ્રોના અઝીમ પ્રેમજીએ આપેલા દાનની નોંધ સૌ કોઇએ લીધી છે.

અઝીમ પ્રેમજી સામે કેસ નોંધવા બેંગ્લુરુની એક કોર્ટે આદેશ આપ્યો છે. ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ (પીસીએ) હેઠળ વિશેષ ન્યાયાધીશ લક્ષ્મીનારાયણ ભાટની નોંધ પ્રમાણે, અઝીમ પ્રેમજી, તેમનાં પત્ની અને પીવી શ્રીનિવાસન વિરુદ્ધ ભ્રષ્ટાચારનો પ્રથમ દૃષ્ટિએ કેસ બને છે... અઝીમ પ્રેમજી અને અન્યો વિરુદ્ધ એક નોન-પ્રોફિટ સંસ્થા(એનજીઓ) ઈન્ડિયા અવેક ફોર ટ્રાન્સપરન્સ દ્વારા કરાયેલી ફરિયાદના આધારે આ આદેશ આપવામાં આવ્યો છે.

બેંગ્લુરુ કોર્ટના નિર્દેશો મુજબ, વિપ્રોના સ્થાપક અને ચેરમેન અઝિમ પ્રેમજી અને અન્યો સામે કથિત વિશ્વાસભંગ તથા ભ્રષ્ટાચાર બદલ બે અલગ અલગ ફોજદારી કેસ નોંધાશે... પ્રેમજી, તેમનાં પત્ની અને પીવી શ્રીનિવાસન સામે પ્રથમદર્શી પુરાવા પરથી



તેમની સામે ફોજદારી કેસ બને છે. અર્થાત ફોજદારી કેસ હોવાથી ટૂંક સમયમાં અઝીમ પ્રેમજી અને તેમના પત્નીની ધરપકડ પણ થઇ શકે.... સિવાય કે તેઓ ધરપકડ રોકવા કોઇ આગોતરી કાયાદાકીય કાર્યવાહી કરે તો...

બેંગ્લુરુ કોર્ટના નિર્દેશો મુજબ, વિપ્રોના સ્થાપક અને ચેરમેન અઝિમ પ્રેમજી અને અન્યો સામે કથિત વિશ્વાસભંગ તથા ભ્રષ્ટાચાર બદલ બે અલગ અલગ ફોજદારી કેસ નોંધાશે... પ્રેમજી, તેમનાં પત્ની અને પીવી શ્રીનિવાસન સામે પ્રથમદર્શી પુરાવા પરથી તેમની સામે ફોજદારી કેસ બને છે. અર્થાત ફોજદારી કેસ હોવાથી ટૂંક સમયમાં અઝીમ પ્રેમજી અને તેમના પત્નીની ધરપકડ પણ થઇ શકે.... સિવાય કે તેઓ ધરપકડ રોકવા કોઇ આગોતરી કાયદાકીય કાર્યવાહી કરે તો... કોર્ટ આદેશમાં જણાવાયું છે કે તેમની સમક્ષ મૂકાયેલા રેકોર્ડમાં દર્શાવાયેલી સામગ્રીથી જાણવા મળે છે કે આરોપી ક્રમાંક ૧થી ૩ એટલે કે પ્રેમજી, તેમના પત્ની અને શ્રીનિવાસન લોક કર્તવ્યનું પાલન કરી રહ્યા હતા. તેથી તેઓ લોકસેવક (પબ્લીક સર્વન્ટ) છે. અને લોકસેવક હોવાથી પીસી કાયદાની કલમ ૧૩(૧)(ડી) અને આઈપીસીની કમલ ૩૪ સાથે સેક્શન ૪૦૯ અને ૧૨૦બી હેઠળ દંડનીય ગૂના માટે બંને ફરિયાદોમાં આરોપીઓ વિરુદ્ધ કાર્યવાહી કરવા માટે પર્યાપ્ત સામગ્રી છે. ફરિયાદમાં એવો પણ આક્ષેપ કરાયો છે કે અઝીમ પ્રેમજી અને અન્યોએ વિદ્યા ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ટ્રેડિંગ કંપની પ્રા. લિ., રીગલ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ટ્રેડિંગ કંપની પ્રા. લિ. અને નેપીયન ટ્રેડિંગ એન્ડ ઈન્વેસ્ટમેન્ટ કં. પ્રા. લિ.માં ડિરેક્ટર્સ તરીકે તેમના પદનો દુરુપયોગ કર્યો. આ ત્રણ કંપનીઓના કબજા હેઠળના વિપ્રોના રૂ. ૯,૨૬૦.૧૮ કરોડના મૂલ્યના ૨૧.૩ કરોડ ઈક્વિટી શૅર અઝીમ પ્રેમજી ટ્રસ્ટને ટ્રાન્સફર કર્યા...એટલે લોકોના નાણાં ઘરના ટ્રસ્ટમાં નાંખ્યા, ઘી ઢોળાયુ તો ખીચડીમાં પણ અહીં ઘી પ્રેમજીનું નથી પણ એનજીઓના દાવા પ્રમાણે ઘી લોકોના પૈસાનું છે...અને પ્રેમજીએ પોતાની ખીચડીમાં-ટ્રસ્ટ-માં રેડ્યું...:? અન્ય શબ્દોમાં કહીએ તો અઝીમ પ્રેમજીએ લોકસેવકની વ્યાખ્યામાં આવીને 9 હજાર કરોડની ગેરરીતિ આચરી કહેવાય...અખબારી ભાષામાં કહીએ તો 9 હજાર કરોડનું કૌભાંડ કર્યું....એમ કોર્ટને પ્રાથમિક રીતે લાગ્યું છે. કોર્ટના આ આદેશની સામે અઝીમ કાયદાકીય લડત આપશે જ. પણ કોર્ટ સમક્ષ ઉપલબ્ધ પુરાવાએ હાલમાં તો તેમની છબીને કલંક લગાડે છે..!

એનજીઓ સાચી કે અઝીમ પ્રેમજી એ તો હજુ દૂધનું દૂધ અને પાણીનું પાણી થશે ત્યારે સમજાશે પણ હાલમાં દાનવીર અઝીમ ભ્રષ્ટાચારના કેસમાં આરોપી તો બની જ ગયા છે.

એક અન્ય છે સહારાશ્રી. અઝીમની જેમ ઉદ્યોગપતિ નથી. મલ્ટીસ્ટાર..મલ્ટી બિઝનેસીસના વેપારી છે. તેમની સામે અગાઉ રોકાણકારોના 20 હજાર કરોડ પરત નહીં આપવા બદલ કડકમાં કડક કાર્યવાહી થયેલી છે. પોતે બધુ ચુકવી દીધુ અને નિર્દોષ છે એમ કહીને તેમની ત્રણ કંપનીઓ સહારા ક્યુ શોપ યુનિક, સહારા ક્યુ ગોલ્ડ માર્ટ અને સહારા હાઉસિંગ ઇન્વેસ્ટમેન્ટ દ્વારા અનુક્રમે 14 હજાર, 17,500 હજાર કરોડ અને 19,400 હજાર કરોડ મળીને અંદાજે 50 હજાર કરોડ ઉઘરાવી લીધા અને રોકાણકારોને તેમના નાણાં પરત મળ્યા નથી એવી રજૂઆત સુપ્રિમ કોર્ટમાં સિરિયસ ફ્રોડ ઇન્વેસ્ટીગેશન ઓફિસ(એસએફઆઇઓ) વતી સોલીસીટર જનરલ તુષાર મહેતાએ કરી છે. કોર્ટમાં સુનાવણી વખતે સહારાશ્રી પોતાનો પક્ષ રજૂ કરશે ત્યારે સાર્વજનિક થશે કે ખરેખર મામલો શું છે. પણ હાલમાં એવુ જ ચિત્ર બને છે કે અગાઉની જેમ રોકાણકારો પાસેથી ઉઘરાવ્યાં અને પરત ન આપ્યાં...મામલો સુપ્રિમમાં અને રજૂઆત સોલીસીટર જનરલ કરે ત્યારે સહારાની કંપનીઓમાં દયા, કુછ તો ગરબડ હૈ. સુબ્રતોરોય તો મહિનાઓ સુધી જેલમાં જઇ આવ્યાં...ફરી જેલ જાય તો તેમને વાંધો નહીં આવે પણ વિપ્રોના અઝીમ પ્રેમજીને જેલમાં જવાનો વારો આવે તો...? જાણીતા દાનવીર અઝીમ પ્રેમજીની ભ્રષ્ટાચારના કેસમાં ધરપકડ.....! એવા સમાચારો અખબારોમાં જોવા મળે તો..? મજા તો એ છે કે અગાઉ કર્ણાટક હાઈકોર્ટે અઝીમ પ્રેમજી વિરુદ્ધ એક જ કેસમાં અનેક ફરિયાદો દાખલ કરવા બદલ આ જ એનજીઓ અવેક ફોર ટ્રાન્સપરન્સીના બે વકીલોને ગુનાઈત અવમાનના બદલ દોષિત ઠેરવીને જેલ મોકલી દીધા હતા....!.

> બેંગ્લુરુ કોર્ટના નિર્દેશો મુજબ, વિપ્રોના સ્થાપક અને ચેરમેન અઝિમ પ્રેમજી અને અન્યો સામે કથિત વિશ્વાસભંગ તથા ભ્રષ્ટાચાર બદલ બે અલગ અલગ ફોજદારી કેસ નોંધાશે. પ્રેમજી, તેમનાં પત્ની અને પીવી શ્રીનિવાસન સામે પ્રથમદર્શી પુરાવા પરથી તેમની સામે ફોજદારી કેસ બને છે. અર્થાત ફોજદારી કેસ હોવાથી ટૂંક સમયમાં અઝીમ પ્રેમજી અને તેમના પત્નીની ધરપકડ પણ થઈ શકે. સિવાય કે તેઓ ધરપકડ રોકવા કોઈ આગોતરી કાયદાકીય કાર્યવાહી કરે તો...

# અબરખના તેજ પાછળનું અંધારૂ...!!

> અભિમાન અને અહમમાં રાચનાર માણસ કોઈનેય પંસદ નહીં પડે, સાલસ અને સૌમ્ય માણસ સદૈવ દિલમાં જ સ્થાન ધરાવે છે.

જીવનના અંતરિક્ષમાં સૂર્યોદય થાય ત્યારે માણસની ભીતરમાં પણ આશાનું અજવાળું થવું જોઈએ. સૂર્યોદય જ્યારે સુખનો હોય ત્યારે કોઈને અંધારા ખૂણા તરફ જવાનું ગમતું નથી. નિબિડ અંધારાનું પણ સત્ય સમજવું જોઈએ, અંધારૂ જ તમને અજવાળાંનો પરિચય કરાવે છે. અજવાળું જો સુખનું હોય તો, દુ:ખના અંધારાને પણ 'થેન્કયુ સો મચ' કહી દો, સુખના અજવાળાં તરફ જવાની કેડી જ દુ:ખના અંધારાએ સૂચવી છે.

પસાર થયેલા વર્ષો તરફ પણ માણસે નજર ફેરવી લેવી જોઈએ. ઉચ્ચ સિહાસને પહોંચ્યા પછી જે માણસ પોતાના પગ જમીન પર રાખે છે તે સાચા અર્થમાં મહાન છે. આંખ પર સુખનું પડળ ભલે લાગી જાય, પણ પસાર કરી લીધેલા માર્ગ હૈયેથી ખસવો જોઈએ નહીં. દુ:ખની કાંટાળી કેડીએથી મહા પરાણે ડગ માડી તમે સુખના સીમાડે પહોંચ્યા છો એ સાચુ, પણ કાંટાળી કેડીને તો ભૂલાય જ નહીં.

તમારા જીવનમાં થયેલો અરૂણોદય જો સુખનો હોય તો એ સુખનો ઓજસ ખોબો ભરીને કોણ લઈ આવ્યું? તમારી સમક્ષ ખોબો ભરીને સુખ રજૂ કર્યું છે ભૂતકાળના કષ્ટદાયક, સંઘર્ષભર્યા પેલા અણગમતાં દુ:ખદ અંધારાએ. એ અંધારાને ઉલેચવાની મથામણે જ તમારી સમક્ષ એક ખોબો સુખ આવ્યું છે ત્યારે તમે અતીતને કોરાણે મૂકી દો તે ઠીક નહીં..

સુખની પાંખો લાગી જાય ત્યારે ગમે ત્યાં ઉડા ઉડ કરો છો તે ગમતી પ્રક્રિયા, પરંતુ ધરતી એ વાસ્તવિકતા છે, એ વાસ્તવિકતા પર પગ રાખવાનો ઉપક્રમ તો ભૂલાવો જ જોઈએ નહીં. સાચું છે તે સાચુ છે, એનાથી વિમુખ થવાય નહીં.

મહાત્મા ગાંધી પરીક્ષામાં અનેક પ્રયત્નો પછી પાસ થયેલા કે ઓછા ગુણ મેળવેલા, પણ તેઓ અતીતના એ



અંધારાને પાછળ છોડીને આગળ નહતા વધ્યા. શાળા જીવનની સચ્ચાઈ અને પરિવારનું ચિત્ર જેમનું તેમ રજૂ કરવામાં એમણે શરમ અનુભવી ન હતી.

અભિમાન અને અહમમાં રાચનાર માણસ કોઈનેય પંસદ નહીં પડે, સાલસ અને સૌમ્ય માણસ સદૈવ દિલમાં જ સ્થાન ધરાવે છે, પોતાના અતીતના દ્રશ્યો રજૂ કરનાર સુખી માણસ હમેશા સંઘર્ષ કરનાર પરિબળ માટે પ્રેરક બની રહે છે.

**ઊર્જા ઉજાસની**

**- નટવર ગોહેલ**

જન્મથી નેત્રહિન શ્રીકાંત બોલાને વાંચવાનો પ્રબળ શોખ, તેમના પ્રેમાળ શિક્ષિકા સ્વર્ણલતા દરેક વિષયની ઓડિયો તૈયાર કરી આપે. પોતે સાંભળે, ધ્યાનથી સમજે, મનન કરે પરિણામે અમેરિકા સ્થિત નામાંકિત M.I.T. માસાચ્યુએટ્સ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજીમાંથી સ્નાતક થયા. એટલું જ નહીં ફૂડ પેકેજિંગના ક્ષેત્રમાં કાર્યરત 'વોલેન્ટ ઈન્ડિયા'ની સ્થાપના પણ કરી. વાત ત્યાંથી પુરી થતી નથી, તેઓ તેના ચિફ એક્ઝિક્યુટિવ પદે પણ આરૂઢ થયા. તેમના આદર્શ બની રહ્યા છે ડૉ. અબ્દુલ કલામ. હા, શ્રીકાંત બોલા પોતાના એ સંઘર્ષ ભર્યા અતીતને ક્યારેય ભૂલ્યા નહીં. સુખ મળ્યા પછી પણ એમણે એમના પગ જમીન પર રાખ્યા હતા.

હવે મલાપુરમ જિલ્લાના કલેક્ટર શ્રીમતી રાની સોયા મોઈની વાત કરીએ તેઓ તેમના કાંડે ઘડિયાળ પહેરે છે. પરંતુ એ સિવાય બીજું કોઈ ઘરેણું પહેરતાં નથી.

આ મેડમ મેકઅપ નથી કરતા, તેમણે ખૂબજ દુ:ખ જોયું છે. અતિશય પીડા પણ ભોગવી છે. તેમનું નામ રાની, સોયામોઈ એમના કુટુંબની ઓળખ છે. મૂળ વતન ઝારખંડ, તેમનો જન્મ ઝારખંડના આદિવાસી પરિવારમાં થયો.

અબરખની ખાણોમાં તેમના પરિવારે કામ કર્યું. અબરખની આ ખાણો આ આદિવાસી મહિલાના વિસ્તારમાં આવી છે. ચાર વર્ષની ઉમરથી સંઘર્ષ શરૂ થયો. અબરખની રજકણોના કારણે માતા-પિતા, બે ભાઈઓ પથારીવશ બન્યા.

નાની ઉમરમાં માતા-પિતા અકસ્માતે ગુમાવ્યા. અબરખની ખાણમાં કામ કરવાનું માંડ એકાદ રોટલો મળે. માંડ-માંડ અભ્યાસ કર્યો. ભૂખનું દુખ અસહ્ય હતું. તેમના માતાપિતાએ પારવારા ભૂખ વેઠી હતી.

રાની કહે છે : હું મેકઅપ કરતી નથી, શા માટે? મેકઅપ માટે અબરખ એ પ્રથમ કક્ષાની ધાતુ ગણાતી. કોસ્મેટિક કંપનીઓ પોતાની ઉત્પાદિત વસ્તુઓમાં અબરખનો ઉપયોગ કરે છે. અબરખ તમારી ત્વચાને તેજસ્વી બનાવે છે. આ અબરખની ખાણોમાં મે માતા-પિતા ગુમાવ્યા. બોલે, હું કઈ રીતે મેકઅપ કરૂં? માતા ફાટેલી સાડી પહેરતી, મને આજના સમયનો ભપકો ક્યાંથી પરવડે?

રાની કલેક્ટર પદે છે, પણ તેઓ તેમના દુ:ખદ ભુતકાળને, કંટકભર્યા સંઘર્ષને ભૂલ્યાં નથી. ઉચ્ચ પદે પહોંચ્યા પછી પણ એમણે એમના પગને જમીન પર સ્થિર રાખ્યા છે. જીવનમાં પ્રગટેલા સુખના સૂરજને એમણે વધાવી લીધો છે એ સાચું, પણ, દુ:ખના એ અંધારાને પણ ભૂલ્યા નહીં. ભણી ગણીને તેઓ આ સ્થાને પહોંચ્યા, સુખ મળ્યું, પણ સંઘર્ષ ભૂલ્યા નહીં. પરિણામે અહમ તેમનાથી દૂર રહ્યો.

Printed, Published and Owned by Editor - NIKUNJ SUDHIRKUMAR PATEL and Printed at Bhavani Offset Bhatiya Wadi, Opp. Kalupur Railway Station, Kalupur, Ahmedabad – 380 002 and published from 301, Kalptaru Complex, Opp. Premchand Nagar, Jodhpur Satyagrah Chhavni Road Ahmedabad – 380 015.

# રાજકોટ મનપાનું રુ.૨૨૩૪.૯૪ કરોડનું બજેટ

## વાહન વેરામાં૧૫ કરોડના વધારાની દરખાસ્ત, એકંદરે પ્રાથમિક સુવિધાઓ કેન્દ્રમાં



- 10 નવા બગીચા, 3 આરોગ્ય કેન્દ્ર બનાવાશે,
- 20 આંગણવાડી, 10 પે એન્ડ યુઝ ટોયલેટ બનાવવાની પણ રજૂઆત
- 50 નવી CNG બસ ખરીદવામાં આવશે
- ઈ-ઓટો પ્રોજેક્ટ, ઈલેક્ટ્રિક ચાર્જિંગ સ્ટેશન કાર્યરત કરાશે.
- રેસકોર્ષમાં મ્યુઝિકલ ફાઉન્ટેશન ફરી શરૂ કરાશે.

ગુજરાત વંદન

રાજકોટ મહાનગરપાલિકાનું વર્ષ 2022-23 માટેનું 2334.94 કરોડનું ડ્રાફ્ટ બજેટ રજુ કરવામાં આવ્યું. ગઇકાલે રજુ કરવામાં આવેલ બજેટ કરવેરા મુક્ત રહ્યું. મહાનગરપાલિકા કમિશનર અમિત અરોરાએ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સમક્ષ ડ્રાફ્ટ બજેટ રજુ કર્યું. ગત વર્ષનું રિવાઇઝ બજેટ 1885.18 કરોડ હતું. બજેટમાં નગરજનો પર કોઈ નવો કરવેરો ઝીંકવામાં નથી આવ્યો. તો સાથો સાથ, 10 નવા બગીચા, 3 આરોગ્ય કેન્દ્ર બનાવાશે, 20 આંગણવાડી, 10 પે એન્ડ યુઝ ટોયલેટ બનાવવાની પણ રજૂઆત કરવામાં આવી છે. વધુમાં, 50 નવી CNG બસ ખરીદવામાં આવશે, ઈ-ઓટો પ્રોજેક્ટ, ઈલેક્ટ્રિક ચાર્જિંગ સ્ટેશન કાર્યરત કરાશે. રેસકોર્ષમાં મ્યુઝિકલ ફાઉન્ટેશન ફરી શરૂ કરાશે.

જો ટેક્સની વાત કરીએ તો, સ્કૂટર લોડિંગ રીક્ષા, મીની ટ્રક, ફોર વ્હીલર લોડિંગ ટેમ્પો, ઓટો રીક્ષા માટે 2.5 ટકા આજીવન વાહન વેરો રાખવામાં આવ્યો છે જેમાં 3.99 લાખથી વધુના વાહનો માટે 2 ટકા લેખે, 25 લાખથી વધુના વાહનો માટે 4 ટકા, 50 લાખથી વધુના વાહનો માટે 5 ટકા લેખે વાહન વેરો પ્રસ્તાવિત કરાયો છે. નવા કોઈ કરવેરા જનતા માથે નાખવામાં આવ્યા નથી.

પોતાના કાર્યકાળનું આજે પ્રથમ બજેટ રજૂ કરતા અમિત અરોરાએ જણાવ્યું હતું કે, બ્રિજ, પાણી પુરવઠા, ડ્રેનેજ, સ્માર્ટ સિટી, હાઉસિંગ સહિતના કામો સમયે પૂર્ણ કરવા અને નવા ભડેલા વિસ્તારોનો સમતોલ વિકાસ કરવાની દિશામાં મહાપાલિકા આગળ વધી રહી છે. ચાલુ વર્ષમાં કોરોના સામેની લડાઈમાં 2021ના પ્રારંભે શરૂ કરવામાં આવેલ રસીકરણ અભિયાન ખુબ મહત્વનું પાસુ બન્યું છે જેમાં પ્રથમ ડોઝની કામગીરી 100 ટકા અને બીજા ડોઝની કામગીરી 90 ટકા થઈ છે.

આ કોરોના મહામારી વચ્ચે અન્ય ઘણા પડકારો આવ્યા છે. આગામી નાણાકીય વર્ષમાં શહેરના જૂના વિસ્તારો સાથે નવા વિસ્તારોમાં પણ પ્રાથમિક સુવિધાના કામો ઝડપથી આગળ વધારવામાં આવશે. નવા 2334.94 કરોડના બજેટમાં શહેરના વિકાસ, રહેવા લાયક અને માણવા લાયક મહાનગરના દૃષ્ટિકોણ સાથે તમામ ક્ષેત્રોને આવરી લેવા પ્રયાસ કરવામાં આવ્યો છે.

વધુમાં કમિશનરે જણાવ્યું હતું કે, ચાલુ વર્ષમાં આજીવન વાહનવેરાની પધ્ધતિ મુજબ વાહનની કિંમત રૂા.1 લાખ સુધીમાં એક ટકા મુજબ તથા તેનાથી ઉપરની કિંમતમાં 2 ટકા મુજબ 19 કરોડનો આવકનો લક્ષ્યાંક નકકી રાખવામાં આવ્યો હતો જે સામે આજ સુધીમાં 14.20 કરોડની આવક નોંધાઈ છે. હવે 2022-23 માટે 15 કરોડની વધારાની આવક ઉભી કરવા નિર્ણય લેવામાં આવ્યો છે. ઈલેકટ્રીક વાહનો કરમુકત છે તેને હવેથી કરમાફી ગણવામાં આવશે.

સ્કૂટર, બાઈક, રિક્ષા, ટેમ્પો, મિનિ ટ્રક પર એકસ શો-રૂમ પ્રાઈઝના અઢી ટકા, મોટર કાર તથા જીપમાં કિંમત મુજબ 2થી 5 ટકા, ટ્રક, મોટી બસ માટે 2 ટકા લેખે આજીવન કરનો દર નકકી કરવામાં આવ્યો છે. રાજકોટમાં પાણી, મકાન વેરા, ઘરે ઘરે કચરા એકત્રીકરણ સહિતના અન્ય તમામ દર યથાવત રાખવામાં આવ્યાનું જણાવતા કમિશનરે વધુમાં કહ્યું હતું કે, મિલકત વેરાનું એડવાન્સ પેમેન્ટ કરતા કરદાતાઓ માટે વેરા વળતર અને ડિજિટલ પેમેન્ટના પ્રોત્સાહન યથાવત રાખવામાં આવ્યા છે. ગત વર્ષે 2291 કરોડનું બજેટ રજૂ થયું હતું. જે રિવાઈઝડમાં 1885.18 કરોડ પર નાણાકીય વર્ષના અંતે રહેવાની ધારણા છે.

# ચેક રિટર્ન કેસમાં શુભમ બિલ્ડકોનના માલિકને કોર્ટમાં હાજર થવા ફરમાન

### રુપિયા ૭ લાખનો ચેક બાઉન્સ થયો, પાર્ટીએ કેસ કર્યો

ગુજરાત વંદન




રાજકોટમા ચેક રિટર્ન કેસમાં રાજકોટની શુભમ બિલ્ડકોન કંપનીના માલિકને અદાલતનું તેડુ આવ્યું છે. આ કંપનીને મેટોડાની મનોજ એન્ટરપ્રાઇઝે મશીન ભાડે આપેલું, જેનું ભાડું ચૂકવવા માટે આપેલો ચેક રિટર્ન થતા કોર્ટમાં ફરિયાદ થઈ છે. આ અંગે મળતી વિગત મુજબ મેટોડા જીઆઇડીસીમાં આવેલી મનોજ એન્ટરપ્રાઇઝના માલિક ધવલ વિક્રમ મૈત્રાએ પોતાની માલિકીનું એજેક્ષ ફોરેક્સ મશીન શુભમ બિલ્ડકોન કંપનીના માલિક હિકિસિંહ નકુમને માસિક ભાડે આપેલું. જેના ભાડા પેટે શુભમ બિલ્ડકોના માલિકે રૂ.7,09,150નો ચેક આપેલો જે ચેક રિટર્ન થતા ધવલભાઈ મૈત્રાએ કોર્ટમાં નેગોશિયેબલ એક્ટ હેઠળ ફરિયાદ નોંધાવી છે, કોર્ટે આ કેસમાં શુભમ બિલ્ડકોનના માલિકને અદાલતમાં હાજર સમન્સ ઇશ્યુ કર્યો છે. આ કેસમાં ફરિયાદી વતી રાજકોટના મેઘરાજસિંહ ચુડાસમા અને કીર્તિરાજસિંહ ઝાલા રોકાયેલા છે.

## શોર્ટ ન્યૂઝ

### સુરતમાં SRP જવાનોની બસને નડ્યો અકસ્માત, ૧૩ ઈજાગ્રસ્ત



ઉત્તર પ્રદેશની ચૂંટણીમાં ફરજ બજાવવા જઈ રહેલા ગુજરાતના જવાનોની ગાડીને સુરત પાસે અકસ્માત નડ્યો હતો. જેમાં 13 જેટલા જવાન ઈજાગ્રસ્ત થયા છે.

વિગત મુજબ, કિમ ચાર રસ્તા નજીક આવેલા સિયાલજ પાટિયા પાસે એસ. આર. પી. જવાનોને લઇ જઈ રહેલી બસને ટ્રક સાથે અકસ્માત નડતાં ભાગદોડ મચી ગઇ હતી. ઊભેલી ટ્રક પાછળ SRP જવાનોની બસ ભટકાતાં અકસ્માત સર્જાયો હતો. બસમાં 27 જવાન સવાર હતા, જેમાંથી 13 જવાનોને નાની મોટી ઈજા પહોંચી છે. તો 4 જવાનોને ફ્રેક્ચર થયુ છે. ઉલ્લેખનીય છે કે, આ તમામ એસઆરપી જવાન ઉત્તર પ્રદેશની ચૂંટણીમાં ડ્યૂટી પર હાજર થવા જઈ રહ્યા હતા. ઘટનાની જાણ પોલીસને થતા કોસંબા પોલીસ તેમજ એસ. આર. પી. ની ટીમ ઘટના સ્થળે પહોચી હતી

# એક જ દિ'માં ૧,૭૩૩ દર્દી કોરોનાના ખપ્પરમાં હોમાયા, જો કે કેસમાં ઘટાડો

ગુજરાત વંદન

ભારતમાં છેલ્લા 24 કલાકમાં કોરોનાના 1.61 લાખ કેસ મળ્યા છે તો તેની સામે 2.81 લાખ લોકો સાજા થઈ ગયા છે. આ બધાની વચ્ચે ચિંતાની વાત એ છે કે આ દરમિયાન 1733 લોકોના મોત નિપજ્યા છે. આજે સતત બીજો દિવસ એવો છે જ્યારે કોરોનાથી 1000 કરતાં વધુ લોકોના મૃત્યુ નિપજ્યા છે. ગઈકાલે કોરોનાએ 1192 લોકોને પોતાના ખપ્પરમાં હોમી નાખ્યા હતા. ભારતમાં કોરોના કેસ સતત ઘટી રહ્યા છે પરંતુ ચિંતાની વાત એ છે કે સતત પાંચમા દિવસે મોતનો આંકડો ઉંચકાયો છે. દેશમાં મંગળવારે 1192 તો સોમવારે 959 લોકોના મોત થયા હતા. જ્યારે રવિવારે 893 અને શનિવારે 871 દર્દીઓ શનિવારે દમ તોડ્યો હતો. કેસની વાત કરવામાં આવે તો બુધવારે 1.61 લાખ કેસ મળ્યા. તેના પહેલાં ગઈકાલે 1.67 લાખ કેસ, સોમવારે 2.09 લાખ કેસ, રવિવારે 2.34 લાખ તો શનિવારે 2.35 લાખ કેસ મળ્યા હતા. ગઈકાલની તુલનાએ આજે 3.4% કેસ ઓછા મળ્યા હોવાનું જાહેર કરવામાં આવ્યું છે. ભારતના સૌથી પાંચ સંક્રમિત રાજ્યોની વાત કરવામાં આવે તો કેરળમાં સૌથી વધુ 51887 કેસ સામે આવ્યા છે. જ્યારે તમીલનાડુમાં 16096, મહારાષ્ટ્રમાં 14372, કર્ણાટકમાં 14366 અને ગુરાતમાં 8338 કેસ સામે આવ્યા છે. આ પાંચ રાજ્યોમાં દેશના કુલ મળષલા કેસના 65.1% કેસ મળ્યા છે. જ્યારે એકલા કેરળમાં કુલ કેસના 32.15% કેસ નોંધાયા છે. ભારતમાં છેલ્લા 24 કલાકમાં 1733 લોકોના મોત થયા છે ત્યારે અત્યાર સુધી દેશમાં કોરોનાથી 4,97,975 લોકોના જીવ ગયા છે. જો કે દેશમાં રિકવરી રેટ 94.91%એ પહોંચી ગયો છે. ભારતમાં અત્યાર સુધીમાં 3,95,11,307 લોકો સાજા પણ થઈ ગયા છે.

# રાજકોટ ફાયરિંગ પ્રકરણમાં તાળા બંધુના આગોતરા જામીન મંજુર

## ક્રિસ્ટલ મોલ પાછળ હર્ષિત જાની નામના યુવાન પર કર્યું હતુ ફાયરિંગ

ગુજરાત વંદન



રાજકોટના ફાયરિંગ પ્રકરણમાં હાઇકોર્ટે તાળા બંધુના આગોતરા જામીન મંજુર કર્યા છે. ક્રિસ્ટલ મોલ પાછળ કોંગી આગેવાન અભિષેક અને તેના ભાઈ રાજદીપ તાળાએ હર્ષિત જાની નામના યુવાન પર ફાયરિંગ કર્યું હોવાનો ગુનો યુનિવર્સિટી પોલીસ મથકમાં દાખલ થયો હતો.

કેસની વિગત મુજબ રાજકોટના ગાંધીગ્રામમાં રહેતા હર્ષિતભાઈ રમેશભાઈ જાનીએ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં રાજદીપ તાળા તથા અભિષેક તાળા વિરૂદ્ધ ફરીયાદ નોંધાવેલી હતી કે, તેઓ તથા તેના મિત્ર કાલાવડ રોડ ક્રિસ્ટલ મોલ પાસે ઉભા હોય તે ત્યારે રાજદીપ તાળા તેની કાળા કલરની સ્કોર્પિયો ગાડી લઈને આવ્યો હતો અને તેને કહ્યું હતું કે તારે મારી સાથે શું મન:દુખ છે તેવી બોલાચાલી કરેલી હતી ત્યારબાદ રાજદીપ તાળાએ હર્ષિત જાનીને યુનિ. રોડ ઉપર આવેલા નકલંક હોટલ ખાતે મળવા બોલાવ્યો ત્યારે ફરિયાદી તેઓના મિત્ર ધમભા સાથે નકલંક હોટલ સાથે મળવા ગયો, ત્યારે ફરીયાદી ગાડી માંથી નીચે ઉતરતા જ રાજદીપ તાળાએ ફરીયાદીને ગાળો બોલવા લાગ્યો, ફરીયાદીએ ગાળો દેવાની ના પાડતા તેના ભાઈ અભિષેકએ ફરીયાદીનું ગળું દબાવી રાજદીપની કાળા કલરની સ્કોર્પિયો ગાડીના બોનેટ પર સુવડાવી રાજદીપએ પોતાની કમર પર ટીંગાડેલી પીસ્ટલમાંથી એક રાઉન્ડ ફાયરીંગ કર્યું પરંતુ ફરીયાદી સાઈડમાં ખસી જતા ગોળી જમીનમાં ધુસી ગઈ હતી.

# જૂનાગઢ મનપાના મેયરપદે ગીતાબેન પરમારની વરણી



ગુજરાત વંદન

મેયર ધીરુભાઇ ગોહેલના અધ્યક્ષ સ્થાને છેલ્લી ખાસ બોર્ડ બેઠક મળવા પામી હતી. જેમાં નવા પદાધિકારીઓની આગામી અઢી વર્ષ માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. આ પુર્વે સર્કીટ હાઉસ ખાતે સંકલનની બેઠક મળી હતી. જે બેઠકમાં પ્રદેશ ભાજપમાંથી આવેલ વ્હીપ અનુસાર સર્વે સભ્યોને વ્હીપ આપી નવા પદાધિકારીઓની વરણી કરવામાં આવી હતી. જેમાં મેયર તરીકે ગીતાબેન મોહિતભાઇ પરમાર ડે. ગીરીશભાઇ કોટેચા, સ્ટેન્ડીંગ કમીટીના ચેરમેન તરીકે હરેશભાઇ પરસાણા, શાસક પક્ષના નેતા તરીકે કીરીટભાઇ હમીરભાઇ ભીભા અને દંડક તરીકે પુર્વ સ્ટેન્ડીંગ કમીટીના ચેરમેન અરવિંદભાઇ ભલાણીના નામો વ્હીપમાંથી શહેર, પ્રમુખ પુનીતા શર્મા દ્વારા પ્રસ્તુત કરવામાં આવી હતી. ઉપરાંત 12 નાની મોટી કમીટી સમિતિઓના નવા ચેરમેનો અને સભ્યોની નિયુકિતી કરવામાં આવી છે.

> ડે.મેયર તરીકે ગીરીશભાઇ કોટેચા, સ્ટે. ચેરમેન પદે હરેશ પરસાણા

## ભાવનગર જૈન સંઘમાં

# તા.૬ઠ્ઠીના મુમુક્ષુ વંશકુમાર - દીક્ષાર્થી ભવ્યકુમારનો દીક્ષા મહોત્સવ યોજાશે



ગુજરાત વંદન

ભાવનગર જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક તપાસંઘનાં ઉપક્રમે બે બાળમુમુક્ષુ વંશ મીહિરકુમાર પારેખ (ઉ.11) તથા ભવ્ય હર્મિષકુમાર શાહ (ઉ.12)નો શાસન સમ્રાટ આચાર્યશ્રી વિજયનેમીસૂરીશ્વરજી મહારાજ સાહેબનાં સમુદાયનાં પૂજ્ય સમુદાય નાયક આચાર્ય પ્રવર શ્રી વિજયહમચંદ્રસૂરિશ્વરજી મહારાજ તથા શાસન પ્રભાવક શ્રી વિજયવિમલકીર્તિસૂજી મહારાજ, પૂ. પન્યાસ શ્રી ચંદ્રકીર્તિવિજયજી, પૂ. પન્યાસ શ્રીજગતચંદ્રવિજયજી, પૂ. મુનીરાજ શ્રી ત્રૈલોક્યમંડનવિજયજી, પૂ. મુનિરાજ શ્રી ત્યાગમંડનવિજયજી, પૂ. મુનિરાજ મુક્તિમંડનવિજયજી, પૂ. મુનિરાજ શ્રી ભક્તિમંડનવિજયજી, મુનીરાજ શ્રી પુણ્યમંડનવિજયજી મહારાજ તથા શાસન સમુદાયના શ્રમણી ભગવંતોની નિશ્રામાં તા. 2 ફેબ્રુ.થી તા. 6 ફેબ્રુ. સુધીનો પાંચ દિવસનો ભવ્ય દીક્ષા મહોત્સવ દાદાસાહેબમાં ઉજવાશે. આ પાંચ દિવસ મહોત્સવમાં પ્રેમવર્ધક પ્રથમ દિવસ તા. 2નાં પૂ. ગચ્છાધીપતિ આદી મુની ભગવંતોનું સામૈયુ-નવપદજીની પૂજા, બપોરે હિત શિક્ષા, દોષનાશક દ્વિતીય દિવસ તા. 3નાં સવારે ઉપાધ્યાયજી વિનયવિજયજી મહારાજ રચિત ચાર ભાવના, બપોરે વસ્ત્રોત્સવ, સાંજે કુમારપાળ રાજાની આરતી, તૃપ્તિકારક ત્રીજો દિવસ તા. 4નાં સવારે શકસ્તવ મહા અભિષેક, સાંજે 6 કલાકે સાંસ્કૃતિક કાર્યક્રમ તથા બહુમાન સમારંભ, પુષ્ટીકારક ચતુર્થ દિવસ, શનિવાર તા. 5ના સવારે 8-30 કલાકે મુમુક્ષુઓનાં નિવાસ સ્થાનેથી દીક્ષાર્થીઓની વર્ષીદાન યાત્રા, બપોરે બેઠું વર્ષીદાન, સાંજે 6.30 કલાકે રુડા રાજમહેલથી વિદાય, તેજવર્ધક પંચમ દિવસ તા. 6નાં સવારે 6.30 કલાકે બંને મુમુક્ષુઓનો ગ્રહ ત્યાગ તથા સવારે 7.30 કલાકે દીક્ષા વિધિનો પ્રારંભ દાદાસાહેબમાં થશે.પાંચ દિવસના મહોત્સવમાં પધારવા શાહ પ્રવીણચંદ્ર ડાયાલાલ પરિવાર (પાલીતાણા) તથા પારેખ ભારતીબેન ભરતભાઈ પરિવારે જણાવેલ છે.

# રાજકોટમાં મહિલા ડ્રગ પેડલરના ત્રાસથી યુવકે લગાવ્યો ફાંસો, મૃત્યુ

ગુજરાત વંદન





પોલીસે હાલ આર્થિક ભીંસથી કંટાળીને યુવકે આપઘાત કર્યાનુ પ્રાથમિક નિવેદન આપ્યુ હતુ.

રાજકોટમાં ડ્રગ્સ પેડલરના ત્રાસથી યુવકે આપઘાત કર્યાનો આક્ષેપ લાગ્યો છે. યુનિવર્સિટી રોડ પર ભીડભંજન સોસાયટીમાં રહેતા જય રાઠોડે આર્થિક ભીંસથી કંટાળીને ગળે ફાંસો લગાવી આપઘાત કર્યો છે. જો કે, યુવકના આપઘાતને લઈને પરિવારજનોએ ડ્રગ્સ પેડલર સુધા નામની મહિલા પર આરોપ લગાવ્યો છે. હાલ આ અંગે યુનિવર્સિટી પોલીસે ફરિયાદ નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

રાજકોટ-યુનિવર્સિટી રોડ પર ભીડભંજન સોસાયટીમાં રહેતા જય રાઠોડ નામના યુવકે ગળે ફાંસો લગાવીને આત્મહત્યા કરી છે. પરિવારજનોએ ડ્રગ્સ પેડલર સુધાના ત્રાસથી આત્મહત્યા કરી હોવાનો આક્ષેપ કર્યો છે. જો કે, પોલીસે હાલ આર્થિક ભીંસથી કંટાળીને યુવકે આપઘાત કર્યાનુ પ્રાથમિક નિવેદન આપ્યુ હતુ.

ઉલ્લેખનીય છે કે, આપઘાતના એક દિવસ પહેલા ડ્રગ્સ પેડલર સુધા યુવક સાથે માથાકૂટ કરી હોવાનો પરિવારજનોએ આક્ષેપ લગાવ્યો છે. સુધા રાજકોટમાં ડ્રગ્સનો વેપાર કરતી કુખ્યાત મહિલા હોવાની ચર્ચા છે. આ અગાઉ સુધા ધામેલીયા સામે ગુનો નોંધાયો હતો.

હૈયાફાટ રુદન કરતાં મૃતકની માતાએ જણાવ્યું હતું કે, સુધાના ત્રાસથી મારો દીકરો મર્યો છે. નફ્ફટ સુધા જયારે મારા દીકરાને મળવા આવી હતી ત્યારે મેં તેને અટકાવી તો મને બોલતી ગઈ કે ' મારી વિરુદ્ધ 51 કેસ કર તોય તારું પોલીસમાં કશું નહીં હાલે.' ઉલ્લેખનીય છે કે 3 મહિના પહેલાં સુધાના ત્રાસથી એક માતા મીડિયા સમક્ષ આવી હતી, તેનો પુત્ર પણ ડ્રગ્સની નાગચૂડમાં ફસાયો હતો. મીડિયાના અહેવાલ બાદ રાજકોટ પોલીસે અંતે સુધા સામે ફરિયાદ નોધી છે. યુનિવર્સિટી પોલીસે IPC 306 મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મૃતકના ભાઇએ જણાવ્યું હતું કે સુધાએ મારા ભાઇને મારી નાખ્યો છે. વારંવાર ડ્રગ વેચવા સુધા દબાણ કરતી હતી.

# સાપ્તાહિક રાશિફળ





વાસ્તુ આચાર્ય તેમજ જ્યોતિષ આચાર્ય : કૌશલકુમાર (મો.નં. ૯૯૭૯૧૭૪૭૫૧)

**મેષ (અ,લ,ઈ)** શ્રી ગણેશ કહે છે આ અઠવાડિયે તમે તમારામાં આત્મવિશ્વાસની કમી અનુભવી શકો છો. જેના કારણે તમે કોઈ જરૂરી નિર્ણય લઈ શકશો નહીં. તેથી તમારે વિચારીને સમયસર યોગ્ય અને સ્પષ્ટ નિર્ણય લેવાની જરૂર છે. આ અઠવાડિયે તમને નાણાકીય જીવનમાં ભાગ્યનો સાથ મળશે, આ અઠવાડિયે તમારા જીવનમાં પરિવારના સભ્યોનું વિશેષ મહત્વ રહેશે.

**વૃષભ (બ,વ,ઉ)** શ્રી ગણેશ કહે છે અઠવાડિયું ઘણું સારું રહેવાની સંભાવના છે. કારણ કે આ સમયગાળા દરમિયાન ઘણા ગ્રહોની દૃષ્ટિ તમને તમારી આવક વધારવા અને તમારી સંચિત સંપત્તિમાં વધારો કરવાની ઘણી તકો પ્રદાન કરવાનું કામ કરશે. આ સપ્તાહ ઓફિસમાં સ્નેહ અને સકારાત્મક વાતાવરણ રહેશે. જેના કારણે તમે તમારા સહકાર્યકરોનો યોગ્ય સહયોગ મેળવીને તમારું કોઈપણ મહત્વપૂર્ણ કાર્ય પૂર્ણ કરી શકશો.

**મિથુન (ક,છ,ઘ)** શ્રી ગણેશ કહે છે આ અઠવાડિયે ઓફિસમાં નોકરી કરતા લોકોને પૈસાની પ્રાપ્તિના કારણે સારો લાભ મળશે. ઉપરાંત જો તમે હજુ સારી નોકરી શોધી રહ્યા છો, તો આ અઠવાડિયે તમને સારી સંસ્થામાં સારા પગાર સાથે સારી ઓફર મળવાની સંભાવના છે. તેથી, આ સમયે દરેક તકનો યોગ્ય લાભ લેતા, તેને તમારા હાથમાંથી સરકી જવા ન દો.

**કર્ક (ડ,હ)** શ્રી ગણેશ કહે છે આ અઠવાડિયાના બીજા ભાગમાં, તમે કેટલાક મોટા નાણાકીય લાભો મેળવશો. જેના કારણે તમે નવું મકાન કે વાહન ખરીદવાની યોજના બનાવી શકો છો. ઘરના સભ્યો પણ નવી વસ્તુઓ ખરીદીને તમારાથી ખૂબ ખુશ દેખાશે. ઘરમાં ઉલ્લાસનું વાતાવરણ આ અઠવાડિયે તમારો તણાવ ઓછો કરશે. આવી સ્થિતિમાં, જરૂરી રહેશે કે તમે પણ આમાં સંપૂર્ણ ભાગીદારી લો.

**સિંહ (મ,ટ)** શ્રી ગણેશ કહે છે આ અઠવાડિયે તમારું સ્વાસ્થ્ય સામાન્ય કરતાં ઘણું સારું રહેશે. જેના કારણે તમે સારું સ્વાસ્થ્ય માણતા જોવા મળશે. આ અઠવાડિયું તમારી આર્થિક સ્થિતિમાં મોટા પ્રમાણમાં સુધારો લાવશે. આ અઠવાડિયે તમારી ભૂતકાળની મહેનત ફળશે અને સમયસર કોઈ મોટો પ્રોજેક્ટ પૂરો કરવા બદલ તમને તમારા ઉપરી અધિકારીઓ તરફથી પ્રશંસા અને પ્રમોશન મળશે.

**કન્યા (પ,ઠ,ણ)** શ્રી ગણેશ કહે છે આ અઠવાડિયે તમે તમારામાં આત્મવિશ્વાસની કમી અનુભવી શકો છો. જેના કારણે તમે કોઈ જરૂરી નિર્ણય લઈ શકશો નહીં. જો તમે આ અઠવાડિયે તમારી આર્થિક સ્થિતિને મજબૂત કરીને પૈસા મેળવવા માંગો છો, તો તમારે તમારા પૈસા એવા લોકોની સલાહ પર જ લગાવવા જોઈએ.

**તુલા (ર, ત)** શ્રી ગણેશ કહે છે આ અઠવાડિયે તમારા કાર્યસ્થળ પર કોઈ મહત્વપૂર્ણ કાર્યમાં અવરોધ લાવી શકે છે. તેથી મુશ્કેલ પરિસ્થિતિઓમાં ફસાઈ જવાથી ડરશો નહીં, પરંતુ બહાદુરીથી તેનો સામનો કરો. કારણ કે પ્રતિકૂળતામાં તમારી ગભરાટ તમને માનસિક રીતે કમજોર બનાવવાની સાથે સાથે તમારી શારીરિક સમસ્યાઓને પણ વધારી શકે છે. મોટા જૂથમાં નાણાકીય ભાગીદારી આ સપ્તાહ તમારા માટે રસપ્રદ સાબિત થશે.

**વૃશ્ચિક (ન,ય)** શ્રી ગણેશ કહે છે આ અઠવાડિયે, તમારા પરિવાર પ્રત્યેની તમારી જવાબદારીઓને સમજીને, તમે પરિવારના સભ્યોની જરૂરિયાતોને મહત્વપૂર્ણ પ્રાથમિકતા આપશો. આ અઠવાડિયે તમને તમારા પ્રમોશનની દ્રષ્ટિએ ઘણી મોટી તકો મળવાની છે. જો કે, દરેક તકનો યોગ્ય વિચાર કરીને લાભ લેવાનો પ્રયાસ કરો.

**ધન (ભ,ધ,ફ,ઢ)** શ્રી ગણેશ કહે છે આ અઠવાડિયે કેટલીક નાની સમસ્યાઓ ઊભી થતી રહેશે. આવી સ્થિતિમાં, પારિવારિક શાંતિ જાળવવા માટે, તમારે જરૂરી ગોઠવણો કરવાની જરૂર પડશે. આ દરમિયાન, પરિવારના સભ્યોને કંઈ પણ કહેતી વખતે, તમારા શબ્દો ખૂબ જ કાળજીપૂર્વક પસંદ કરો. આ અઠવાડિયે તમારે તમારી કારકિર્દીમાં પ્રગતિ કરવા માટે તમારી કુશળતા વધારવાની સાથે સખત મહેનત કરવી પડશે.

**મકર (ખ,જ)** શ્રી ગણેશ કહે છે આ અઠવાડિયે, તમે તમારી સુખ-સુવિધાઓની વસ્તુઓ પર પૈસા ખર્ચી શકો છો, આ સમયે તમારી પાસે પૈસાની અછત નહીં હોય, તેથી ખર્ચ કરતી વખતે તમે વધુ વિચારતા જોવા નહીં મળે. આ રાશિના જે લોકો અભ્યાસ માટે વિદેશ જવા ઇચ્છુક હતા તેમને આ અઠવાડિયે વધુ પ્રયત્નો કરવા પડશે.

**કુંભ (ગ,સ,શ,ષ)** શ્રી ગણેશ કહે છે આ અઠવાડિયે સમાજના ઘણા મોટા લોકો સાથે મુલાકાત થઈ શકે છે. તમારે પણ આ તકનો યોગ્ય લાભ ઉઠાવવો પડશે. આ અઠવાડિયું કોઈ નવું કામ શરૂ કરવા અથવા ક્યાંક રોકાણ કરવા માટે યોગ્ય અને સારી રકમ બતાવી રહ્યું છે. તમારા માટે સારો નફો થવાની સંભાવના છે.

**મીન (દ,ચ,ઝ)** શ્રી ગણેશ કહે છે આ અઠવાડિયું ઘણું સારું રહેવાની સંભાવના છે. કારણ કે આ સમયગાળા દરમિયાન ઘણા ગ્રહોની દૃષ્ટિ તમને તમારી આવક વધારવા અને તમારી સંચિત સંપત્તિમાં વધારો કરવાની ઘણી તકો પ્રદાન કરવાનું કામ કરશે. તમારા કેટલાક એવા રહસ્યો અથવા રહસ્યો પરિવારના કોઈ સભ્યની સામે ખુલ્લી પડી શકે છે.

### પાંચ રાજ્યની ચૂંટણી પહેલા બજેટમાં નાણામંત્રીની જાહેરાત

# આત્મનિર્ભર ભારત અભિયાન હેઠળ ૬૦ લાખ નવી નોકરીની તકો

ગુજરાત વંદન



કેન્દ્રીય નાણાપ્રધાન આજે નિર્મલા સિતારમણે 2022-2023નું સામાન્ય બજેટ રજૂ કર્યું છે. આ બજેટ ઘણી રીતે ઐતિહાસિક છે કારણ કે કોરોનોનાના કારણે સતત બીજી વખત બજેટ પેપર પર છપાયું નથી. આ બજેટ એટલા માટે પણ ખાસ હશે કેમ કે, પાંચ રાજ્યની ચૂંટણી પહેલા બજેટમાં અનેક બુસ્ટર રાહત આપવામાં આવી શકે છે. તો બીજી તરફ આગામી 25 વર્ષના બજેટની બ્લુપ્રિન્ટ તૈયાર કરવામાં આવી છે.

નાણામંત્રીનું કહેવું છે કે સરકારનું ફોકસ યુવાનો પર છે. 30 લાખ વધારાની નોકરીઓ ઉપલબ્ધ કરાવવાની સંભાવના છે. આ માટે સરકાર પૂરી ક્ષમતા સાથે કામ કરી રહી છે.

સીતારમણે કહ્યું કે બજેટથી ખેડૂતો, યુવાનોને ફાયદો થશે. કોરોના બાદ આત્મનિર્ભર ભારતને જબરદસ્તની પ્રતિસાદ મળ્યો છે.

આત્મનિર્ભર ભારત અભિયાન હેઠળ 16 લાખ નવી નોકરીની તકો ઉભી થશે. પ્રાઈવેટ રોકાણમાં વધારો કરવાનો ધ્યેય છે. 7 લાખ લોકોને નવી રાજગારી મળશે. આ સાથે જ રોજગારીની વધુ નવી તકો ઉભી થશે.

આત્મનિર્ભર ભારતને હાંસલ કરવા માટેની પ્રોડક્શન લિન્કડ ઇન્સેન્ટિવ (PLI) યોજનાને ઉત્તમ પ્રતિસાદ મળ્યો છે, જેમાં 60 લાખ નવી નોકરીઓનું સર્જન થવાની સંભાવના છે અને આગામી પાંચ વર્ષ દરમિયાન 30 લાખ કરોડનું વધારાનું ઉત્પાદન કી-કેપ અંક છે. 30 લાખ વધારાની નોકરીઓ આપવાની ક્ષમતા છે.

તમને જણાવી દઈએ કે, ભારતીય સંસ્થા સેન્ટર ફોર મોનિટરિંગ ઇન્ડિયન ઇકોનોમી (CMIE) એ આ સંદર્ભમાં એક અહેવાલ રજૂ કર્યો હતો કે ફક્ત જુલાઈ 2021 માં લગભગ 50 લાખ પગારદાર લોકોએ તેમની નોકરી ગુમાવી છે, જ્યારે એપ્રિલથી અત્યાર સુધીમાં એક કરોડ 89 લાખ લોકોએ તેમની નોકરી ગુમાવી છે. આવી સ્થિતિમાં યુવાનો સરકાર પાસેથી અપેક્ષા રાખે છે કે વધુ રોજગારીની તકો ઉભી થવી જોઈએ.

# નવા નાણાંકીય વર્ષમાં સંભળાશે ૪૦૦ નવી ટ્રેનોની સિસોટી

**આગામી ત્રણ વર્ષમાં ૧૦૦ પીએમ ગતિ શક્તિ કાર્ગો ટર્મિનલ તૈયાર કરવામાં આવશે**

ગુજરાત વંદન



નાણાકીય વર્ષ 2022-23 માટે સામાન્ય અને રેલ્વે બજેટ રજૂ કરતા, નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે પીએમ ગતિશક્તિ માસ્ટર પ્લાનની જાહેરાત કરી. તેમણે એમ પણ કહ્યું કે સરકાર રોડ, રેલ્વે અને હવાઈ પરિવહનને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી રહી છે. આગામી ત્રણ વર્ષમાં 400 વંદે ભારત ટ્રેન દોડાવવામાં આવશે. નાણામંત્રીએ કહ્યું કે રેલ્વે 100 ગતિ શક્તિ કાર્ગો ટર્મિનલ પણ બનાવશે. તેઓ આગામી ત્રણ વર્ષમાં બાંધવામાં આવશે. આ માલસામાનની અવરજવરને વધુ ઝડપી બનાવશે. પીએમ ગતિશક્તિ માસ્ટર પ્લાનનું સંક્ષિપ્ત વર્ણન આપતાં નાણામંત્રીએ કહ્યું કે આના દ્વારા સરકાર દેશમાં રોડ, રેલ, હાઇવે, બંદરો અને જાહેર પરિવહન પર જંગી રકમનું રોકાણ કરશે. આનાથી અર્થતંત્રના વિકાસ દરમાં ઝડપી વધારો થશે. નાણામંત્રીએ આ ક્ષેત્રોને દેશના વિકાસના ‘સાત એન્જિન’ ગણાવ્યા.

### શું છે વંદે ભારત ટ્રેન

વંદે ભારત ટ્રેન અનેક આધુનિક સુવિધાઓથી સજ્જ છે. આ ટ્રેનમાં ઓન બોર્ડ વાઈ-ફાઈ, જીપીએસ આધારિત યાત્રી ઈન્ફોર્મેશન સિસ્ટમ, સુંદર આંતરિક સજાવટ, વેક્યુમ શૌચાલય, એલઈડી લાઈટ, દરેક સીટની નીચે ચાર્જિંગ પોઈન્ટ, દરેક સીટની નીચે રીડીંગ લાઈટ, ઈન્ટેલિજન્ટ એર કંડીશનિંગ સિસ્ટમ, દિવ્યાંગો માટે વ્હીલ ચેરના ઉપયોગથી ટ્રેનમાં ચઢવાની સુવિધા, તેમના માટે અલગ શૌચાલય, સીસીટીવી, ફાયર ફાઈટિંગ સિસ્ટમ, ઓટોમેટિક સ્લાઈડિંગ ડોર જેવી સુવિધાઓ છે.

### નેશનલ હાઈ-વેની લંબાઈ વધશે

સાથે જ નાણામંત્રીએ જણાવ્યું કે, 2022-23ની વચ્ચે નેશનલ હાઈવેની લંબાઈને 25,000km સુધી વધારવામાં આવશે. પહાડી વિસ્તારોની પર્વતમાળાઓને PPP મોડ પર લાવવામાં આવશે.

**દંડ ભરીને છેલ્લા બે વર્ષનાં આઈટી રિટર્ન અપડેટ કરી શકાશે**

# કરદાતાને આઈટી રિટર્ન ભર્યા બાદ બે વર્ષ સુધી અપડેટ કરવાની તક મળશે

ગુજરાત વંદન

નાણામંત્રી નિર્મલા સીતારમણે મોદી સરકારનું 1લી ફેબ્રુઆરી બજેટ રજૂ કર્યું હતું જેમાં આવકવેરાના સ્લેબમાં કોઈ બદલાવ કર્યો નથી પણ એક મહત્વની જાહેરાત કરી છે. આ બજેટમાં કરદાતાઓ માટે IT રિટર્ન અપડેટ કરવા માટે મોટી ઘોષણા કરવામાં આવી છે. હવે કરદાતાઓ દંડ ભરીને તેમના છેલ્લા બે વર્ષનાં આઇટી રિટર્ન અપડેટ કરી શકાશે તેમ નાણામંત્રીએ જણાવ્યું છે.

વ્યક્તિગત કરદાતાઓ માટે આજના બજેટમાં પણ ટેક્સ લિમિટમાં કોઈ બદલાવ નથી થયો. છેલ્લે 2014માં બદલાવ કરાયો હતો અને તે સમયના નાણા મંત્રી અરુણ જેટલીએ આવકવેરા મુક્ત આવકની મર્યાદા બે લાખથી વધારીને પાંચ લાખ કરી દીધી હતી.વરિષ્ઠ નાગરિકો માટે આ મર્યાદા 3 લાખ કરાઈ હતી.

બજેટમાં જે મોટી જાહેરાત કરવામાં આવી છે તે પ્રમાણે કોઈ પણ કરદાતા રિટર્ન ભર્યા બાદ વધુ બે વર્ષ સુધી તેને અપડેટ કરી શકશે.મતલબ કે જો તેણે આવક જાહેર કરવામાં કોઈ ભુલ કરી હશે તો તે બે વર્ષના સમયગાળામાં તેમાં સુધારો કરી શકશે.આ માટે




તેણે પોતાનુ આઈટી રિટર્ન અપડેટ કરવુ પડશે. જેનાથી વિખવાદો ઓછા થશે.કારણકે હાલમાં જો આઈટી વિભાગને ખબર પડે છે કે, કરદાતાએ રિટર્ન ભરવામાં ભુલ કરી છે તો લાંબા સમય સુધી કેસ ચાલતો હોય છે.

નોંધનીય છે કે, કે કરદાતાઓને આવકવેરાનાં સ્લેબમાં કોઈ રાહત મળી નથી. આવકવેરા રિટર્નનો સ્લેબ એ જ રહે છે. આમાં કોઈ સીધી છૂટ આપવામાં આવી નથી. વળી, સ્ટાન્ડર્ડ ડિડક્શન વધારવાની કોઈ જાહેરાત કરવામાં આવી નથી. વળી, 80C માં પણ કોઈ છૂટ નથી. કરદાતાઓને રાહત આપતા નિર્મલા સીતારમણે ગૃહમાં કહ્યું કે, હવે કરદાતાઓ તેમની ભૂલો સુધારી શકશે. આ માટે તેમને બે વર્ષનો સમય આપવામાં આવ્યો છે. તે બે વર્ષ જૂના રિટર્ન ફાઈલ કરી શકે છે. બસ આ માટે તેઓએ કેટલાક રૂપિયા દંડ તરીકે ચૂકવવા પડશે. જો કે, 2.5 લાખની આવક પર કોઈ ટેક્સ ચૂકવવો પડતો નથી. 2.5 લાખથી 5 લાખ સુધીની આવક પર 5 ટકાનાં દરે ટેક્સ લાગે છે. નાણા મંત્રી નિર્મલા સીતારમણે આ વખતે ઈન્કમ ટેક્સ સ્લેબમાં કોઈ ફેરફાર કર્યો નથી. વળી, હીરા અને જ્વેલરી પરની કસ્ટમ ડ્યુટી ઘટાડીને 5 ટકા કરવામાં આવી છે. 3 વર્ષ સુધીનાં સ્ટાર્ટ અપ માટે વધુ 1 વર્ષ માટે ટેક્સમાં રાહત આપવામાં આવતી નથી. LTCG પર મહત્તમ ટેક્સ હવે 15 ટકા રહેશે.

## ૨૦૨૨-૨૩ નું કુલ બજેટ થવા જાય છે અધધ...૩૯.૪૪ લાખ કરોડનું

કેન્દ્રના નાણામંત્રી નિર્મલા સિતારમણે એક ફેબ્રુઆરીના રોજ ભારતનો નાણાકીય વર્ષ 2022-23નું બજેટ રજૂ કર્યું છે જે 39.44 લાખ કરોડનું થવા જાય છે.

બજેટમાં કયા સેક્ટર માટે કેટલી રકમ ફાળવવામાં આવી છે તે આ મુજબ છે.

**સંરક્ષણ-3,85,370, પરિવહન-3,51,851, કૃષિ-1,51,521, ગ્રામીણ વિકાસ-2,06,293, ગૃહ- 2,06,293, શિક્ષણ-1,04,278, આરોગ્ય-86,606, આઈટી ટેલિકોમ- 79,887, શહેરી કલ્યાણ -76,549, સમાજ કલ્યાણ - 51,780, વાણિજ્ય ઉદ્યોગ- 53,116, ઉર્જા - 49220, નાણા-21354, વિજ્ઞાન વિભાગ - 30,571, વિદેશ મંત્રાલય-17,250, રાજ્યોને ટ્રાન્સફર- 3,34,339, પૂર્વોત્તર રાજ્યો માટે- 2,800, આયોજન આંકડા વિભાગ -5,720, વ્યાજ માટે-9,40,651, સબસિડી-3,17,866, પેન્શન -2,07,132, અન્ય-1,13,301, ટેક્સ વહિવટ-1,71,677, કેન્દ્ર શાસિત પ્રદેશો- 58,757 કુલ 39,44, 909 વિવિધ ક્ષેત્રોમાં ફાળવ્યા છે.**

## દેશના તમામ સેક્ટરો અંબાણી અને અદાણીના હાથમાં : રાહુલ ગાંધી

ગુજરાત વંદન

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ બુધવારે લોકસભામાં રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવ પર ચર્ચા શરૂ કરી છે. આ દરમિયાન તેમણે કહ્યું કે રાષ્ટ્રપતિનું સંબોધન સત્યથી દૂર છે, તેમાં બેરોજગારીનો કોઈ ઉલ્લેખ નથી. જ્યારે ગત વર્ષે 3 કરોડ યુવાનોએ નોકરી ગુમાવી હતી. કોંગ્રેસ નેતાએ દાવો કર્યો કે ભારતમાં 50 વર્ષમાં સૌથી વધુ બેરોજગારી છે. દેશમાં તમામ સેક્ટરોમાં અંબાણી અને અદાણી છે. ઇન્ડિયા યુનિયન ઓફ સ્ટેટ છે નેશન નહીં. નાના અને મધ્યમ ઉદ્યોગો વગર મેક ઇન ઇન્ડિયા નહીં બની શકે. બેરોજગારી વધી રહી છે અને સરકાર ભાષણો આપી રહી છે.

# ખેતી બેંકમાંથી લોન લેનારા રાજ્યના ખેડૂતો માટે મોટી જાહેરાત

**લોન બાકી હોય તેવા ખેડૂતોએ ૨૫ ટકા રકમ જ ભરવી પડશે**

ગુજરાત વંદન

કેન્દ્રીય બજેટમાં ખેડૂતો માટે મહત્વની જાહેરાતો કરવામાં આવ્યા બાદ ગુજરાત સરકાર દ્વારા મોટી ભેટ આપવામાં આવી છે. જેનો સીધો જ લાભ રાજ્યના 50 હજાર જેટલા ખેડૂતોને મળશે. રાજ્ય સરકારે તાજેતરમાં લીધેલ નિર્ણય પ્રમાણે, જે ખેડૂતોએ ખેતી બેંકમાંથી લોન લીધી હોય અને તેની ચુકવણી બાકી હોય તેવા ખેડૂતોએ માત્ર 25 ટકા રકમ ભરવાની રહેશે.

કેન્દ્ર દ્વારા રજૂ કરાયેલા સામાન્ય બજેટના બીજા જ દિવસે ગુજરાતના ખેડૂતો માટે મોટા રાહતના સમાચાર આવ્યા છે. ખેતી બેંકમાંથી લોન લીધેલા ખેડૂતો તેમની બાકીની રકમના 25 ટકા જ ભરપાઈ કરવાની રહેશે. 25 ટકા રકમ ભરાશે તો બાકીની રકમ માફ કરવાની મંજૂરી આપી દેવાઈ છે. આ જાહેરાતથી 50 હજાર ખેડૂતોને સીધો લાભ થશે. આ સમગ્ર યોજનાથી 150 કરોડ રૂપિયાની ખેડૂતોને રાહત મળશે. આ યોજનાનો લાભ માત્ર ખેતીબેંકના ખેડૂતોને મળશે તેવું પણ જણાવાયું છે. આ યોજના પાકધીરાણ કે પાકવીમા સંબંધિત નથી.

## નવા વર્ષે સરકારને ૨૭ ટકા ડિવિડન્ડ ઓછું મળશે

ગુજરાત વંદન

કેન્દ્ર સરકાર નવા નાણાંકીય વર્ષ 2022-23 દરમિયાન રિઝર્વ બેંક અને જાહેર ક્ષેત્રની બેંકો અને નાણાકીય સંસ્થાઓ તરફથી રૂ. 73,948 કરોડનું ડિવિડન્ડ મળવાની અપેક્ષા રાખે છે જે વાર્ષિક તુલનાએ 27 ટકા ઓછું છે. કુલ મળીને તે ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન રિઝર્વ બેન્ક, રાષ્ટ્રીયકૃત બેન્કો અને નાણાકીય સંસ્થાઓના ડિવિડન્ડ અથવા સરપ્લસ હેઠળ રૂ. 1,01,353 કરોડના સુધારેલા અંદાજ કરતાં લગભગ રૂ. 27,400 કરોડ ઓછું છે. ચાલુ નાણાકીય વર્ષે જ રિઝર્વ બેન્કે સરકારને રૂ. 99,122 કરોડનું ડિવિડન્ડ ચૂકવ્યું છે. આ ડિવિડન્ડની ચૂકવણી નાણાકીય વર્ષ 2020-21 માટે હતી જે ગયા વર્ષે મે મહિનામાં ચૂકવવામાં આવી હતી. બજેટ દસ્તાવેજ મુજબ, જાહેર ક્ષેત્રના સાહસો અને અન્ય રોકાણોમાંથી ડિવિડન્ડની રકમ રૂ. 46,000 કરોડના સંશોધિત અંદાજની સરખામણીએ રૂ. 40,000 કરોડ ઓછી રહેવાનો અનુમાન મૂકાયો છે. વર્ષ 2021-22ના સુધારેલા અંદાજ મુજબ રૂ. 1,68,247 કરોડના અંદાજની સામે આગામી નાણાકીય વર્ષનું કુલ ડિવિડન્ડ કલેક્શન રૂ. 1,31,948 કરોડ થશે.

# વોડાફોન-આઈડિયાના શેરમાં ૧૦ ટકાનો ઉછાળો




**CARE રેટિંગ્સે લોંગ ટર્મ બેંક ફેસિલિટી અને NCDનું રેટિંગ સુધાર્યું**

ગુજરાત વંદન

બુધવારે બજાર ખુલતા જ વોડાફોન આઇડિયાના શેરમાં 10 ટકાનો ઉછાળો આવ્યો હતો. દેવામાં ડુબેલી ટેલિકોમ કંપની વોડા આઇડિયાના ક્રેડિટ રેટિંગના રિવિઝન પછી શેરમાં વધારો થયો છે. વોડાફોનને કેર દ્વારા સ્ટેબલ રેટિંગ આપવામાં આવ્યું છે.

કેર રેટિંગ્સે લોંગ ટર્મ બેન્ક ફેસિલિટી અને નોન-કન્વર્ટિબલ ડિબેન્ચરના આધાર પર વોડા આઇડિયાનું રેટિંગ રિવાઇઝ કર્યું છે. આ અપડેટ બાદ બુધવારે ટ્રેડિંગ અગાઉ જ વોડાફોન આઇડિયાનો શેર 10 ટકા વધીને રૂ. 11.75 થયો હતો. ત્યારબાદ તે રૂ. 11.62 પર ચાલતો હતો. મંગળવારે આ શેર રૂ. 10.69 પર બંધ આવ્યો હતો. કેર રેટિંગ્સે ટેલિકોમ ઓપરેટરનું લોંગ ટર્મ બેન્ક ફેસિલિટી માટે રેટિંગ અપગ્રેડ કરીને સ્ટેબલ આઉટલૂક સાથે CARE B+ રેટિંગ આપ્યું હતું. અગાઉ આ રેટિંગ CARE B- (નેગેટિવ ઇમ્પલિકેશન સાથે ક્રેડિટ વોચ) હતું. એજન્સીએ વોડાફોન આઇડિયાના એનસીડીનું રેટિંગ પણ વધારીને CARE B+ કર્યું છે જે અગાઉ CARE B- (નેગેટિવ ઇમ્પલિકેશન સાથે ક્રેડિટ વોચ) હતું. ડિસેમ્બર 2021માં બાવન સપ્તાહની ટોચ રૂ. 16.79 પર પહોંચ્યા બાદ વોડાફોન આઇડિયાનો શેર લગભગ 35 ટકા જેટલો ઘટ્યો છે. વોડા આઇડિયાએ તેના સરકારી દેવાને ઇક્વિટીમાં રૂપાંતરિત કરવાનો નિર્ણય લીધો ત્યારથી શેર પ્રેશર હેઠળ છે. ગત 5 ઓગસ્ટે શેર 4.55 રૂપિયાના ભાવને સ્પર્શી ગયો હતો જે છેલ્લા બાવન સપ્તાહની સૌથી નીચી સપાટી હતી.

ડિસેમ્બર 2021માં તમામ ટેલિકોમ કંપનીઓએ મોબાઈલ ટેરિફમાં નોંધપાત્ર વધારો કર્યો હતો. ચાલુ વર્ષમાં પણ મોબાઈલ ટેરિફ વધવાની શક્યતા હોવાથી ટેલિકોમ કંપનીઓ માટે આઉટલૂક સુધર્યું છે.વોડાફોન આઇડિયા હાલમાં ફંડ એકત્ર કરવા માટે પ્રયાસ કરી રહી છે જે માર્ચમાં પૂર્ણ થવાની શક્યતા છે. તેણે ખાતરી આપી છે કે સરકાર આ કંપનીમાં હિસ્સો મેળવશે તો પણ તે પ્રોફેશનલ મેનેજમેન્ટ જારી રાખશે. તાજેતરમાં એનાલિસ્ટ કોલમાં ટેલિકોમ કંપનીના મેનેજમેન્ટે જણાવ્યું હતું કે રિફોર્મ કરવામાં આવ્યા પછી તેમાં રોકાણકારોનો રસ વધ્યો છે. ત્રીજા ક્વાર્ટરમાં વોડા આઇડિયાની ખોટ રૂ. 7234 કરોડ હતી જે અગાઉના ત્રણ મહિનામાં રૂ. 7144.6 કરોડ હતી. કંપનીના ઓપરેટિંગ અને વ્યાજખર્ચમાં વધારો થયો છે.

## એર ઈન્ડિયા બાદ હવે NINL પણ ટાટાની થશે

ગુજરાત વંદન

એર ઈન્ડિયા બાદ હવે સરકાર ટાટા ગ્રુપને વધુ એક સરકારી કંપની વેચશે. સરકારે જાહેર ક્ષેત્રની કંપની નીલાચલ ઈસ્પાત નિગમ લિમિટેડ (NINL)ને ટાટા સ્ટીલ લોંગ પ્રોડક્ટ્સ લિમિટેડને રૂ. 12,100 કરોડમાં વેચવાના પ્રસ્તાવને મંજૂરી આપી છે.

ટાટા જૂથની બીડને આર્થિક બાબતોના કેન્દ્રીય મંત્રીમંડળ તરફથી પણ મંજૂરી મળી ચૂકી છે. ટાટા ગ્રૂપની કંપની નીલાંચલ ઇસ્પાત નિગમમાં 93.7 ટકા હિસ્સો ખરીદશે. નીલાંચલ ઇસ્પાત નિગમ એ ચાર જાહેર સાહસો –



એનએમટીસી, એનએમડીસી, ભેલ અને મેકોન તેમજ ઓરિસ્સા સરકારના સાહસો – ઓએમસી અને IPICOLનું સંયુક્ત સાહસ છે. નીલાંચલ ઇસ્પાત ઓરિસ્સાના કલિંગનગર ખાતે 11 લાખ ટનની ક્ષમતા ધરાવતું ઇન્ટિગ્રેડેટ સ્ટીલ પ્લાન્ટ ધરાવે છે. કંપની ખોટ કરી રહી છે અને પ્લાન્ટ 30મી માર્ચ 2020થી બંધ છે.નીલાંચલ ઇસ્પાત નિગમ માટે ટાટા સ્ટીલ લોંગ પ્રોડક્ટસ સૌથી મોટા બિડર તરીકે ઉભરી આવ્યુ છે. આ સરકારી મેટલ યુનિટ ખરીદવાની રેસમાં ત્રણ કંપનીઓ - ટાટા જૂથ ઉપરાંત જિંદાલ સ્ટીલ-પાવર અને નલવા સ્ટીલ-પાવરનું કોન્સોર્ટિયમ, જેએસડબ્લ્યુ સ્ટીલ સામેલ હતી. નીલાંચલ ઇસ્પાત ઉપર 31 માર્ચ, 2021 સુધીમાં રૂ. 6600 કરોડથી વધુનું દેવુ હતુ અને રૂ. 3487 કરોડની નેગેટિવ નેટવર્થ અને કુલ ખોટ રૂ. 4228 હતી. નોંધનિય છે કે, ટાટા ગ્રૂપ 69 વર્ષ બાદ એર ઇન્ડિયાને રૂ. 18,000 કરોડમાં સરકાર પાસેથી પરત ખરીદી લીધી છે. હવે વધુ એક સરકારી કંપની ટાટા જૂથની માલિકીની થઇ જશે.

## કંપનીનો એક નિર્ણય અને શેર બજારમાં દોડવા લાગ્યો ટાટા ગ્રુપનો આ શેર, લાગી અપર સર્કિટ

ગુજરાત વંદન

### કેમ લોઅર સર્કિટ લાગતી હતી ?

ટાટા ટેલિસર્વિસિસે હાલમાં જ શેરબજારને આપેલી માહિતીમાં જણાવ્યું હતું કે તેના મૂલ્યાંકન મુજબ, વ્યાજનું નેટ પ્રેઝન્ટ વેલ્યુ (NPV) લગભગ રૂ. 850 કરોડ છે. આ અંદાજ ટેલિકોમ્યુનિકેશન વિભાગ દ્વારા પુષ્ટિને આધીન છે. વ્યાજને ઈક્વિટીમાં રૂપાંતરિત કરવાથી કંપનીમાં સરકારનો હિસ્સો 9.5 ટકા થશે. DoT દ્વારા નોટિસમાં આપવામાં આવેલી ગણતરી પદ્ધતિ મુજબ, 14 ઓગસ્ટ, 2021ની સંબંધિત તારીખે કંપનીની સરેરાશ શેરની કિંમત ઇક્વિટી દીઠ આશરે રૂ. 41.50 છે. ત્યારથી, આ ફ્લાઇંગ સ્ટોકમાં વેચાણનો તબક્કો શરૂ થયો હતો.

ટાટા ગ્રુપની કંપની ટીટીએમએલના શેરોને છેલ્લા 20 દિવસથી કોઈ ખરીદવા માટે તૈયાર નહોતું. શેર 290.15 રૂપિયાથી ઘટીને 141.75 રૂપિયા પર આવી ગયો હતો. 11મી જાન્યુઆરીથી તે સતત લોઅર સર્કિટ લાગી રહી હતી અને આ સમયગાળા દરમિયાન કોઈ આ સ્ટોકમાં પૈસા રોકવા તૈયાર નહોતું અને ખરીદદારોના અભાવે લોકોનું નુકસાન અટકાવી શકાયું ન હતું. પરંતુ, આજે એક સમાચાર પછી, બજાર ખુલતાની સાથે જ TTMMમાં અપર સર્કિટ લાગી છે.

NSE પર ગઇકાલે સવારે 9:32 વાગ્યે TTMLનો સ્ટોક 4.97 ટકા વધ્યો હતો અને તેના માત્ર ખરીદદારો હતા. કુલ 2,60,48,969 શેર બાય ઓર્ડરમાં હતા. તમને જણાવી દઈએ કે 11 જાન્યુઆરીએ TTMLનો સ્ટોક રૂ. 290.15ના સર્વકાલીન ઉચ્ચ સ્તરે બંધ થયો હતો. અગાઉ, તેણે એક વર્ષમાં 2830 ટકાનું આશ્ચર્યજનક વળતર આપ્યું હતું.

23 ડિસેમ્બરથી, તે લગભગ દરરોજ અપર સર્કિટ મારી રહ્યો હતો. 23 ડિસેમ્બરે રૂ. 154.10 પર બંધ થયો હતો અને 10 જાન્યુઆરીએ રૂ. 290.15 પર પહોંચ્યો હતો. આ સમયગાળા દરમિયાન, તેણે રોકાણકારોને 188 ટકા વળતર આપ્યું.

હકીકતમાં મંગળવારે ટાટા ટેલીસર્વિસેઝ લિ (ટીટીએસએલ) એ સમાયોજિત કુલ આવક (AGR) બાકીને સંબંધિત વ્યાજને ઇક્વિટીમાં બદલવાની યોજના રદ્દ કરી દીધી છે. પાછલા દિવસોમાં ટાટા ટેલીસર્વિસે સરકારને ચુકવવાના થતા 850 કરોડ રૂપિયાના વ્યાજને ઇક્વિટીમાં ફેરવવાનો નિર્ણય લીધો હતો, જે કંપનીના 9.5 ટકા ભાગીદારીને બરાબર છે. પરંતુ હવે કંપનીએ આ નિર્ણય રદ્દ કરી દીધો છે.

# "સસરાજી"

ટૂંકી વાર્તા

લેખક: અશોકસિંહ એ. ટાંક

છેલ્લા કેટલાય દિવસોથી ચાલતી લગ્નની તૈયારીનો ધમધમાટ હવે પૂરો થઈ ગયો હતો. ઓમનાથે તેના કાળજાનાં ટુકડાને સાસરે વળાવી દીધો.ને પોતાનાં ઘરે દિકરાની વહુ લાવી નાખી.બંને ભાઈ - બહેનનો પ્રસંગ એક સાથે જ પતાવી ઓમનાથ હળવા થઈ ગયા. ઓમનાથ નાની ઉંમરે વિધુર થઈ ગયા હતાં. દિકરો અર્શ બાર વર્ષને દિકરી આયુષી દસ વર્ષની હતી, જ્યારે ઓમનાથના પત્ની તેને નોધારા મૂકી સ્વર્ગે સિધાવ્યા ત્યારે.કુટુંબ,સગા,સબંધી બધાએ ઓમનાથને પુનઃ લગ્ન કરવા ઘણું સમજાવ્યાં. ને હજું ઓમનાથની ઉંમર પણ ક્યાં એટલી મોટી હતી! સારી નોકરી પણ હતી.જો તે ઈચ્છેત તો તેને સારું પાત્ર પણ મળી જાત. પરંતુ ઓમનાથ મક્કમ હતાં. તેણે માતા અને પિતા બંનેનો રોલ સારી રીતે નિભાવ્યો. રસોઈ કરી બંને બાળકોને જમાડી સ્કૂલે રવાના કરી પોતાની નોકરીએ જતા. ધીમેધીમે આયુષી મોટી થવા લાગતા તે પપ્પાને કામમાં મદદ કરતી. ને અમૂક વર્ષો પછી તો આયુષીએ ઘર સંભાળી લીધું હતું. બંને ભાઈ બહેને કોલેજ પૂરી કરી લીધી હતી. અર્શે નાની નોકરી ચાલુ કરી દીધી. આયુષી ઘર સંભાળે

હવે ઓમનાથને ઘરનું કંઈ કામ નહોતું કરવું પડતું.બંને ભાઈ બહેન હવે મોટા થઈ ગયા હોવાથી એ સારી પેઠે જાણતા હતા, કે પપ્પાએ આપડા સારા માટે જ બીજા લગ્ન નહોતા કર્યા. આનાં લીધે બંનેનાં દિલમાં પપ્પા માટે ખૂબ માન હતું.

હવે તો ઓમનાથ પણ આયુષી ઉપર નિર્ભર થઈ ગયા હતા. " બેટા આયુ, રસોઈને કેટલી વાર છે? મારે ઓફિસનું મોડું થાય છે.બેટા આયુ જો તો જરા મારો હાથ રૂમાલ મળતો નથી.બેટા આયુ, મારા ચશ્મા ક્યાં ગયા? આયુ મારી ગાડીની ચાવી તો દે..." ઓમનાથ ઓફિસે ન જાય ત્યાં સુધી આવી રાડારાડી કર્યા કરે. ને આવતાની સાથે જ. "બેટા આયુ, પાણી લાવજે જરા, બેટા આયુ, મસાલાવાળી ચા બનાવ ને બેટા આજે તો થાકી ગયો છું." નાં પોકાર ઘરમાં ગુંજ્યા કરતાં. આયુષી પણ પપ્પાનાં આ બધાં કામ હોંશે હોંશે કરતી. ક્યારેક પપ્પાને માથું દુઃખે તો વિક્સ લગાવી આપે.

ઘણી વાર ત્રણેય બેઠાં હોય ત્યારે ઓમનાથ કહેતાં, " આયુ તું સાસરે જતી રહે પછી હું હેરાન થઈ જઈશ."

આયુષી કહેતી, " લે.. પપ્પા, હું જઈશ ત્યાં ભાભી આવી જશે.તેને પણ મારી જેમ કામ ચીંધી ચીંધી ને દોડાવ્યે રાખવાની."

ત્રણેય હસી પડતા. ઓમનાથ કહેતાં, " બેટા, દિકરી એ દિકરી ને વહું એ વહું."

" ના, પપ્પા એવું નથી વહું પણ કોઈકની તો દિકરી જ ને? " આયુષી વિરોધ કરતાં કહેતી.

આમને આમ સુખ દુઃખનાં દિવસો પસાર થઈ ગયા. સારું ઠેકાણું ગોતી. બંને ભાઈ બહેનના લગ્ન કરી દીધા. ઓમનાથની માથેથી જાણે એક બોજ હલકો થઈ ગયો. ઓમનાથ નિવૃત્ત થઈ ગયા હતા. દીકરા અર્શ ને પણ સારી જોબ મળી ગઈ હતી.અર્શ આખો દિવસ પોતાની કંપનીમાં કામે જતો રહેતો. તેની પત્ની આશુ આખો દિવસ ઘર કામ કર્યા કરતી.

ઓમનાથ આખો દિવસ ઘરે એકલા કંટાળતા. ટીવી પણ કેટલું જુએ? જિંદગી આખી તેણે ઘર ને ઓફિસ જ સંભાળી છે.તેને નથી કોઈ ખાસ મિત્રો કે જેની સાથે તે સમય વિતાવી શકે.નથી તેણે કોઈ ધાર્મિક પ્રવૃત્તિ કરી નહિતર તે ક્યાંક આશ્રમ કે મંદિરમાં સમય કાઢી શકે. પાનમાવાનું બંધાણ હોય તો પણ ગલ્લે જઈ ગપાટા મારી બે કલાક કાઢી શકાય.

તેને આયુષી સાંભરી આવી. તરસ લાગે તો વહું પાસે પાણી મંગાવતા પણ તેને સારું નોતું લાગતું.તો વહું રસોડામાં કામ કરતાં હોય ને ત્યાં જઈ જાતે પાણી પીવું પણ યોગ્ય નો કહેવાય. નવરા નવરા બધું ખાવાનું પણ મન થાય પણ કોને કહેવું? ઓમનાથ થાકી ગયાં. અર્શ કામે જાય પછી તે એકલા પડી જતાં. ઘડીક ટીવી જુએ. વળી પાછું એમ થાય કે વહુને થશે કે મારા સસરા તો આખો દિવસ ઘરમાં પડ્યાં રહે છે.આશુ સાફસફાઈનું કામ ચાલું કરે ત્યારે બહાર ગેટે ઉભા રહે.વળી પાછા મનમાં વિચારે કે આવતાં જતાં લોકો શું વિચારશે? થોડા દિવસોમાં તો ઓમનાથનું શરીર લેવાવા લાગ્યું.આશુ આ બધું જોયા કરતી.પણ નવી નવી હતી ત્યાં સુધી કંઈ બોલી ન શકી.સસરાની હાલત જોઈ આશુ સમજી ગઈ હતી.અર્શ ને પણ પપ્પાની ચિંતા થતી હતી.તેને તો સમજાતું જ ન હતું કે પપ્પાને શું થાય છે. એક દિવસ તો તેણે તેના પપ્પાને હોસ્પિટલ ચેકઅપ કરાવવા માટે લઈ જવા તૈયાર થયો.પણ ઓમનાથ તૈયાર જ ના થયા.

" મને કાઈ રોગ નથી ભાઈ, મારે દવાખાને નથી જાવું."

થોડા દિવસ થયા એટલે આશુ એ અર્શને પપ્પાજી નો મુંઝારો સમજાવ્યો.

આજે ત્રણેય જણ રાત્રે બેઠાં હતાં. આશુએ વાત ચાલું કરી, " પપ્પા, અર્શ કહેતાં હતાં કે તમે આયુષી બેનને આખો દિવસ કામ ચિંધ્યા કરતાં.ને આખો દિવસ તેના નામની બૂમો પાડયા કરતાં.જ્યારે હવે તો તમે મને કંઈ કામ પણ નથી ચીંધતા ને આખો દિવસ સૂનમૂન રહો છો."

ઓમનાથે કહ્યું, " બેટા, આયુ મારી દીકરી હતી.તમે મારા દીકરાનાં વહું છો.આયુ નો હું પપ્પા છું.તમારો તો સસરા કહેવાવ.તમારી મારે મર્યાદા રાખવી પડે."

ઘડીક શાંતિ પ્રસરી ગઈ. અર્શ પણ નીચું જોઈ ગયો.

આશુ બોલી, " તો સસરાજી, તમે જ મારા પપ્પા ના થઈ શકો? આયુબેન ની જેમ હું તમારી આશુ ના થઈ શકું?"

ઓમનાથ આશુની સામે જ જોઈ રહ્યા.તે ગળગળા થઈ ગયા. તેને પોતાની સાસરે વળાવેલી આયુ સામે ઉભેલી દેખાઈ.

અર્શે કહ્યું, "પપ્પા તમે ફરી હતા તેવા જ પપ્પા બની જાવ ને!!"

ઓમનાથે જોરથી કહ્યું, " બેટા આશુ..... જમવાની કેટલી વાર છે? થાળી તૈયાર કર કકડી ને ભૂખ લાગી છે."

ત્રણેય હસી પડ્યાં....

...

# વડોદરાની રેલ-પરિવહન સંસ્થા હવે ભારતીય ગતિ શકિત વિશ્વ વિદ્યાલય બની જશે

**એનઆરટીઆઈને કેન્દ્રીય વિશ્વ વિદ્યાલયનો દરજજો મળવાથી છાત્રાઓને ફાયદો થશે**

ગુજરાત વંદન



કેન્દ્ર સરકાર ગુજરાતના વડોદરા સ્થિત રાષ્ટ્રીય રેલ તેમજ પરિવહન સંસ્થાન (એનઆરટીઆઈ) નું નામ બદલીને ભારતીય ગતિ શકિત વિશ્વ વિદ્યાલય (બીજીએસવી) કરવા જઈ રહી છે. આ સાથે જ તેને કેન્દ્રીય વિશ્વ વિદ્યાલયનો દરજજો આપવામાં આવશે. આજથી શરૂ થઈ રહેલા બજેટ સત્રમાં સરકાર બીજીએસવી વિધેયક રજુ કરવા જઈ રહી છે.

આ નિર્ણયથી રેલ અને સડક પરિવહન ક્ષેત્ર સંબંધી ડીગ્રીઓનું મહત્વ દેશ-વિદેશમાં વધી જશે તેનો સીધો ફાયદો લાખો છાત્ર-છાત્રાઓને થશે. રેલ અધિકારીઓએ જણાવ્યું હતું કે રાષ્ટ્રીય રેલ અને પરિવહન સંસ્થાને 2018 માં વડોદરામાં વિશ્વ વિદ્યાલય તરીકે સ્થાપિત કરવામાં આવી હતી તેનું લક્ષ્ય રેલ-રોડ ટ્રાન્સપોર્ટ સીસ્ટમ તેમજ સંશોધન કાર્યોને પ્રોત્સાહન આપવાનું છે. એનઆરટીઆઈને કેન્દ્રીય વિશ્વ વિદ્યાલયનો દરજજો મળવાથી છાત્રાઓને ફાયદો થશે. કેન્દ્ર પાસેથી નાણાંકીય મદદ મળવાથી ભવિષ્યમાં પાઠયક્રમો અને સંશોધનમાં વિસ્તાર કરવામાં આવશે.

હાલમાં તે અલગ અલગ બેક ગ્રાઉન્ડના શિક્ષણવિદો વૈજ્ઞાનિકો અને એન્જીનીયરોને એક સાથે લાવી રહ્યું છે તેના શૈક્ષણીક અને ઉદ્યોગ ભાગીદારી અને સહયોગનો લાભ ઉઠાવવાની યોજના બનાવાઈ રહી છે. તે રેલવે પ્રતિષ્ઠાનોમાં પરિયોજના આધારીત શિક્ષણ પ્રદાન કરે છે તે છાત્ર સમુદાયની સાથે સાથે ફેકલ્ટી વિકાસની પહેલ માટે એક અનુભવાત્મક શિક્ષણ પ્રયોગ શાળા તરીકે કામ કરશે. જેનાથી એક ઉચ્ચ અનુભવ અને પ્રયોગ આધારીત શિક્ષણ દ્રષ્ટિ કોણના માધ્યમથી વિશ્વ વિદ્યાલય માટે એક અલગ ચરિત્ર નિર્માણ થશે.

## ગુજરાતને...

(પહેલા પાનાનું ચાલુ)

અમદાવાદ જિલ્લાના ધંધુકામાં ભરવાડ સમાજના એક યુવાનની ગોળી મારીને હત્યા કરવામાં આવી છે એણ કહેવાય છે કે, આ યુવાને સોશિયલ મિડિયા પર કોઈ ધાર્મિક ટીકા ટિપ્પણી કરી હતી પોલીસે બંન્ને પક્ષોને બોલાવીને શુલેહ શાંતિ અને સમાધાન કરાવ્યું હતું, પરંતુ સમાધાનથી સંતોષ ન થતા એક મૌલવી ઐયુબ જાવરાવાલા દ્વારા મુસ્લિમ ધર્મના બે યુવાનો શબ્બીર ઉર્ફે શાબા ચોપડા અને ઈમ્તિયાઝ પઠાણને ઉશ્કેરીને આ યુવાનની હત્યાની સોપારી આપવામાં આવી હતી.

હત્યાના પગલે પલીતો ચાંપવામાં આવ્યો હોય તેમ તરત જ ધંધુકા અને છેક કચ્છ સુધી તેના ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે હિન્દુ સંગઠનો વીએચપી બજરંગ દળ કરણીસેના સહિતના સંખ્યાબંધ સંગઠનો સક્રિય થયા અને ઠેરઠેર રેલીઓ યોજીને મામલતર કે જિલ્લા કલેકટરને આવેદવ પત્રો પાઠવીને કિશન ભરવાડના હત્યારાઓને જાહેરમાં એન્કાઉન્ટ કરવા અથવા જાહેરમાં ફાંસી આપાવાની લાગણી દર્શાવી છે. સૌથી કરૂણતા એ છે કે, મરનાર યુવાનના બે વર્ષ પહેલા જ લગ્ન થયા અને તેને બે મહિનાની બાળકી છે ગૃહમંત્રી હર્ષ સંઘવીએ મૃતકના પરિવારની મુલાકાત લઈને તેની દિકરીને હાથમાં લીધી ત્યારે અત્યંત ભાવુક થયા હતા. તેમણે પ્રતિજ્ઞાના રૂપમાં જાહેર કર્યું બહતું કે, આ ઘટનામાં દોષિતોને છોડવામાં નહીં આવે અને કડકમાં સકડક સજા થાય તેવા શ્રેષ્ઠ પ્રયાસો સરકાર કરશે..

ગુજરાત કોમી રમખાણોના મામલે ખૂબ જ સંવેદનશીલ રાજ્ય છે 1960માં અલગ ગુજરાત બન્યા બાદ 1969માં જગન્નાથ મંદિરને અભડાવવાના મામલે ભારે કોમી રમખાણો ફાટી નીકળ્યા હતા. ત્યાર બાદ 1985માં અનામત વિરોધી આંદોલને કોમી રમખાણોનું ભયાનક સ્વરૂપ ધારણ કર્યું હતુ અને સમગ્ર અમદાવાદના કોટ વિસ્તારની એવી સ્થિતિ હતી કે 3 મહિના સુધી લશ્કરને તૈનાત કરવાની ફરજ પડી હતી. 1985 બાદ 6 ડિસેમ્બર 1992માં બાંબરીનો ઢાંચો તોડી પડાયા બાદ ગુજરાતમાં કોમી છમકલા થયા હતા અને તેમાં માફિયા લતીફની મુખ્ય ભૂમિકા હોવાનું બહાર આવ્યું હતું. ત્યારબાદ 27 ફેબ્રુઆરી 2002ના રોજ સાબરમતી એક્સપ્રેસ ટ્રેનમાં અયોધ્યાથી પરત ફરી રહેલા ગુજરાતના કારસેવકોને નિશાન બનાવીને S6 નંબરનો ડબ્બો ગોધરા રેલવે સ્ટેશની બહાર સિંગલ ફળિયા ખાતે કટ્ટરપંથીઓ દ્વારા સળગાવી દેવામાં આવ્યો હતો જેમાં 59 કારસેવકો ડબ્બાની અંદર જીવતા સળગીને મૃત્યુ પામ્યા હતા. આ ગંભીર ઘટનાના પગલે જે પ્રત્યાઘાતો ગુજરાત આખામાં પડ્યા તે હજુ સુધી લોકોમાં મનમસ્તિક પર પડેલા છે. 20 વર્ષ પહેલા બનેલી એ ઘટનાને લોકો ભૂલી જવા માગે છે પરંતુ ધંધુકામાં કટ્ટરપંથી દ્વારા 'ઈસકી સજા તો યહીં હૈ ઔર ઉસકો ઉડા દો...'ની માનસિકતા ફરી એકવાર ગુજરાતને ભડકે બાળવાનુ રકોઈ કાવતરૂ પોલીસ અને સત્તાવાળાઓને લાગી રહ્યું છે કેમ કે, મૌલવી અને તેના બીજા સંબધોના તાર છે પાકિસ્તાન સુધી પહોંચે છે. દાવતે ઈસ્લામ નામની કટ્ટરપંથી સંસ્થા કે સંગઠનનું કનેકશન બહાર આવ્યું છે. ગોધરાકંડમાં પણ પાકિસ્તાનનું કનેકશન બહાર આવ્યું હતું ગુજરાતમાં, પોલીસના મતે કટ્ટરંપથીઓનુ સિલિપર શેલ ફરીથી સક્રિય બની રહ્યું છે. જે આવા બનાવોને પાર પાડવા તમામ પ્રકારની સાધન સહાય મદદગારી કરે છે. 27 ફેબ્રુઆરી અગાઉ ગુજરાતમાં કોઈ ધાર્મિક જનુન ન સર્જાય, ગોધરાકાંડ જેવુ ન થાય તે માટે પોલીસે તમામ લોકોને સોશિયલ મિડિયામાં કોઈ ભડકાવું કે ઉશ્કેરીજનક લખાણ કે ફોટો નહીં મુકવાની અપીલ કરી છે.

નોંધનીય છે કે, ધંધૂકાના યુવકને ટાર્ગેટ બનાવીને દિલ્હીના મૌલાના કમર ગની ઉસ્માનીએ ગુજરાતના મૌલાના ઐયુબ અને શબ્બીરની મુલાકાત કરાવી હત્યાના પ્લાન ઘડાવી દીધો હતો. આ કૃત્ય અંગે ધર્મમાં કોઇ ગુનો નથી તેવું સમજાવીને કટ્ટરતા ઊભી કરી હતી. એટલું જ નહીં, આ હત્યા થયા પહેલાં જ આરોપીને લીગલ મદદ કરવાની તૈયારી બતાવી હતી.

# ગુજરાતી કલાકારો કેસરિયા રંગમાં રંગાયા...

ગુજરાત વંદન

ગુજરાત વિધાનસભા 2022ની ચૂંટણીઓ નજીક આવી રહી છે જેના પગલે અત્યારથી જ સત્તા પક્ષ ભાજપ સહિતની પાર્ટીઓ મતદારો પર પોતાની પકડ મજબૂત કરવા માટે શક્ય તમામ પગલા લઈ રહી છે. આ રણનીતિના ભાગરૂપે બુધવારે ગાંધીનગરના કોબા સ્થિત કમલમમાં ગુજરાતી કલાજગતના મમતા સોની, ભક્તિ કુબાવત સહિતના કલાકારોએ ભાજપના પ્રદેશ અધ્યક્ષ સીઆર પાટીલ અને ગોરધન ઝડફિયાની ઉપસ્થિતિમાં ભાજપમાં જોડાયા હતા. કચ્છના આગેવાન જાગૃતિ શાહ ભાજપમાં જોડાયા છે. આ ઉપરાતં કલાકારોના નામની વાત કરીએ તો ભક્તિ કુબાવત, મમતા સોની, જ્હાનવી પટેલ, આકાશ ઝાલા, હેમાંગ દવે, હિતલ ઠક્કર, પ્રશાંત બારોટ, કામિની પટેલ અને સન્ની કુમાર ખત્રી ભાજપમાં જોડાયા છે. કમલમ ખાતે સી.આર. પાટીલે તમામનું ભાજપમાં સ્વાગત કર્યું હતુ. આ તમામ ભાજપના સાંસ્કૃતિક સેલ સાથે જોડાયા છે. નોંધનીય છે કે, આ પહેલા પણ કેટલાક કલાકારોને ભાજપમાં જોડવામાં આવ્યા હતા. તાજેતરમાં જ આપને રામ રામ કરીને ગાયક કલાકાર વિજય સુંવાળાએ ભાજપનો ભગવો ધારમ કરી લીધો છે જેમ જેમ ચૂંટણી નજીક આવતી જઇ રહી છે. તેમ તેમ હવે અન્ય કલાકારો પણ ભાજપ સાથે જોડાઇ રહ્યા છે. મહત્વનું છે ગુજરાત વિધાનસભાની ચૂંટણી આ વર્ષના અંત સુધીમાં યોજાઇ શકે છે.

## પાંચ..

(પહેલા પાનાનું ચાલુ)

જાહેરાત કરી છે, જેનો સ્પષ્ટ અર્થ એ છે કે પાંચ રાજ્યો જ્યાં પંજાબ, ઉત્તર પ્રદેશ, ગોવા, મણિપુર અને ઉત્તરાખંડમાં ચૂંટણી થઈ રહી છે ત્યાંના મતદારોની નારાજગીનો સામનો કરવો ન જોઈએ. મતદારો એક્સાઈઝ ડ્યુટીમાં 2 રૂપિયાનો વધારો કર્યા બાદ પેટ્રોલ 2 થી 2.5 રૂપિયા પ્રતિ લીટર મોંઘુ થશે. સાદા પેટ્રોલ- ડીઝલને નોન-બ્લેન્ડેડ પેટ્રોલ ડીઝલ કહેવામાં આવે છે. એક્સ્ટ્રા પ્રીમિયમ, સ્પીડ જેવી બ્રાન્ડ્સ બ્લેન્ડેડની શ્રેણીમાં આવે છે. જ્યારે મિશ્રિત બળતણમાં ઇથેનોલ ઉમેરવામાં આવે છે. સરકાર વધતા પ્રદૂષણને નિયંત્રિત કરવા માટે ઇથેનોલના ઉપયોગને પ્રોત્સાહન આપી રહી છે.

## બોડકદેવ...

(છેલ્લા પાનાનું ચાલુ)

નામે બે ફ્લેટ છે પણ તેઓ સિંગલ મેઇન્ટેનન્સ જ આપે છે.જ્યારે જે મકાન માલિકોએ મકાન ભાડે આપ્યા છે તેમની પાસેથી ડબલ મેઇન્ટેનન્સ લેવામાં આવે છે.જેની સામે તેમનો વિરોધ છે.

## સ્વસ્થ...

(છેલ્લા પાનાનું ચાલુ)

પ્લાન્ટથી ટ્રંક લાઈન નાખવામાં આવશે. ઉદ્યોગો કોર્પોરેશનનું કે ભૂગર્ભ જળ ના વાપરે તે માટે 290 કરોડના ખર્ચે વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ શરુ કરી તેમને ટ્રીટ કરેલું પાણી પૂરું પાડવાની પણ દરખાસ્ત મૂકવામાં આવી છે.

સ્માર્ટ સિટી પ્રોજેક્ટ્સની વાત કરીએ તો, કોર્પોરેશનમાં ડિજિટલ ટ્રાન્ઝેક્શન્સને 90 ટકા સુધી લઈ જવાની દરખાસ્ત બજેટમાં મૂકાઈ છે. આ ઉપરાંત, બીઆરટીએસ અને મેટ્રો બંનેમાં ચાલે તેવા સ્માર્ટકાર્ડ પણ લોન્ચ કરવામાં આવશે. શહેરમાં 30 કરોડના ખર્ચે વિન્ડ પાવર પ્લાન્ટ સ્થાપવાની પણ બજેટમાં દરખાસ્ત મૂકાઈ છે. 16 કરોડના ખર્ચે સેન્સર સિસ્ટમ ઉભી કરી દબાણ થતાં અટકાવવાનો પણ પ્રસ્તાવ બજેટમાં રજૂ કરાયો છે. રિવરફ્રંટ ફેઝ 2 માટે પણ 1075 કરોડની ફાળવણી કરવામાં આવી છે.

## વારાણસી...

(પહેલા પાનાનું ચાલુ)

નકલી વેક્સિનને દિલ્હી થઈને દક્ષિણ ભારતનાં રાજ્યોમાં સપ્લાય કરવામાં આવી રહ્યો હતો. જપ્ત કરવામાં આવેલ દવાઓના જથ્થાની કિંમત લગભગ 4 કરોડ રુપિયા જેટલી છે.

પોલીસ અધિકારીએ જણાવ્યું કે આરોપીઓની પૂછપરછ કરવામાં આવી રહી છે. તેમની ગેંગની માહિતી એકઠી કરીને તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. રિકવર કરાયેલી દવાઓની બજાર કિંમત લગભગ 4 કરોડ રુપિયા છે.

## ઉદયપુરના..

(પહેલા પાનાનું ચાલુ)

તીવ્ર ઠંડીની લહેર જોવા મળી રહી છે, જેમાં કેટલાક વિસ્તારોમાં તાપમાનનો પારો વધુ ગગડતા જનજીવન ખોરવાઈ ગયું હતું જેના પગલે લક્ષ્યરાજે દેશમાં વધતી જતી શીત લહેરોની પણ નોંધ લીધી હતી ઠંડી લોકોના આરોગ્ય અને એકંદર સુખાકારીને ગંભીર અસર કરે છે જેમાં ખાસ કરીને કામદારો, ખેડૂતો અને નાના શેરી ફેરિયાઓને ઠંડા પવનનીથી ખૂબ જ પ્રભાવિત થાય છે, જે તેમની આજીવિકા પર પ્રતિકૂળ અસર કરે છે એટલું જ નહીં દેશના અર્થતંત્ર પર અસર કરે છે. આ ગંભીર મુદ્દા પર ધ્યાન કેન્દ્રિત કરીને, લક્ષ્યરાજે સ્વેટર દાનની ઝુંબેશ ચલાવી અને એક દિવસમાં 2800 થી વધુ લોકોને દાન આપ્યું. આ 2 રેકોર્ડ સાથે, લક્ષ્યરાજે હવે 4 વર્ષમાં 6ઠ્ઠી વખત ગિનીસ વર્લ્ડ રેકોર્ડમાં પ્રવેશવાની અનોખી સિદ્ધિ મેળવી છે. લક્ષ્યરાજને મળેલા તમામ રેકોર્ડ પરોપકારના ક્ષેત્રમાં રહ્યા છે.

# ગુજરાતમાં મહિલા કંડક્ટરોને પરેશાની

ગુજરાત વંદન

એસટી નિગમની બસમાં એડવાન્સ રિઝર્વેશન કરાવનારા પેસેન્જરોને બસ ઉપડવાના સમય પહેલા બસની માહિતી સાથે કંડક્ટરનો પર્સનલ મોબાઈલ નંબર પણ મોકલાય છે. પરંતુ ઘણીવાર પેસેન્જરો આ મોબાઈલ નંબર પર કંડક્ટરો સાથે દુર્વ્યવહાર કરવાની સાથે સોશિયલ મીડિયા પર ગુડ મોર્નિંગ, ગુડ ઈવનિંસ સહિતના મેસેજ પણ મોકલે છે. જેમાં ઘણીવાર પેસેન્જરો રાતે પણ કંડક્ટરોને ફોન કરી વાત કરવાની કોશિષ કરે છે. આ પરિસ્થિતિમાં સૌથી વધુ હાલાકી મહિલા કંડક્ટરોને થાય છે.એસટી નિગમમાં લગભગ 13500 કંડક્ટરો ફરજ બજાવી રહ્યા છે જેમાં 2500 મહિલા કંડક્ટરો પણ છે. એડવાન્સ બુકિંગ કરાવનારા પેસેન્જરોને કંડક્ટરોના પર્સનલ મોબાઈલ નંબર પેસેન્જરોને મોકલાય છે. મહિલા કંડક્ટરોના નંબર મળતા કેટલાક પેસેન્જરો તેમને મેસેજ મોકલે છે.

## સીરમ..

(પહેલા પાનાનું ચાલુ)

મૃત્યુ કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને રસી ઉત્પાદક સીરમ સંસ્થાની ભૂલને કારણે થયું છે. તેથી, કોર્ટે સીરમ ઇન્સ્ટિટ્યૂટને તેમના નુકસાન માટે વળતર તરીકે એક હજાર કરોડ રૂપિયા ચૂકવવાનો નિર્દેશ આપવો જોઈએ.

તેણે પોતાની અરજીમાં એમ પણ કહ્યું છે કે, ડ્રગ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા અને AIIMSએ રસીની બિન-આડઅસર વિશે ખોટી માહિતી આપી હતી અને રાજ્ય સરકારે પણ તેની તપાસ કર્યા વિના રસી આપી હતી. તેણે એમ પણ કહ્યું છે કે, તે પોતાની પુત્રીને ન્યાય મેળવવા અને અન્ય લોકોના જીવ બચાવવા માટે આ અરજી દાખલ કરી રહ્યો છે. તેમની માંગ છે કે સરકારે સ્વીકારવું જોઈએ કે તેમની પુત્રીને ખોટી માહિતી આપીને રસી આપવામાં આવી હતી.

પીડિતાના પિતાએ પોતાની અરજીમાં વળતર તરીકે સીરમ ઈન્સ્ટિટ્યૂટ પાસેથી એક હજાર કરોડ રૂપિયાની માંગણી કરી છે. તે જ સમયે, તેણે એવો પણ દાવો કર્યો છે કે ગૂગલ, યુટ્યુબ, મેટા જેવી કંપનીઓ રસીના કારણે મૃત્યુના સાચા આંકડા જાહેર કરી રહી નથી. તેથી કોર્ટે કેન્દ્ર સરકારને આ કંપનીઓ સામે પણ કાર્યવાહી કરવાનો આદેશ આપવો જોઈએ.

## સ્વામિ...

(છેલ્લા પાનાનું ચાલુ)

લાખો મૂર્તિઓ વિશ્વભરના ભક્તોના ઘરોમાં શોભી રહી છે. સ્વામીજીની ભાવના રહી છે કે ભગવાનની આ સુંદર મૂર્તિઓને જોઈને લોકો તેને હૃદયમાં વસી લે, જેથી દરેક વ્યક્તિનું મન મંદિર બની જાય. આ વિશ્વવિક્રમ કાર્યક્રમ દ્વારા સ્વામિનારાયણ સંપ્રદાય, સનાતન હિન્દુ પરંપરા અને ભારતીય સંસ્કૃતિની સુવાસ સમગ્ર વિશ્વમાં ફેલાવવા માટે આ કાર્યનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ પ્રસંગે મુંબઈ મહાનગરના પર્યાવરણના રક્ષણ માટે વૃક્ષારોપણનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં અનેક મહાનુભાવો અને સંતોના આશીર્વાદ સાથે સંતોના આશીર્વાદ પણ પ્રાપ્ત થયા હતા. શ્રી સ્વામિનારાયણ ભગવાનના સિદ્ધાંતો અને ઉપદેશો લોકો સુધી પહોંચ્યા. તેથી જ ધર્મ અને પર્યાવરણનો અનોખો સંગમ ધરાવતો આ કાર્યક્રમ એ દિશામાં પૂજ્ય ગુરુજી શ્રી જ્ઞાનજીવનદાસજીનો પ્રયાસ છે. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ અને જાણીતા વાંસળીવાદક પંડિત શ્રી રોનુ મજુમદાર અને ઉત્તર મુંબઈના સાંસદ શ્રી ગોપાલ શેટ્ટીજીએ તેમના વક્તવ્યમાં સ્વામિનારાયણ સંપ્રદાયના આધ્યાત્મિક અને સંસ્કાર સિંચાઈના કાર્યોની પ્રશંસા કરી હતી.

## નિર્મલા...

(પહેલા પાનાનું ચાલુ)

સંસ્કૃતિ અને ઈતિહાસ ઉપર ગર્વ છે. નાણામંત્રીની આ ટીપ્પણી બાદ કોંગ્રેસે ટવીટર પર જ હેશટેગ યુપી મેરા અભિમાનની શરૂઆત કરી દીધી છે. યુપી કોંગ્રેસના ટવીટર હેન્ડલ પર લખાયું કે નિર્મલા સીતારમણે પોતાના શરમજનક નિવેદનથી માત્ર યુપીના બૌદ્ધિક ઈતિહાસ અને ચેતનાને જ નહીં બલ્કે સમગ્ર રાજ્યની જનતાને અપમાનિત કરી છે. યુપીની જનતા આ અપમાનનો બદલો જરૂર લેશે.

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ બજેટ પર નિશાન તાકતા કહ્યું હતું કે મોદી સરકારનું બજેટ શૂન્ય છે. તેમાં પગારદાર વર્ગ, મધ્યમ વર્ગ, ગરીબ-વંચિત, યુવાઓ, ખેડૂતો તેમજ નાના અને મધ્યમ ઉદ્યોગ (એમએસએમઈ) માટે કશું જ નથી. બજેટ બાદ થયેલી પત્રકાર પરિષદમાં નિર્મલા સીતારમણે રાહુલ ગાંધીની ટીપ્પણીનો જવાબ નાણા રાજ્યમંત્રી પંકજ ચૌધરીને આપવા માટે કહ્યું હતું. આ અંગે ચૌધરીએ કહ્યું કે રાહુલ ગાંધીને બજેટ સમજાયું નથી. બજેટમાં તમામ ક્ષેત્ર માટે જાહેરાતો કરાઈ છે.

ચૌધરીના જવાબને આગળ વધારતાં સીતારમણે કહ્યું કે ચૌધરીએ ટિપિકલ યુપી ટાઈપ જવાબ આપ્યો છે. મને લાગે છે કે યુપીથી ભાગનારા સાંસદ (રાહુલ ગાંધી) માટે આટલું જ કાફી છે. રાહુલે જે શ્રેણીનો ઉલ્લેખ કર્યો છે તેના વિશે બજેટમાં કંઈ ને કંઈ કહેવાયું છે. મને એ પક્ષ ઉપર દયા આવે છે જેની પાસે એક એવા નેતા છે જેને માત્ર ટીપ્પણીઓ કરતાં જ આવડે છે. હું ટીકા સહન કરવા માટે તૈયાર છું પરંતુ તેવા લોકોની ટીકા બિલકુલ સહન નહીં કરું જે હોમ વર્ક કર્યા વગર જ આવી જાય છે.

## ભાગેડૂ...

(પહેલા પાનાનું ચાલુ)

આરોપીઓ ભારત છોડીને વિદેશમાં રહે છે. તેમની સાથે, અન્ય ઉદ્યોગપતિઓ છે - વિજય માલ્યા, નીરવ મોદી, વગેરે - જેઓ કાયદાની પકડમાંથી છૂટવા માટે ભારત છોડીને ભાગી ગયા છે. ભારતીય એજન્સીઓ તેમને પરત લાવવાનો પ્રયાસ કરી રહી છે પરંતુ તેઓ હજુ સુધી સફળ થયા નથી.

હાથીએ પૈસા પરત કરવાની તૈયારી દર્શાવી હતી પરંતુ પાછા આવવા પર એજન્સી દ્વારા કાર્યવાહી અને હેરાનગતિથી રક્ષણ માંગ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે તેમની પાસેથી બાકી નીકળતી કુલ રકમ રૂ. 1,500 કરોડથી ઓછી છે, જેમાંથી રૂ. 600 કરોડ બેન્કોને ચૂકવવામાં આવ્યા છે, અને રૂ. 900 કરોડની બાકી રકમ પરત કરવાની ખાતરી આપી છે. બેન્ચે પણ સરકાર દ્વારા રકમ સ્વીકારવાની તરફેણ કરી હતી.

"તમે વિશ્વભરમાં ઘણા લોકોનો પીછો કરી રહ્યાં છો પરંતુ તમે કંઈપણ મેળવી શક્યા નથી. અહીં તે પૈસા પરત કરવાની ઓફર કરી રહ્યો છે. તેથી કેટલીક ફોજદારી કાર્યવાહી પર રોક લગાવી શકાય છે અને તેમને પાછા આવવાની મંજૂરી આપી શકાય છે, "તેમ જણાવ્યું હતું.

સીબીઆઈ તરફથી હાજર થયેલા વધારાના સોલિસિટર જનરલ એસવી રાજુએ જણાવ્યું હતું કે જો તેઓ પાછા ફરશે તો તેઓ ધરપકડ કરશે નહીં અને તેમની સામેની ફોજદારી કાર્યવાહીને સમાપ્ત કરવા અને ટ્રાયલ કોર્ટમાં ચાલતા કેસને આગળ ધપાવવા માટે તેમની અનામત વ્યક્ત કરશે નહીં.

સુપ્રિમે કહ્યું કે જો તે પાછો આવે અને પૈસા પાછા આપે તો સરકારે તેને ત્રણ મોરચે રાહત આપવાનું વિચારવું જોઈએ - તેની સામે બાકી ફોજદારી કાર્યવાહી રદ કરવી જોઈએ; તેને તેના વ્યવસાયને આગળ ધપાવવા માટે દેશભરમાં મુસાફરી કરવાની મંજૂરી આપવી જોઈએ; અને તેની સામે ફોજદારી કેસમાં કોઈ જબરદસ્તી કાર્યવાહી કરવામાં આવશે નહીં.

# ગર્ભાવસ્થામાં મહિલાઓ માટે સંજીવની છે કીવીનું સેવન



પ્રેગનેંસી દરમિયાન મહિલાઓમાં ઘણા પ્રકારના હાર્મોનલ અને શારીરિક ફેરફાર આવે છે. વજન વધવાથી લઈને બોડી ફિગર બદલવા જેવા ઘણા ફેરફાર ગર્ભવતી મહિલાઓમાં સામાન્ય હોય છે. ગર્ભાવસ્થા દરમિયાન મહિલાઓની પોતાના સ્વાસ્થ્ય પ્રત્યે જવાબદારી વધી જાય છે. તેનું કારણ છે કે, તેમને ખુદની સાથે પોતાના ગર્ભમાં ઉછરી રહેલા બાળકનું ધ્યાન પણ રાખવુ પડે છે. એવામાં શરીરને મહત્તમ પોષક તત્વો, વિટામિન્સ અને મિનરલ્સની જરૂરિયાત હોય છે. ડાયટમાં મહત્વપૂર્ણ પોષક તત્વની ખામીથી બાળકના વિકાસમાં નડતરરૂપ આવી શકે છે. એવામા કીવી ખાવાથી પણ ગર્ભવતી મહિલાઓની સંપૂર્ણ સ્વાસ્થ્ય બનેલુ રહે છે.

ઈચ્છો તો તમે એક સાબુત કીવી ખાવા અથવા ફરી તેને સલાડમાં સામેલ કરે. કોઈપણ પ્રકારથી કીવીના સેવનથી ગર્ભવતી મહિલાઓને ફાયદો પણ થાય છે. તેમાં વિટામિન હોય છે જે બ્લડ ક્લોટ્સને દૂર કરવામાં કારગર છે. પ્રેગ્નેંસીના અંતિમ ત્રણ મહીનામાં તેને ખાવુ ખૂબ જ લાભપ્રદ હોઈ શકે છે.

ગર્ભવતી મહિલાઓના શરીરમાં આયરનની હાજરી ખૂબ જ જરૂરી છે. તેમાં એનીમિયાનો ખતરો ઓછો હોય છે. સાથે જ બાળકનો વિકાસ પણ શ્રેષ્ઠ રીતથી હોય છે. કીવીમાં વિટામિન સી ભરપૂર પ્રમાણમાં મળી આવે છે. જે આયરનને એબ્જોર્બ કરવામાં સક્ષમ છે. જણાવી દઈએ કે, ગર્ભાવસ્થામાં મહિલાઓને કોઈપણ પ્રકારની સ્વાસ્થ્ય સમસ્યાઓનો સામનો ન કરવો પડે. તે માટે જરૂરી છે કે, તેમના શરીરમાં આયરન ભરપૂર પ્રમાણમાં હોય છે.

આ સમયે ગર્ભવતી મહિલાઓને અમુક સમયના અંતર પર ખાવાની ક્રેવિંગ થતી રહે છે. આ ક્રેવિંગને મટાડવા માટે જો મહિલાઓ કીવીનું સેવન કરે છે તો તેમના માટે ફાયદાકારક હશે. બીજા ફળોની સરખામણીમાં ગ્લૂકોઝનું પ્રમાણ પણ ઓછુ હોય છે. પ્રેગ્નેસીં દરમિયાન ડાયાબિટીઝનો ખતરો વધુ હોય છે. એવામાં કીવી ખાવાથી મહિલાઓ જેસ્ટેશનલ ડાયાબિટીઝથી સુરક્ષિત રહે છે.

ગર્ભાવસ્થા દરમિયાન મહિલાઓમાં ઘણા હાર્મોનલ ફેરફાર આવે છે. તેના કારણે તેમની પાચનશક્તિ પણ પ્રભાવિત હોય છે અને દોસ્તી અને કબજિયાત જેવી પરેશાનીઓ સામાન્ય થઈ જાય છે. એવામાં કીવી ખાવાથી પેટ સંબંધિ ઘણી સમસ્યાઓ પણ દૂર રહે છે. તમને જણાવી દઈએ કે, આ ફળમાં ભરપૂર પ્રમાણમાં હાજર હોય છે.

# જમવામાં વધુ પડતું મીઠું તમારા જીવનમાં લાવી શકે છે ખારાશ




ઘણા લોકોને ટેવ હોય છે કોઇ પણ વસ્તુમાં ઉપરથી મીઠું નાખીને ખાવાની. પરંતુ શુ તમે જાણો છો કે દિવસ દરમિયાન એક વ્યક્તિએ કેટલું મીઠું ખાવું જોઇએ. આપને જણાવી દઇએ કે મીઠું બે વસ્તુઓથી બને છે – સોડીયમ અને પોટેશિયમ.

વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન અનુસાર, આપણે જે મીઠું ખાઇએ છીએ તેમાં મોટા ભાગે સોડિયમનું પ્રમાણ વધુ હોય છે, જ્યારે પોટેશિયમનું પ્રમાણ ખૂબ ઓછું હોય છે. વિશ્વભરમાં સોડિયમના વધુ સેવનથી લાખો લોકો બ્લડ પ્રેશરનો શિકાર બને છે. જેથી હાર્ટ અટેક અને સ્ટ્રોકનો ખતરો વધી જાય છે. WHO અનુસાર, મોટા ભાગના લોકો 9થી 12 ગ્રામ સુધી મીઠાનું રોજીંદા સેવન કરે છે, જેના કારણે વિશ્વભરમાં બ્લડ પ્રેશરના દર્દીઓની સંખ્યા ખૂબ ઝડપથી વધી રહી છે.

ખોરાકમાં દરરોજ કેટલું મીઠું ખાવું જોઇએ તે અંગે લોકોમાં જાગૃતિ લાવવા ડબલ્યુએચઓ એ એક કાર્યક્રમ બનાવ્યો છે. જે અંતર્ગત યૂનાઇટેડ નેશન્સ (United Nations)ના સભ્ય દેશોએ 2025 સુધીમાં મીઠાના ઈનટેકને અડધો કરવાનો નિર્ણય લીધો છે. જો આ ઉદ્દેશ્ય પૂર્ણ થાય છે તો વિશ્વ દર વર્ષે મીઠાના કારણે થતા 25 લાખ મોતને ઓછા કરી શકાય છે.

### શું કહે છે WHO અને હાવર્ડ?

WHO મુજબ, પુખ્ત વ્યક્તિએ દરરોજ 4 ગ્રામથી વધુ મીઠું ન લેવું જોઈએ. જોકે મીઠું બે ઘટકો ધરાવે છે – સોડિયમ અને ક્લોરાઇડ. હાર્વર્ડ મેડિકલ જર્નલ અનુસાર, સામાન્ય મીઠામાં 40 ટકા સોડિયમ અને 60 ટકા ક્લોરાઇડ હોય છે. આપણને આમાંથી માત્ર 500 મિલિગ્રામ સોડિયમની જરૂર છે. વધુ પડતું સોડિયમ આપણા માટે સમસ્યાઓનું કારણ બની શકે છે. આનાથી બ્લડ પ્રેશર, હૃદય રોગ અને સ્ટ્રોકનું જોખમ વધશે. આ સાથે હાડકાંમાંથી કેલ્શિયમ લીક થવા લાગશે. અમેરિકામાં સામાન્ય રીતે લોકો દરરોજ 1.5 ચમચી મીઠું ખાય છે. તેમાં લગભગ 3400 મિલિગ્રામ સોડિયમ હોય છે. એટલે કે જરૂરિયાત કરતાં 7 ગણું વધારે. આપણા દેશના લોકો અમેરિકનો કરતાં વધુ મીઠું ખાય છે.

### રોજ કેટલું મીઠું ખાવું જોઈએ?

WHO અનુસાર, પુખ્ત વ્યક્તિએ દરરોજ 2 ગ્રામથી વધુ સોડિયમ ન ખાવું જોઈએ. મતલબ કે દરરોજ 5 ગ્રામથી વધુ મીઠું ખાવું સ્વાસ્થ્ય માટે હાનિકારક છે. જોકે યુએસ ડાયેટરી રેફરન્સે પણ અપર ઇન્ટેકનું લેવલ નક્કી કર્યું નથી. ખોરાકમાંથી સોડિયમની અપર લિમિટ દૈનિક 1500 મિલિગ્રામ જણાવવામાં આવી છે. જોકે, 2300 મિલિગ્રામથી વધુ સોડિયમનું સેવન જોખમી માનવામાં આવે છે.

# રાત્રે મોબાઈલ ફોનને ચાર્જમાં મૂકીને સુઈ જવાની આદતને કહો - અલવિદા



મોબાઈલ ફોનનો ઉપયોગ લોકો માટે જેટલો ફાયદાકારક છે. તેટલો જ નુકસાનકારક પણ છે. આજના સમયમાં મોટાભાગના લોકો સ્માર્ટફોનનો ઉપયોગ કરી રહ્યા છે. જે તમારા કામોને સરળ બનાવે છે. પરંતુ શું તમે જાણો છો કે તે તમને નુકસાન કેટલું પહોંચાડે છે. મોડી રાત સુધી મોબાઈલ ફોનનો ઉપયોગ આંખો અને માથા પર નકારાત્મક પ્રભાવ પાડે છે. ઘણા લોકોની એવી પણ આદત હોય છે કે તે આખી રાત મોબાઈલ ચાર્જિંગ પર લગાવીને સુઈ જાય છે. જેથી સવારે તેમને મોબાઈલ ફૂલ ચાર્જ મળે. પરંતુ શું તમને ખબર છે તેના નુકસાન કેટલા છે. મોબાઈલ 100% ચાર્જ કરવાથી ફોનની બેટરીને નુકસાન થઈ શકે છે. વાસ્તવમાં મોબાઇલની બેટરી લિથિયમ આયનથી બનેલી હોય છે. લિથિયમ બેટરી તે સમયે વધુ સારી રીતે કાર્ય કરે છે જ્યારે ચાર્જિંગ 30-50 ટકા હોય. જો તમે 100 ટકા બેટરી ચાર્જ કરો છો તો તે તમારા ફોનની બેટરીને નુકસાન પહોંચાડી શકે છે.

> આખી રાત ચાર્જ કરવાથી કેટલીક વખત નબળી ગુણવત્તાની બેટરી ફાટી પણ શકે છે.

આપણે હંમેશાં આખો દિવસ ફોનનો ઉપયોગ કરીએ છીએ અને રાત્રે સૂતા સમયે ચાર્જિંગ પર મૂકીએ છીએ. પરંતુ આ ખોટી આદત છે. ખરેખર, રાત્રે ચાર્જ કરવા પર, ફોન 100 ટકા ચાર્જ થઈ જાય છે, જે નુકસાનકારક છે. આ ઉપરાંત રાત્રે ચાર્જિંગ 100 ટકાથી પણ વધુ થઈ જાય છે. આનાથી ફોનની બેટરી ખૂબ ઝડપથી બગડી શકે છે. એટલું જ નહીં, આખી રાત ચાર્જ કરવાથી કેટલીક વખત નબળી ગુણવત્તાની બેટરી ફાટી પણ શકે છે. ચાર્જિંગ વખતે જો મોબાઈલ ફોન ગરમ થઈ જાય તો ઘણા લોકો ગભરાઈને તેને બંધ કરી દે છે. તેમને લાગે છે કે બેટરીમાં ઘણી સમસ્યાઓ થાય છે. એક્સપર્ટ કહે છે કે આવું થઈ પણ શકે છે અને ન પણ. ઘણી વખત ફોનમાં વાયરસના કારણે પણ મોબાઈલ બેક સાઈડથી ગરમ થઈ જાય છે. જોકે તે કહે છે કે સારૂ રહેશે કે આખી રાત મોબાઈલને ચાર્જમાં લગાવીને ન મુકી દો.

# અજમાનું પાણી છે સર્વશ્રેષ્ઠ ઔષધિ...



આયુર્વેદમાં અજમાને ઉત્તમ ઔષધિ જણાવવામાં આવી છે. અજમામાં 100 પ્રકારના અનાજ પચાવવાની તાકાત હોય છે. જેથી અજમો પાચન ક્રિયા સંબંધી બધાં જ રોગોમાં ફાયદો કરે છે. અજમો કિચનમાં રહેલો સામાન્ય મસાલો ભલે હોય પણ તેનો ઉપયોગ ગેસ, અપચો દૂર કરવામાં મદદ કરે છે. અજમો માત્ર ભોજનનો ટેસ્ટ જ નથી વધારતો પણ બીમારીઓને પણ દૂર રાખવામાં મદદ કરે છે. આયુર્વેદ નિષ્ણાતના પ્રમાણે જો સવારે અજમાનું પાણી પીવામાં આવે તો આખા શરીર માટે તે ફાયદાકારક રહે છે. અજમામાં ડાયટરી ફાયબર, કાર્બોહાઈડ્રેટ્સ, પ્રોટીન અને અન્ય મિનરલ્સ જેવા કે, ફોસ્ફરસ, કેલ્શિયમ, આયર્ન હોય છે. આ સિવાય તેમાં થાઈમોલ હોય છે જે તેને અલગ સ્વાદ અને સુગંધ આપે છે. આયુર્વેદ મુજબ જે મહિલાઓને કફની સમસ્યા હોય તેમણે રોજ અજમાના પાણીનું સેવન કરવું. અજમાનું પાણી બનાવવા માટે 1 ગ્લાસ પાણીમાં 1 ચમચી અજમો રાતે પલાળી દેવો. સવારે આ પાણી અડધું રહે એટલું ઉકાળીને ગાળી લેવું, ઠંડુ થાય એટલે સવારે ખાલી પેટ તેનું સેવન કરો. તેનાથી મહિલાઓની હેલ્થની ઘણી પરેશાનીઓ દૂર થશે. સાથે જ તેના કફ, શરદી અને પેટ દર્દની સમસ્યા પણ દૂર થશે. તેમાં ભરપૂર પ્રમાણમાં એન્ટીઓક્સીડેન્ટસ હોય છે, જેથી તે ઈમ્યૂનિટી પણ વધારે છે.

**અજમો ત્વચા સંબંધિત રોગોને દૂર કરે છે :**

એવું માનવામાં આવે છે કે અજમો ત્વચાની સમસ્યાને દૂર કરવામાં ખૂબ જ કારગર સાબિત થાય છે. અજમામાં હાજર એન્ટીવાયરસ, એન્ટીબેક્ટેરિયલ, એન્ટી ફંગલ ગુણો ફૂગને ત્વચાથી દૂર રાખવામાં મદદ કરે છે, સાથે તેમાં હાજર એન્ટી-ઈન્ફ્લેમેટરી ગુણ ત્વચાની બળતરાને પણ ઘટાડે છે.

**પીરિયડ્સ દરમિયાન થતા દુખાવાથી રાહત :**

પીરિયડ્સ દરમિયાન પીડાથી પરેશાન મહિલાઓ માટે અજમાનું પાણી ખૂબ જ ફાયદાકારક છે. આ સિવાય જે મહિલાઓ અસંતુલિત હોર્મોન્સની સમસ્યાનો સામનો કરી રહી છે તેઓ અજમાના પાણીનું સેવન કરી શકે છે. આ પીવાથી તેમને ચોક્કસ રાહત મળશે.


**વાળની સમસ્યામાં પણ રાહત મળશે :**

તમને આશ્ચર્ય થશે કે અજમો તમારા વાળની સમસ્યા માટે પણ ફાયદાકારક છે. ઘણીવાર સ્ત્રીઓ વાળ સંબંધિત સમસ્યાઓ જેવી કે ડેન્ડ્રફ, વાળ તૂટવા વગેરેથી પરેશાન રહે છે. આવી સ્થિતિમાં અજમાના પાણીના સેવનથી વાળ સંબંધિત સમસ્યાઓ દૂર થઈ શકે છે.

**સ્તનપાન કરાવતી સ્ત્રીઓ માટે પણ ફાયદાકારક છે :** ઘણીવાર કેટલીક મહિલાઓને ડિલિવરી પછી દૂધની અછતની સમસ્યાનો સામનો કરવો પડે છે, જેના કારણે તેમના બાળકને પૂરતું પોષણ પણ મળતું નથી.

# જીવનમાં મીઠાશ માટે ખાંડ નહીં ગોળનું કરો સેવન

### ખાંડનું સેવન સ્વાસ્થ્ય માટે છે જોખમી



છેલ્લા ઘણા સમયથી આપણે ગોળને છોડીને ખાંડને અપનાવી લીધી છે. આમ તો ખાંડને સફેદ ઝેર કહેવાય છે. આપણે બધા આ વાત જાણતા હોવા છતાં ગળ્યું ખાધા વગર રહી શકતા નથી. ખાંડના કારણે શું નુકસાન થઈ રહ્યું છે તે જાણવા છતાં આપણે તે છોડી શકતા નથી. શેરડીના રસને ઉકાળ્યા બાદ બચેલા અવશેષમાંથી ગોળ બને છે. ગોળ હેલ્ધી છે, રિફાઇન્ડ કરેલી ખાંડનો વધુ પ્રયોગ કરવાથી ઘણા પ્રકારની સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓ થઈ શકે છે. જો આપણે ખાંડના બદલે ગોળનો ઉપયોગ કરવા લાગીશું તો ઘણા પ્રકારની સમસ્યાઓથી બચી શકીશું. ખાંડમાં માત્ર કેલરી હોય છે જ્યારે ગોળમાં કેલ્શિયમ, પોટેશિયમ, મેગ્નેશિયમ, આયરન, ઝિંક, મેન્ગેનીઝ, સોડિયમ, તાંબું જેવાં ખનીજતત્ત્વો ઉપરાંત વિટામિન એ, બી૧, બી૨, બી૫, બી૬, વિટામિન સી, ડી૨ અને ઇની ભરપૂર માત્રા હોય છે.

જો તમને ગળ્યું ભાવતું હોય અને વધારે ખાંડ ખાતા હો તો તમારા સ્વાસ્થ્ય માટે જોખમી બની શકે છે. વધારે ખાંડથી મેદસ્વિતા, હાઈ બ્લડ સુગર, હાઈ બ્લડ પ્રેશર, ફેટી લિવર, આંતરડાનું કેન્સર અને ઉંમર કરતાં પહેલાં કરચલી દેખાવાની સંભાવના વધી જાય છે.

ખાંડમાં માત્ર કેલરી હોય છે, જ્યારે ગોળ જરૂરી પોષકતત્ત્વોથી ભરપૂર હોય છે. આ કારણે તે પોષણનો શક્તિ યુક્ત સ્રોત માનવામાં આવે છે. તેમાં કેલ્શિયમ, પોટેશિયમ, મેગ્નેશિયમ, આયરન, મેન્ગેનીઝ, સોડિયમ, તાંબું, વિટામિન એ, બી૧, બી૨, બી૫, બી૬, વિટામીન સી, ડી૨ અને ઇની પણ વધુ માત્રા હોય છે. ગોળમાં અર્ક અને ફેનોલિક યૌગિક હોય છે. તેમાં એન્ટિઇન્ફ્લેમેટરી, એન્ટિઓક્સિડન્ટ ગુણ હોય છે. તે તણાવ ઘટાડે છે અને રોગપ્રતિકારક ક્ષમતા વધારે છે. તેમાં સેલેનિયમ અને મેગ્નેશિયમ જેવા એન્ટિઓક્સિડન્ટ પ્રચૂર માત્રામાં હોય છે. લીમડાનાં પાન સાથે ગોળ લેવામાં આવે ત્યારે તે શરીરમાં ઓક્સિડેટિવ તણાવને ઘટાડવામાં મદદ કરે છે.

ખાંડની સરખામણીએ ગોળ ધીમે પચે છે અને ધીમે-ધીમે ઊર્જા આપે છે. તેનાથી લાંબા સમય સુધી શરીરમાં ઊર્જા રહે છે. ખાંડ બ્લડમાં ભળી જાય છે અને ઊર્જા વિસ્ફોટ કરે છે. આથી સૂતી વખતે બાળકોને ખાંડવાળી કોઈ પણ વસ્તુ આપવી ના જોઈએ કારણકે તે તરત એક્ટિવ થઈ જાય છે અને ઊંઘવાનું ભૂલી જાય છે. ગોળ પર્યાવરણ માટે અનુકૂળ છે, પરંતુ ખાંડ ઉદ્યોગ હવા, પાણી અને માટીને પ્રદૂષિત કરે છે.

# તૂટતા-ખરતા વાળની સમસ્યાથી બચવા અજમાવો આ જડીબુટ્ટીઓ



આજકાલ ખરાબ જીવનશૈલી અને વધતા પ્રદૂષણને કારણે વાળની સમસ્યા વધી રહી છે. સૌથી મોટી સમસ્યા એ છે કે કોઈ પણ કારણ વગર આપણા વાળ પાતળા થઈ રહ્યા છે અને નબળા થઈ રહ્યા છે અને પછી ખરી રહ્યા છે. જેના કારણે તેમનું વોલ્યુમ ઘટી જાય છે અને વાળ જાડા દેખાતા નથી. આયુર્વેદમાં કેટલીક એવી જડીબુટ્ટીઓ છે જેનું નિયમિત સેવન વાળને ઘટ્ટ બનાવવામાં મદદ કરે છે. વાસ્તવમાં, આ જડીબુટ્ટીઓમાં આયુર્વેદિક ગુણધર્મો છે જે શરીરમાં પિત્ત દોષોને સંતુલિત કરે છે, રક્ત પરિભ્રમણને સુધારે છે. જેના કારણે તે વાળને ઘટ્ટ બનાવવામાં ફાયદાકારક સાબિત થાય છે.

### એલોવેરા

એલોવેરા વાળ માટે ખૂબ જ ફાયદાકારક છે. એલોવેરા જેલ સ્કાલ્પ ઉપરની ચામડીના પીએચ સંતુલનને સુધારે છે, જે વાળના વિકાસ માટે વધુ સારી રીતે ઉપયોગી છે. તે તમારા વાળને ભેજયુક્ત અને હાઇડ્રેટ કરે છે.તમે તેના જેલને સીધું માથાની ચામડી પર પણ લગાવી શકો છો. શ્રેષ્ઠ પરિણામો માટે, તેને તમારા સ્કાલ્પ ઉપરની ચામડી પર લાગુ કરો અને તેની માલિશ કરો. કુંવારપાઠાની એક ખાસ વિશેષતા એ છે કે તે એન્ટીબેક્ટેરિયલ છે અને મોસમી સ્કાલ્પ ઉપરની ચામડીના ચેપને રોકવામાં મદદરૂપ છે અને તેનો સતત ઉપયોગ વાળના જથ્થાને સુધારવામાં મદદ કરે છે.

### ભૃંગરાજ અને બ્રાહ્મી

ભૃંગરાજ અને બ્રાહ્મી બે એવી જડીબુટ્ટીઓ છે જે વાળને ઘટ્ટ બનાવવામાં મદદરૂપ છે. ભૃંગરાજના પાન ચાવવાથી તેનો અર્ક મૂળને પોષણ આપે છે અને વાળને ઘટ્ટ બનાવવામાં મદદ કરે છે.તમે પાઉડર બનાવીને પણ તેનો ઉપયોગ વાળ માટે કરી શકો છો. સવારે અને સાંજે એક-એક ચમચી લો. બ્રાહ્મી વાળમાં રક્ષણાત્મક સ્તર બનાવવામાં મદદ કરે છે. તે વાળને ચમકદાર રાખવામાં મદદ કરે છે. તણાવને કારણે ખરતા વાળ માટે બ્રાહ્મી ખૂબ જ અસરકારક છે.

### જટામાંસી

જટામાંસીમાં બળતરા વિરોધી અને એન્ટિ-બેક્ટેરિયલ ગુણ હોય છે જે માથાની ચામડીની બળતરા ઘટાડે છે અને તેને ચેપથી બચાવે છે. જટામાંસીનું પાણી નિયમિત પીવાથી વાળ તૂટતા નથી અને મુલાયમ અને લાંબા રહે છે. જો તમે જટામાંસીને પીસીને તેનો પાઉડર બનાવીને દરરોજ થોડું થોડું સેવન કરો તો તે નવા વાળના વિકાસમાં પણ મદદરૂપ થાય છે.

અશ્વગંધા: અશ્વગંધામાં ટાયરોસિન નામનું એમિનો એસિડ હોય છે જે વાળને ઘટ્ટ બનાવવામાં મદદ કરે છે. તે વાળને સફેદ થતા અટકાવે છે અને મેલાનિનનું પ્રમાણ વધારવામાં મદદ કરે છે.તેનું સેવન કરવાથી વાળ મૂળથી મજબૂત બને છે અને નવા વાળના વિકાસને પણ પ્રોત્સાહન મળે છે. વાળને ઘટ્ટ બનાવવા માટે અશ્વગંધાનાં મૂળ ઉકાળીને તેનું પાણી પીવું અથવા તેના પાઉડરનું ગરમ પાણી સાથે સેવન કરવું.

# ભ્રષ્ટાચાર દેશને ઊધઈની જેમ ખોખલો કરે છે, સાથે મળી ખતમ કરીએ : વડાપ્રધાન

## આત્મનિર્ભર ભારત અભિયાન માટે સતત કાર્યરત રહી તે આપણી જવાબદારી - મોદી

ગુજરાત વંદન

ભ્રષ્ટાચાર ઉધઈની જેમ દેશને ખોખલો કરી નાંખે છે. એવામાં આપણે બધાએ પોતાના કર્તવ્યોને પ્રાથમિક્તા આપવી જોઈએ. કારણ કે જ્યાં કર્તવ્ય સર્વોપરી હોય છે ત્યાં ભ્રષ્ટાચાર રહી શકતો નથી. આપણે સાથે મળીને દેશમાંથી ભ્રષ્ટાચાર ખતમ કરવો જોઈએ તેમ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે તેમના માસિક રેડિયો પ્રોગ્રામ 'મન કી બાત'માં જણાવ્યું હતું. આ વર્ષમાં વડાપ્રધાનનો આ પહેલો રેડિયો કાર્યક્રમ હતો.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે 'મન કી બાત'ના ૮૫મા કાર્યક્રમમાં દેશને સંબોધન કર્યું હતું. વડાપ્રધાને મન કી બાતમાં ભ્રષ્ટાચારનો મુદ્દો ઊઠાવતા જણાવ્યું કે, દેશ ઝડપથી આગળ વધી રહ્યો છે. એવામાં ભ્રષ્ટાચાર ઉધઈની જેમ દેશને ખોખલો કરી રહ્યો છે, પરંતુ તેનાથી મુક્તિ માટે ૨૦૪૭ સુધી રાહ શા માટે જોવી જોઈએ?




તેમણે ઉમેર્યું કે, આ કામ બધા જ દેશવાસીઓનું છે. આજની યુવા પેઢીએ સાથે મળીને અને વહેલામાં વહેલી તકે આ કામ કરવાનું છે. તેથી જરૂરી છે કે આપણે આપણા કર્તવ્યોને પ્રાથમિક્તા આપીએ. વડાપ્રધાને ઉત્તર પ્રદેશના પ્રયાગરાજની નવ્યા વર્માના પોસ્ટકાર્ડમાં પોતાના સપનાઓ અંગે લખેલી વાતોના જવાબમાં આ વાત કરી હતી. વડાપ્રધાન મોદીએ જણાવ્યું કે, તેમને પ્રયાગરાજની નવ્યા વર્માએ પોસ્ટકાર્ડ મોકલીને લખ્યું છે કે તેનું સપનું ૨૦૪૭માં એવા ભારતનું છે, જ્યાં બધાને સન્માનપૂર્ણ જીવન મળે, જ્યાં ખેડૂતો સમૃદ્ધ હોય અને ભ્રષ્ટાચાર ન હોય. પીએમ મોદીએ કહ્યું કે અમૃત મહોત્સવ પર તેમને અનેક પત્ર અને સંદેશ મળ્યા છે, જેમાં અનેક સૂચનો પણ હોય છે. આ શ્રેણીમાં તેમને એક કરોડથી વધુ બાળકોએ તેમના મનની વાત પોસ્ટકાર્ડ મારફત મોકલી છે.

વડાપ્રધાને 'સ્વચ્છતા અભિયાન'નો ઉલ્લેખ કર્યો તથા સિંગલ યુઝ પ્લાસ્ટિક વિરુદ્ધના અભિયાનમાં વધુ ઝડપ લાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે 'વોકલ ફોર લોકલ'નો ઉલ્લેખ કરતા કહ્યું કે આપણે આત્મનિર્ભર ભારત અભિયાન માટે સતત કાર્યરત રહી તે આપણી જવાબદારી છે. વડાપ્રધાને ઉમેર્યું કે, ઈન્ડિયા ગેટ પર 'અમર જવાન જ્યોત'નો નજીકમાં જ રાષ્ટ્રીય યુદ્ધ સ્મારકની જ્યોતમાં વિલય કરાયો તે એક ભાવુક ક્ષણ હતી. આ સમયે અનેક લોકોની આંખોમાં આંસુ આવી ગયા હતા.

વડાપ્રધાને મહાત્મા ગાંધીની ૭૪મી પુણ્યતિથિ પર તેમને શ્રદ્ધાંજલી અર્પણ કરી હતી. કોરોના મહામારીનો ઉલ્લેખ કરતા વડાપ્રધાને કહ્યું કે કોરોનાની નવી લહેરથી ભારત ઘણા અંશે સફળતાપૂર્વક લડી રહ્યું છે અને એ ગર્વની બાબત છે કે અત્યાર સુધીમાં સાડા ચાર કરોડ સગીરોએ કોરોના વિરોધી રસીના ડોઝ લીધા છે. ઉપરાંત માત્ર ૨૦ દિવસમાં એક કરોડથી વધુ લોકોએ પ્રિકોશનરી ત્રીજો ડોઝ લીધો છે.

૧૦ માર્ચ પછી યુપીમાં ફરી કાયદાનુ રાજ હશે : યોગી

# ગુનેગારો દયાની ભીખ માંગશે ભીખ: સીએમ યોગીનો રણટંકાર



ગુજરાત વંદન

યુપીની ચૂંટણીમાં ભાજપના નેતાઓ પશ્ચિમ યુપીમાં જાટ મતદારોની નારાજગી દુર કરવાના મરણિયા પ્રયાસો કરી રહ્યા છે.

તાજેતરમાં અમિત શાહે પોતાની પશ્ચિમ યુપીની મુલાકાત દરમિયાન 250થી વધારે જાટ નેતાઓ સાથે મુલાકાત કરીને તેમનો અસંતોષ દુર કરવાનો પ્રયાસ કર્યો હતો.આ સિવાય તેમણે મુઝ્ઝફરનગરમાં થયેલા તોફાનો પણ યાદ દેવડાવ્યા હતા.

હવે યોગી આદિત્યનાથે કાવડ યાત્રાનો ઉલ્લેખ કરીને અહીંના મતદારોને ખુશ કરવાનો પ્રયાસ કર્યો છે. કારણકે ગુર્જર અને જાટ સમુદાયમાં કાવડ યાત્રાને પવિત્ર ગણવામાં આવે છે.

**યુપીની ચૂંટણીમાં ભાજપના નેતાઓ પશ્ચિમ યુપીમાં જાટ મતદારોની નારાજગી દુર કરવાના મરણિયા પ્રયાસો કરી રહ્યા છે**

યોગીએ પોતાની એક સભામાં કહ્યુ હતુ કે, સમાજવાદી પાર્ટીની સરકારે કાવડ યાત્રા પર બેન મુકયો હતો અને અમારી સરકારે કાવડ યાત્રા પર પુષ્પ વરસાવ્યા હતા. હવે કાવડ યાત્રા થાય છે ત્યારે માહોલ ખરાબ કરવાની કોઈની હિંમત નથી થતી.


યોગીએ કહ્યુ હતુ કે, સમાજવાદી પાર્ટીના નેતાઓની ટોપીઓ લોહીથી ખરડાયેલી છે. જેમણે રામભક્તો પર ગોળીઓ ચલાવડાવી હતી તેઓ આજે શાંતિની વાત કરી રહ્યા છે. 2017 પહેલા સપાના શાસનમાં દરેક ત્રીજા દિવસે તોફાનો થતા હતા.

તેમણે કહ્યુ હતુ કે, અમે અમારા કાર્યકાળ દરમિયાન ગુંડાઓ પર લગામ કસી છે. એક ગુંડાને સપાએ ટિકિટ આપી હતી અને તે ધારાસભ્ય બની ગયો તો અમારી સરકારે તેને જેલમાં મોકલી દીધો હતો. જેટલા ગુનેગારો છે તે 10 માર્ચ બાદ દયાની ભીખ માંગતા દેખાશે.10 માર્ચ પછી યુપીમાં ફરી કાયદાનુ રાજ હશે.

યોગીએ કહ્યુ હતુ કે, સપા-બસપા અને કોંગ્રેસે યુપીમાં સરકાર બનાવી ત્યારે તેમણે માત્ર સગાવાદ જ ચલાવ્યો હતો. રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી પાસે યુપીને લઈને કોઈ વિઝન નથી.

# ઉદ્યોગપતિઓના ખિસ્સા ભરાશે, ગરીબોના ખિસ્સા ખાલી થશે

## રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોતનો દાવ



**ખેડૂતો, સામાન્ય માણસ, ગરીબ, મહિલાઓ અને વંચિત વર્ગ માટે બજેટમાં કોઈ ખાસ જોગવાઈ નથી**

ગુજરાત વંદન

દેશના નાણામંત્રી નિર્મલા સીતારમણે મંગળવારે નાણાકીય વર્ષ 2022-23 માટે કેન્દ્રીય બજેટ રજૂ કર્યું. મોદી સરકારના બીજા કાર્યકાળનું આ ચોથું બજેટ છે, જે કોરોના મહામારીના ત્રીજી લહેર અને પાંચ રાજ્યોમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણી પહેલા રજૂ કરવામાં આવ્યું છે. બજેટ રજૂ થયા બાદ સત્તાધારી પક્ષ અને વિરોધ પક્ષો તરફથી અનેક પ્રકારની પ્રતિક્રિયાઓ સામે આવી રહી છે. આ ક્રમમાં રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોતે કેન્દ્રીય બજેટને મોંઘવારીજનક ગણાવ્યું છે, જે ઉદ્યોગપતિઓના ખિસ્સા ભરે છે અને સામાન્ય માણસ, ખેડૂત અને મજૂરોના ખિસ્સા ખાલી કરે છે.

સીએમ ગેહલોતે ટ્વીટ કર્યું કે, છેલ્લા 7 વર્ષમાં કેન્દ્રની રાજકોષીય ખાધ બમણી થઈ ગઈ છે અને આ બજેટ પછી આ ખાધ વધુ વધવાની છે. ખેડૂતો, સામાન્ય માણસ, ગરીબ, મહિલાઓ અને વંચિત વર્ગ માટે બજેટમાં કોઈ ખાસ જોગવાઈ નથી.

ગેહલોતે વધુમાં જણાવ્યું હતું કે, બજેટમાં રોજગારીના નવા આંકડા રજૂ કરવામાં આવ્યા છે, પરંતુ સરકારનો કોઈ નક્કર એક્શન પ્લાન દેખાતો નથી અને તેનું ભાવિ પણ પ્રતિવર્ષ 2 કરોડ નોકરીના વચન જેવું જ હશે. CMએ કહ્યું કે આ બજેટ મોંઘવારી વધારવાનું, ઉદ્યોગપતિઓના ખિસ્સા ભરવાનું અને સામાન્ય માણસ, ખેડૂત અને મજૂરનાં ખિસ્સા ખાલી કરવાનું બજેટ સાબિત થશે.

### બજેટથી રાજસ્થાનના નાગરિકો સંપૂર્ણપણે નિરાશ: ગેહલોત

તેમણે કહ્યું કે આ બજેટથી NDAને 25 સાંસદો આપનાર રાજસ્થાનના નાગરિકો સંપૂર્ણપણે નિરાશ થયા છે. ગેહલોતે બજેટમાં કરેલી જાહેરાતો પર કહ્યું કે ERCPને રાષ્ટ્રીય પ્રોજેક્ટનો દરજ્જો, જલ જીવન મિશનમાં કેન્દ્ર રાજ્યનો 90:10 ખર્ચ, જેસલમેર-કંડલા રેલવે લાઇન અને ગુલાબપુરામાં મેમુ કોચની સ્થાપના જેવી કોઈ જાહેરાત કરવામાં આવી નથી.

અહીં રાજસ્થાન કોંગ્રેસના પ્રમુખ ગોવિંદ સિંહ ડોટાસરાએ બજેટને નિરાશાજનક ગણાવતા કહ્યું કે આ બજેટ સામાન્ય માણસને ફાયદો પહોંચાડનાર નથી અને ખાસ કરીને યુવાનો અને ખેડૂતો માટે નિરાશાજનક બજેટ છે. ગોવિંદ સિંહે જણાવ્યું હતું કે, મોંઘવારી ઘટાડવા માટે કોઈ પગલું ભરવામાં આવ્યું નથી અને કેન્દ્ર સરકારે બજેટમાં માત્ર ઉદ્યોગપતિઓની જ કાળજી લીધી છે.

# રાષ્ટ્રગાનનું અપમાન કરવા બદલ કોર્ટે મમતા બેનર્જીને સમન્સ મોકલ્યું



ગુજરાત વંદન

રાષ્ટ્રગાનના અપમાનના કિસ્સામાં મુંબઈની શિવડી કોર્ટે પશ્ચિમ બંગાળના સીએમ મમતા બેનર્જીને સમન્સ જાહેર કર્યું છે. તેમને 2 માર્ચે કોર્ટમાં હાજર રહેવાના આદેશ આપ્યા છે. ગત દિવસોમાં મમતા બેનર્જીએ મુંબઈના કાર્યક્રમમાં અડધુ રાષ્ટ્રગાન ગાયું હતું અને વચ્ચેથી જ ચાલતી પકડી હતી. આપને જણાવી દઈએ કે, મમતા બેનર્જી વિરુદ્ધ મુંબઈની એક મજિસ્ટ્રેટની કોર્ટમાં ભાજપના નેતાએ ફરિયાદ નોંધાવી છે. અને તેમના પર આરોપ છે કે, તેમણે કથિત રીતે રાષ્ટ્રગાનનું અપમાન કર્યું છે.

**૨ માર્ચે કોર્ટમાં હાજર રહેવા આદેશ**

ફરિયાદમાં આરોપ લગાવામાં આવ્યો છે કે, 1 ડિસેમ્બરે મુંબઈના એક સમારંભમાં ભાગ લેવા માટે મમતા બેનર્જી આવ્યા હતા. જ્યાં મમતા બેનર્જીએ અડધું રાષ્ટ્રગાન ગાયા બાદ ચાલતા થઈ ગયા હતા. કોર્ટે આપેલા સમન્સમાં કહેવાયું છે કે મમતા બેનર્જી પોતાના ઓફિસિયલ ડ્યૂટી પર નહોતા, આ કારણે તેઓ ઓફિસિયલ ડ્યૂટી અંતર્ગત નથી આવતા.

# યુપીની ચુંટણી આગામી સદીનો ઈતિહાસ લખશે : અખિલેશની આગાહી

ગુજરાત વંદન



અખિલેશ યાદવ મૈનપુરીની કરહાલ વિધાનસભા બેઠક પરથી ચૂંટણી લડશે. અખિલેશ યાદવ પહેલીવાર વિધાનસભા ચૂંટણી લડવા જઈ રહ્યા છે. અખિલેશ હાલમાં આઝમગઢના સાંસદ છે. કરહાલ વિધાનસભા બેઠક પર સાત વખત સમાજવાદી પાર્ટીનો કબજો રહ્યો છે. ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપની લહેર હોવા છતાં, ઉમેદવાર સોબરન યાદવે એક લાખથી વધુ મત મેળવ્યા અને તેમના નજીકના હરીફ પ્રેમ શાક્યને ૩૮,૦૦૦થી વધુ મતોથી હરાવ્યા. લગભગ ૨૦ વર્ષ પહેલા ૨૦૦૨માં છેલ્લી વખત આ સીટ પરથી ભાજપે જીત મેળવી હતી તે સમયે સોબરન યાદવ ભાજપના ઉમેદવાર હતા. અખિલેશ યાદવના પિતા સપાના સ્થાપક મુલાયમ સિંહ યાદવ હાલમાં મૈનપુરીથી સાંસદ છે. તેઓ અહીંથી પાંચમી વખત સાંસદ તરીકે ચૂંટાયા છે. છેલ્લા નવ વખતથી મૈનપુરી સીટ પરથી સપાના જ સાંસદ ચૂંટાયા છે. મુલાયમને કરહાલ સાથે ગાઢ સંબંધ છે. તેમણે અહીંની જૈન ઈન્ટર કોલેજમાંથી શિક્ષણ મેળવ્યું હતું અને તેઓ અહીં શિક્ષક પણ હતા. કરહાલ સીટ પર યાદવ મતદારોનું વર્ચસ્વ છે.

**અખિલેશ યાદવ પહેલીવાર વિધાનસભા ચૂંટણી લડવા જઈ રહ્યા છે**

અહીં આ સમુદાયની વસ્તી ૨૮ ટકા છે.ઉત્તર પ્રદેશ વિધાનસભા ચૂંટણી માટે, સમાજવાદી પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અને પૂર્વ મુખ્યમંત્રી અખિલેશ યાદવે કરહાલ વિધાનસભા બેઠક પરથી ઉમેદવારી નોંધાવવાની તૈયારી કરી લીધી છે. તેમણે સમાજવાદી રથનો ફોટો ટ્વીટ કરીને લખ્યું કે આ નામાંકન એક 'મિશન' છે કારણ કે યુપીની આ ચૂંટણી રાજ્યનો ઈતિહાસ અને દેશની આગામી સદી લખશે!

# દિલ્હીમાં લાલ કિલ્લા પાસે ધડાધડ ફાયરીંગ, બે રાહદારી સહિત૩ ઘાયલ

ગુજરાત વંદન

દિલ્હીમાં લાલ કિલ્લા પાસે રોડરેજને કારણે ચારથી પાંચ રાઉન્ડ ફાયરિંગ થયું હતું. આ ફાયરિંગમાં ત્રણ લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ છે. આ ઘટના દિલ્હીના લાલ કિલ્લા પાસે અંગૂરી બાગ વિસ્તારમાં બની હતી, જ્યાં બે જૂથો વચ્ચેની લડાઈ બાદ ફાયરિંગ થયું હતું.

હકીકતમાં, મોહમ્મદ શાહિદ નામનો વ્યક્તિ અંગૂરી બાગ વિસ્તારમાંથી તેની પત્ની સાથે સ્કૂટી પર જઈ રહ્યો હતો, તે દરમિયાન રોંગ સાઇડથી આવી રહેલા સ્કૂટી સવારે તેની સ્કૂટીને ટક્કર મારી. જે બાદ બંને પક્ષો વચ્ચે ઝઘડો શરૂ થયો હતો. શાહિદનો આરોપ છે કે, સ્કૂટી ડ્રાઈવરે તેના કેટલાક સાથીઓને સ્થળ પર બોલાવ્યા અને ફાયરિંગ શરૂ કર્યું. દિલ્હીમાં લાલ કિલ્લા પાસે રોડરેજને કારણે ચારથી પાંચ રાઉન્ડ ફાયરિંગ થયું હતું. આ ફાયરિંગમાં ત્રણ લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ છે. જ્યાં બે જૂથો વચ્ચેની લડાઈ બાદ ફાયરિંગ થયું હતું. હકીકતમાં, મોહમ્મદ શાહિદ નામનો વ્યક્તિ અંગૂરી બાગ વિસ્તારમાંથી તેની પત્ની સાથે સ્કૂટી પર જઈ રહ્યો હતો, તે દરમિયાન રોંગ સાઇડથી આવી રહેલા સ્કૂટી સવારે તેની સ્કૂટીને ટક્કર મારી. જે બાદ બંને પક્ષો વચ્ચે ઝઘડો શરૂ થયો હતો. શાહિદનો આરોપ છે કે, સ્કૂટી ડ્રાઈવરે તેના કેટલાક સાથીઓને સ્થળ પર બોલાવ્યા અને ફાયરિંગ શરૂ કર્યું.

# ૬૦૦ ટન એમોનિયમ નાઈટ્રેટ ભરેલા યુએસના ફર્ટિલાઈઝર પ્લાન્ટમાં ભીષણ આગ

ગુજરાત વંદન



અમેરિકામાં નોર્થ કેરોલિનાના વિન્સ્ટન-સેલેમ રાજ્યમાં સોમવારે રાત્રે એક ખાતર પ્લાન્ટમાં આગ ફાટી નીકળી હતી. જે બાદ પ્લાન્ટની 1 કિલોમીટરની ત્રિજ્યામાંથી 6 હજાર લોકોને બહાર કાઢવામાં આવ્યા હતા. દુર્ઘટના સમયે પ્લાન્ટમાં 600 ટનથી વધુ એમોનિયમ નાઈટ્રેટ હાજર હતું, પરંતુ સદનસીબે કોઈનું મૃત્યુ કે ઈજા થઈ ન હતી. આગ લાગવાનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી.

વિન્સ્ટન સાલેમના ફાયર બ્રિગેડ હેડ ટ્રે મેયોએ કહ્યું - મામલો એટલો ગંભીર છે કે હું તેને શબ્દોમાં વર્ણવી શકતો નથી. આગના સમયે પ્લાન્ટમાં 600 ટનથી વધુ એમોનિયમ નાઈટ્રેટ હતું. અગાઉ 2013માં ટેક્સાસના પ્લાન્ટમાં 240 ટન એમોનિયમ નાઈટ્રેટ નાઈટ્રેટ વિસ્ફોટ થયો હતો. જેના કારણે આ વિસ્તારના 200 ઘરો ધરાશાયી થયા હતા અને 15 લોકોના મોત થયા હતા.

વિન્સ્ટન સાલેમ સિટી કાઉન્સિલના સભ્ય ડેનિસ ડી એડમ્સે જણાવ્યું હતું કે આગનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી. સ્થાનિક અધિકારીઓ પણ ફાયર બ્રિગેડ વિભાગ સાથે મળીને કામ કરી રહ્યા છે. આગ લોડિંગ ડોકમાંથી શરૂ થઈ હતી. પ્લાન્ટ પાસેથી પસાર થતા લોકોએ ફોન કરીને તેની જાણ કરી હતી.

### સ્થાનિક શાળાઓ અને યુનિવર્સિટીઓ બંધ

અકસ્માત સમયે પ્લાન્ટમાં એટલો વિસ્ફોટક હતો કે જો વિસ્ફોટ થાય તો એક કિલોમીટર વિસ્તારમાં જમીન સમતલ થઈ જાય. સંભવિત જોખમને કારણે નોર્થ હિલ્સ એલિમેન્ટરી સ્કૂલ બંધ કરી દેવામાં આવી છે. તે જ સમયે, વેક ફોરેસ્ટ યુનિવર્સિટીનો વર્ગ પણ રદ કરવામાં આવ્યો છે. આ સાથે વિદ્યાર્થીઓ અને સ્ટાફને હોસ્ટેલ છોડી દેવાનો આદેશ આપવામાં આવ્યો છે.

દુનિયાના સૌથી 'નસીબદાર' ધણીને ઘણી ખમ્મા...

# પતિ હો તો ઐસા : હમ આઠ-આઠ સાથ-સાથ હૈ, કોનો ઝગડા નાહીં

## થાઈલેન્ડના યંગ ટેટૂ આર્ટિસ્ટને એક...બે... નહીં પરંતુ છે આઠ-આઠ ઘરવાળી...

ગુજરાત વંદન

તમે ઘણા લોકોને એવું કહેતા સાંભળ્યા હશે કે તમે બીજી વાર લગ્ન કેમ નથી કરતા, આ અંગે તેમનો જવાબ મોટાભાગે હોય છે એક જ નથી સંભાળી શકતો તો બીજી કેવી રીતે સંભાળીશ. જોકે ઘણા લોકો 2-3 લગ્નો પણ કરે છે, પરંતુ ભાગ્યે જ બધા એક સાથે ખુશીથી જીવી શકતા હોય છે. પરંતુ થાઈલેન્ડમાં એક એવો વ્યક્તિ છે જેને 1-2 નહીં પણ 8 પત્નીઓ છે અને સૌથી આશ્ચર્યની વાત એ છે કે તે બધા એક જ ઘરમાં ખુશીથી રહે છે. આ વ્યક્તિનું નામ ઓંગ ડેમ સોરોટ(Ong Dam Sorot) છે. તેણે એટલા બધા લગ્ન કર્યા છે જેના પગલે આ મુદ્દો સોશિયલ મીડિયા પર ચર્ચામાં રહ્યો છે

ઓડિટી સેન્ટ્રલ નામની વેબસાઈટ અનુસાર, ઓંગ ડેમ વ્યવસાયે ટેટૂ આર્ટિસ્ટ છે.



તે તેની 8 પત્નીઓ સાથે એક જ ઘરમાં રહે છે. ખાસ વાત એ છે કે તમામ પત્નીઓ તેને ખૂબ પ્રેમ કરે છે અને બધા એકબીજામાં ખૂબ જ ફ્રેન્ડલી હોય છે. તેમની વચ્ચે ક્યારેય કોઈ બાબતે ઝઘડો થતો નથી.

સોરોટે ઇન્ટરવ્યુ દરમિયાન જણાવ્યું હતું કે તેમની પત્નીઓ ચાર અલગ-અલગ બેડરૂમમાં સૂવે છે અને "તેમના પતિ સાથે સૂવા માટે તેમના વારાની રાહ જુએ છે." તેની 8 પત્નીઓ એકબીજા સાથે ખૂબ જ સારી રીતે રહે છે અને તે બધા "સુમેળપૂર્ણ પારિવારિક સંબંધ" શેર કરે છે.

ઓંગ તેની પત્નીઓને પહેલીવાર ક્યારે અને કેવી રીતે મળ્યા, કેવી રીતે તેઓ પ્રેમમાં પડ્યા અને પછી લગ્ન કર્યા, જેની ખૂબ જ રમુજી કહાની છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, તેની પહેલી પત્નીનું નામ નોંગ સ્પ્રાઈટ છે. તે તેને એક મિત્રના લગ્નમાં મળી હતી અને બંનેને પહેલી નજરમાં જ પ્રેમ થઈ ગયો હતો અને પછી બંનેએ લગ્ન કરી લીધા હતા. જ્યારે તેની બીજી પત્ની નોંગ એલને પહેલીવાર બજારમાં, ત્રીજી પત્ની હોસ્પિટલમાં, ચોથી પત્ની ઈન્સ્ટાગ્રામ પર, પાંચમીને ફેસબુક પર અને છઠ્ઠી પત્નીને ટિકટોક પર મળી હતી.

ઓંગની સાતમી પત્નીને એકવાર તેની માતા સાથે મંદિરમાં ગયો હતો ત્યારે તેની મુલાકાત થઈ હતી જે પછી વાત લગ્ન સુધી પહોંચી ગઈ હતી. તે જ સમયે, તે તેની આઠમી પત્ની, નોંગ માઈને જ્યારે તેની સાત પત્નીઓ સાથે રજાઓ માળવા ગયા હતા તે દરમ્યાન મળી હતી. આ રીતે તેણે અત્યાર સુધીમાં કુલ 8 લગ્ન કર્યા છે. એવું નથી કે ઓંગ ખૂબ જ અમીર છે, તેથી તેની તમામ પત્નીઓ તેની સાથે રહે છે, પરંતુ તે બધા નાના-મોટા ધંધા કરે છે અને સાથે રહે છે.

# કાયલી ગનર હવે, અંખિયો સે ગોલી મારે...




તમને એક એવી મહિલા વિશે જણાવવા જઈ રહ્યા છીએ જેણે એડલ્ટ ફિલ્મોમાં કામ કરવા માટે આર્મીની નોકરી છોડી દીધી છે. વર્ષ 2020માં આ મહિલાએ અમેરિકન આર્મીને અલવિદા કહીને એડલ્ટ ફિલ્મોનો હાથ પકડી લીધો હતો. આ મહિલાનું નામ કાઈલી ગનર છે. તમને જણાવી દઈએ કે સેના દેશની રક્ષા કરે છે અને સેનાના જવાનો પણ પોતાના દેશ માટે પોતાનો જીવ આપી દે છે. પરંતુ આ મહિલાએ એડલ્ટ ફિલ્મો માટે સેનાની નોકરી છોડી દીધી. આ દિવસોમાં કાઈલી ગનરની સ્ટોરી સોશિયલ મીડિયા પર ચર્ચાનો વિષય બની છે. કાયલી ગનરના સમાચાર વાંચીને લોકો આશ્ચર્યચકિત થઈ ગયા છે.

## દુબઈ અરબ ફેશન શોની ઝાકમઝોળ...

# ‘ગોલ્ડન ગર્લ’ ઉર્વશીનો અધધ...૪૦ કરોડના ગોલ્ડન ગાઉનમાં ગોલ્ડી લૂક

બૉલિવૂડની સૌથી સુંદર અભિનેત્રીઓ-માંની એક ઉર્વશી રૌતેલા તેની ફિલ્મો કરતાં વધુ તેના લૂક અને ડ્રેસને લઈને ચર્ચામાં રહે છે. તે હંમેશા તેની સ્ટાઈલ દ્વારા ચાહકોનું દિલ જીતી રહી છે. પરંતુ, આ વખતે તેણે માત્ર તેના લુકથી ચાહકોને ચોંકાવી દીધા નથી, પરંતુ એક સિદ્ધિ પણ પોતાના નામે કરી છે. આરબ ફેશન વીકમાં ભાગ લેનારી ઉર્વશી રાઉતેલા પ્રથમ ભારતીય છે, જે બે વખત આ ફેશન વીકનો ભાગ રહી ચૂકી છે. અરબ ફેશન વીકમાં અભિનેત્રીએ ફરી એકવાર પોતાની સુંદરતાથી ચકિત કરી દીધી છે. આમાં તેના પહેરેલા ગાઉનને લઈને ઘણી ચર્ચા થઈ રહી છે.

ખાસ વાત એ છે કે, આ દરમિયાન ઉર્વશી રૌતેલાએ જે ડ્રેસ પહેર્યો હતો તે સોનાનો હતો. જેની કિંમત 40 કરોડ રૂપિયા હોવાનું કહેવાય છે. આ ડ્રેસને જાણીતા ફેશન ડિઝાઇનર ફર્ને વન અમાટોએ ડિઝાઇન કર્યો હતો. આ પહેલાં અમાટોઓએ બિયોન્સ તથા જેનિફર લોપેઝના ડ્રેસ ડિઝાઇન કર્યા હતાં. ઉર્વશીએ અરબ ફેશન વીકમાં શોસ્ટોપર તરીકે રેમ્પ પર જલવો બતાવી પોતાની સ્ટાઈલથી ત્યાં હાજર લોકોને ચોંકાવી દીધા હતા. તેણે તેના દેખાવ અને આત્મવિશ્વાસથી ઘણી પ્રશંસા મેળવી.

ઉર્વશીએ ઈન્સ્ટાગ્રામ પર તેના લુકની એક ઝલક પણ શેર કરી છે. ‘આજે મારું હૃદય મારા ભારત દેશ માટે ભાવનાઓથી ભરાઈ ગયું. મને પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય ફેશન વીકમાં બેવાર વૉક કરનારી પહેલી ભારતીય શોસ્ટૉપર બનાવનાર અરબ ફેશન વીકનો આભાર. તમામનો આભાર.’



વર્ક ફ્રન્ટ વિશે વાત કરીએ તો, ઉર્વશી રૌતેલા આરબ સુપરસ્ટાર મોહમ્મદ રમઝાન સાથે ‘વર્સાસ બેબી’ ગીતમાં તેની સિઝલિંગ સ્ટાઇલમાં જોવા મળી હતી. હવે તે ટૂંક સમયમાં રણદીપ હુડ્ડા સાથે વેબ સિરીઝ ‘ઇન્સ્પેક્ટર અવિનાશ’માં જોવા મળશે. આ સિવાય તે થ્રિલર ‘બ્લેક રોઝ’ અને ‘થિરુટ્ટુ પાયાલે 2’ની હિન્દી રિમેકમાં પણ લીડ રોલમાં જોવા મળવાની છે.

# આલિયાની ‘ગંગુબાઈ કાઠિયાવાડી’ ૨૫મીએ સિનેમાઘરોમાં જોવા મળશે



આલિયા ભટ્ટની મોસ્ટ અવેટેડ ફિલ્મ ‘ગંગુબાઈ કાઠિયાવાડી’ કોરોના વાઈરસના પગલે ફિલ્મ રિલીઝ માટે મોકૂફ રાખવામાં આવી હતી જોકે, હવે આ ફિલ્મના નિર્માતાઓએ આ ફિલ્મને રિલીઝ કરવાનો મૂડ બનાવી લીધો છે. ગુજરાત સહિત ઘણા રાજ્યોમાં સિનેમાઘરો ફરી ખોલવાની જાહેરાત બાદ સંજય લીલા ભણસાલીએ પણ પોતાની ફિલ્મની રિલીઝ ડેટની જાહેરાત કરી છે. ગંગુબાઈ કાઠિયાવાડી ફિલ્મ હવે 25 ફેબ્રુઆરી 2022ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે.

આલિયા ભટ્ટની આ ફિલ્મની ચર્ચા ઘણા સમયથી ચાલી રહી છે. આ ફિલ્મમાં આલિયા મુંબઈની માફિયા ક્વીન ગંગુબાઈનું પાત્ર ભજવી રહી છે. આ ફિલ્મમાં અજય દેવગન પણ મહત્વના રોલમાં છે. ગયા વર્ષે જ આ ફિલ્મનું ટીઝર રિલીઝ થયું હતું જેમાં આલિયાનો બોલ્ડ અવતાર જોવા મળ્યો હતો.

આ ફિલ્મમાં આલિયા જોરદાર ડાયલોગ્સ બોલતી જોવા મળી હતી. આ ફિલ્મનું નિર્દેશન સંજય લીલા ભણસાલી કરી રહ્યા છે. આ સાથે તે આ ફિલ્મનું નિર્માણ પણ કરી રહ્યો છે. આ ફિલ્મને લઈને વિવાદ પણ થયો હતો. ગંગુબાઈના પરિવારના કેટલાક લોકોએ આ ફિલ્મ સામે વાંધો ઉઠાવ્યો હતો. કોઈપણ રીતે, સંજયની ફિલ્મોને લઈને વિવાદનો લાંબો ઈતિહાસ છે. તેમની દરેક ફિલ્મ હંમેશા એક યા બીજા કારણોસર વિવાદોમાં રહે છે. આ ફિલ્મ પ્રતિષ્ઠિત 72મા બર્લિન ઇન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં બહુપ્રતિક્ષિત વર્લ્ડ પ્રીમિયર માટે તૈયાર છે.

ગંગુબાઈ કાઠિયાવાડી એ આલિયા ભટ્ટની સંજય લીલા ભણસાલી સાથેની પ્રથમ ફિલ્મ છે, આ ફિલ્મમાં અજય દેવગણ પણ એક ડાકુની ભૂમિકામાં છે, જે આખરે ગંગુબાઈના પ્રેમમાં પડે છે અને પછી તેને વેપારની યુક્તિઓ શીખવે છે. ગંગુબાઈને એક સેક્સ વર્કર તરીકે દર્શાવવામાં આવી છે જે પાછળથી મુંબઈમાં અંડરવર્લ્ડ ડોન તરીકે ઉભરી આવે છે. ગંગુબાઈની વાર્તા હુસૈન ઝૈદીના પુસ્તક ‘માફિયા ક્વીન્સ ઑફ મુંબઈ’માંથી લેવામાં આવી છે.

# બિગ બોસ-૧૫ની વિનર બની ઓજસ્વી તેજસ્વી પ્રકાશ




ટીવીના સૌથી મોટા શો બિગ બોસ 15ની ટ્રોફી ફિનાલે તેજસ્વી પ્રકાશે જીતી લીધી છે. પ્રતિક સહજપાલ ફર્સ્ટ રનર અપ હતો જ્યારે કરણ કુન્દ્રા ત્રીજા નંબરે આવ્યો હતો. તેજસ્વી પ્રકાશના બિગ બોસ 15ના વિજેતા બનવાથી તેના ચાહકો ખૂબ જ ખુશ છે, પરંતુ ઘણા સેલેબ્સ તેજસ્વીના ટ્રોફી જીતવાથી ખુશ નથી. તેજસ્વી પ્રકાશને ‘બિગ બોસ 15’ની ચમકતી ટ્રોફીની સાથે અભિનેત્રીને 40 લાખ રૂપિયાની રકમ આપવામાં આવી હતી. તેજસ્વી પ્રકાશની રમત શરૂઆતથી જ દર્શકોને ખૂબ જ પસંદ આવી હતી. તેજસ્વીની શોમાં ઘણા લોકો સાથે મિત્રતા પણ હતી, જ્યારે એક સ્પર્ધક સાથે સૌથી મોટી લડાઈ હતી. આ ખેલાડી બીજું કોઈ નહીં પણ શમિતા શેટ્ટી હતી. તેજસ્વી અને શમિતા ક્યારેય શોમાં એક જ પીચ પર સાથે જોવા મળ્યા નથી. બંનેનો એક યા બીજી વાત પર ઝઘડો થતો જોવા મળ્યો. ‘બિગ બોસ 15’ના ગ્રાન્ડ ફિનાલેના એપિસોડમાં પણ બંને વચ્ચે જોરદાર લડાઈ થઈ હતી. આ શોમાં પ્રેમ કહાનીની શરૂઆત તેજસ્વી પ્રકાશની કરણ કુન્દ્રા સાથે થઈ હતી. આ શો દરમિયાન તેમના સંબંધોમાં ઘણા ઉતાર-ચઢાવ આવ્યા. જો કે બંને એકબીજાના પ્રેમમાં એટલા ડૂબી ગયા હતા કે દરેક ઝઘડાને હરાવીને બંને આ શોમાં સાથે જોવા મળ્યા હતા.

# ‘અનુપમા ફેમ’રૂપાલી ગાંગુલી ટીવીની સૌથી વધુ કમાણી કરતી માલેતુજાર એક્ટ્રેસ




સિરિયલ ‘અનુપમા’ સિરિયલ દર્શકોમાં ઘણી જ લોકપ્રિય છે. આ સિરિયલમાં રૂપાલી ગાંગુલી લીડ રોલમાં છે અને તેના પર્ફોર્મન્સના ચોરેકોર ઘણાં જ વખાણ કરવામાં આવ્યા છે. દમદાર પર્ફોર્મન્સને પગલે રૂપાલી હવે ભારતીય ટેલિવિઝનની સૌથી વધુ ફી લેતી એક્ટ્રેસ બની ગઈ છે. વેબ પોર્ટલ ‘બોલિવૂડ લાઇફ’ના અહેવાલ પ્રમાણે, હવે, રૂપાલીએ પોતાની ફીમાં વધારો કર્યો છે અને તે રોજના ત્રણ લાખ રૂપિયા ફી લે છે.

# બ્લેક મિની ડ્રેસમાં દીપિકા પાદુકોણનો બોલ્ડ લૂક



બોલિવૂડની અભિનેત્રી દીપિકા પાદુકોણ પોતાની આગામી ફિલ્મ ‘ગહરાઈયા’ના પ્રમોશનમાં ખૂબ વ્યસ્ત છે. દીપિકાની બ્લેક મિની ડ્રેસમાં બોલ્ડ લૂક જોવા મળી રહ્યો છે જેની તસ્વીરો સોશિયલ મીડિયામાં ખૂબ વાઈરલ તઈ રહી છે. નોંધનીય છે કે, ગહરાઈયા’માં દીપિકા, અનન્યા પાંડે અને સિદ્ધાંત ચતુર્વેદી મુખ્ય ભૂમિકામાં છે. આ ફિલ્મ 11 ફેબ્રુઆરી 2022 અમેઝોન પ્રાઈમ પર રિલીઝ થશે.

# બોલિવૂડની ‘ધડક ગર્લ’ જહાન્વી કરશે સાઉથની ફિલ્મમાં એન્ટ્રી !

સાઉથ સુપરસ્ટાર ફિલ્મ આરઆરઆરને લઇને સતત ચર્ચા ચાલી રહી છે, તાજેતરમાં રિપોર્ટ આવ્યો છે કે જૂનિયર એનટીઆર પોતાની આગામી ફિલ્મ ડાયરેક્ટર બૂચી બાબૂ ની સાથે કામ કરવાનો છે. જૂનિયર એનટીઆરની આગામી ફિલ્મને લઇને હજુ સુધી કોઇ ઓફિશિયલ એનાઉન્સમેન્ટ નથી થયુ. પરંતુ સુપરસ્ટારની ફિલ્મને લઇને ચર્ચાઓ જરૂર શરૂ થઇ ગઇ છે. ચર્ચા એવી છે કે, જૂનિયર એનટીઆરની સાથે હૉટ ગર્લ ધડક હીરોઇન એટલેકે જ્હાન્વી કપૂર હશે.



રિપોર્ટ્સ અનુસાર, જૂનિયર એનટીઆર એક વધુ પૈન ઇન્ડિયા ફિલ્મની તૈયારી કરી રહ્યો છે. આરઆરઆરની રિલીઝ પહલાની પૉપ્યૂલારિટી જોયા બાદ સાઉથ સુપરસ્ટારે એક મોટી પૈન ઇન્ડિયા ફિલ્મ બનાવવાની તૈયારી શરૂ કરી દીધી છે. આવામાં મેકર્સ ઇચ્છે છે કે ફિલ્મમાં બૉલીવુડ એક્ટ્રેસની એન્ટ્રી થઇ જાય.

જૂનિયર એનટીઆરની નવી ફિલ્મમાં મેકર્સ જ્હાન્વી કપૂરને કાસ્ટ કરવા ઇચ્છે છે. ફિલ્મનો જે કન્સેપ્ટ છે તે અનુસાર, મેકર્સ જ્હાન્વી કપૂરને ફિટ માને છે. રિપોર્ટ્સનુ માનીએ તો જ્હાન્વી કપૂરએ હજુ સુધી ફિલ્મ માટે હા કહી છે કે ના, તેના વિશે અત્યારે કોઇ જાણકારી સામે નથી આવી.



જૂનિયર એનટીઆર આરઆરઆરની સક્સેસને લઇને કૉન્ફિડેન્ટ છે. આ જ કારણ છે કે તેમને આગામી ફિલ્મની તૈયારીઓ પણ શરૂ કરી દીધી છે. જો કરીએ જો જ્હાન્વી કપૂર ના વર્કફ્રન્ટની તો એક્ટ્રેસે ફિલ્મ ધડકથી બૉલીવુડમાં ડેબ્યૂ કર્યુ હતુ. જ્હાન્વી કપૂરએ તાજેતરમાં જ મિલી નામની ફિલ્મનુ શૂટિંગ પુરુ કર્યુ છે. એટલુ જ નહીં એક્ટ્રેસના બકેટમાં દોસ્તાના 2, ગુડ લક કેરી, મિસ્ટર એન્ડ મિસેજ જેવી ફિલ્મો છે.

# ‘તારક મહેતા..’ માં ફરી સાંભળવા મળશે ‘હે મા... માતાજી’



સા ટીવીના સૌથી લોકપ્રિય કોમેડી શો ‘તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા’ના ફેન્સ માટે એક ખુશ ખબર છે. જલ્દી જ શોમાં દયાબેન પરત ફરી શકે છે. આ શોમાં ‘દયાબેન’ની ભૂમિકા નિભાવનારી એક્ટ્રેસ દિશા વાકાણી છેલ્લા કેટલાક વર્ષથી શોમાંથી ગાયબ છે. મીડિયા રિપોર્ટ અનુસાર શોના મેકર્સ છેલ્લા કેટલાક સમયથી તેને શોમાં પાછા લાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. જી હાં, આવનાર થોડા સમયમાં દયાબેન પોતાના ગરબા કરતા ટીવીમાં દેખાઈ શકે છે. પરંતુ તેના માટે દયાબેને મેકર્સ સામે અમુક શરતો મુકી છે.

દિશા વાકાણી વર્ષ 2017થી શોનો હિસ્સો નથી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર પોતાના કમબેક માટે દિશા વાકાણીએ શોના મેકર્સ પાસે મોટી રકમની માંગણી કરી છે. તે એક એપિસોડ માટે 1.5 લાખ રૂપિયાની માંગણી કરી રહી છે. એટલું જ દિશાએ શરત રાખી છે કે તે દિવસમાં ત્રણ કલાક શૂટિંગ કરશે અને સેટ પર તેની દીકરી માટે ફૂલ ટાઇમ આયા અને નર્સરીની પણ ડિમાન્ડ કરી રહી છે. નોંધનીય છે કે દિશા વાકાણીનો જન્મ અમદાવાદમાં થયો હતો. તેમણે ફિલ્મી કરિયરની શરૂઆત ગુજરાતી થિયેટરથી કરી હતી દિશાએ તેમની કરિયરની શરૂઆત 1997થી કરી હતી. તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા ધારાવાહિક પહેલા ખીચડી, આહટ, રેશમ ડંક સહિતની અનેક સિરિયલમાં કામ કર્યું.

**દિશા વાકાણી કરી શકે છે શોમાં કમબેક**

**AMC બજેટ** કમિશ્નર લોચન સહેરાએ રજુ કર્યુ શહેરનું ડ્રાફ્ટ બજેટ

# સ્વસ્થ-સ્વચ્છ અને પ્રદૂષણમુક્ત મારુ અમદાવાદ: ૮,૧૧૧ કરોડની જોગવાઈ

## શહેરમાં ઝોનદીઠ એક મળી કુલ ૭ સ્માર્ટ સ્કૂલ બનાવાશે, સતાધાર-નરોડામાં બે નવા ફલાયઓવર

ગુજરાત વંદન

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનું વર્ષ 2022-23નું ડ્રાફ્ટ બજેટ મ્યુનિસિપલ કમિશનર લોચન સહેરાએ ઓનલાઇન વીડિયો-કોન્ફરસના માધ્યમથી રજૂ કર્યું હતું. મ્યુનિસિપલ કમિશનરે રૂ. 8111 કરોડનું બજેટ રજૂ કર્યું છે, જેમાં અમદાવાદીઓ પર કોઈપણ જાતના વેરાનો વધારો કરવામાં આવ્યો નથી. એ જોતાં આ બજેટ વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને રજુ કરવામાં આવ્યું હોવાનું મનાઈ રહ્યું છે. મ્યુનિસિપલ કમિશનર દ્વારા ચાલુ વર્ષે સ્વચ્છ, સ્વસ્થ અને પ્રદુષણમુક્ત બજેટ મૂકવામાં આવ્યું છે. ભાજપશાસિત સ્ટેન્ડિંગ કમિટી સુધારા-વધારા કરી અંદાજિત 10 ટકાનો વધારો કરી રૂ. 8500 કરોડની આસપાસનું બજેટ મંજૂર કરશે.

શહેરને પોલ્યૂશન ફ્રી અને સ્વચ્છ બનાવવા પર ખાસ ફોકસ કરતાં આ બજેટનું કદ રૂ. 5656 કરોડ થાય છે. જેમાં ખારીકટ કેનાલના 900 કરોડના ખર્ચે ડેવલપમેન્ટ,



275 કિમીના નવા રસ્તા, 365 કરોડના વોટર પ્રોજેક્ટ્સ સહિતના અનેક પ્રસ્તાવોનો સમાવેશ થાય છે.

મ્યુનિસિપલ કમિશનર લોચન સેહરાએ આજે પ્રસ્તાવિત બજેટ રજૂ કરતાં જણાવ્યું હતું કે દેશમાં પર્ફોમન્સની દ્રષ્ટિએ અમદાવાદ મહાનગરપાલિકા છઠ્ઠા ક્રમે આવે છે. આ વર્ષના બજેટમાં 100 ટકા વોટર સપ્લાય કવરેજ, મોબાઈલ એપ આધારિત સિસ્ટમ્સ અને આરોગ્ય સંબંધિત સુવિધાઓ ઉભી કરવા પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. જેના ભાગરુપે વીએસ, શારદાબેન અને એલજી જેવી કોર્પોરેશન સંચાલિત હોસ્પિટલોમાં નવા બિલ્ડિંગ પણ ઉભા કરવામાં આવશે.

**ટેક્સમાં વધારો ના કરાયો**

કોર્પોરેશન દ્વારા આ બજેટમાં પણ ટેક્સમાં વધારો કરવાનું ટાળવામાં આવ્યું છે. શહેરમાં ગ્રીન એનર્જીને પ્રોત્સાહન આપવા માટે સોલાર રુફટોપ અને ઈવી ચાર્જિંગ બુથ ઈન્સેન્ટિવ સ્કીમ શરુ કરવામાં આવશે. બજેટમાં મૂકાયેલા પ્રસ્તાવ અનુસાર, સોલાર રુફટોપ ઈન્સ્ટોલ કરાવનારા બંગલોઝને પ્રોપર્ટી ટેક્સમાં 10 ટકા ડિસ્કાઉન્ટ આપવામાં આવશે. જ્યારે ગ્રુપ હાઉસિંગ સ્કીમ્સમાં વરસાદી પાણીના સંગ્રહ, કચરાના નિકાલની યોગ્ય વ્યવસ્થા અને સોલાર પેનલ ઈન્સ્ટોલ કરાવવા પર 1-3 લાખ રુપિયાની ટેક્સમાં રાહત અપાશે.

**કોતરપુર ટ્રીટમેન્ટ પ્લાન્ટથી પશ્ચિમી વિસ્તારોને પાણી મળશે**

વોટર પ્રોજેક્ટ્સ માટે કોર્પોરેશને બજેટમાં 365 કરોડ ફાળવવાનો પ્રસ્તાવ મૂક્યો છે. કમિશનરે કરેલી જાહેરાત અનુસાર, રેસિડેન્શિયલ વિસ્તારમાં વરસાદી પાણીના સંગ્રહની સુવિધા ઉભી કરવા માટે કોર્પોરેશન 80 ટકા ફંડ આપશે. આ ઉપરાંત, પશ્ચિમી વિસ્તારોમાં પાણીના સપ્લાય માટે કોતરપુર ટ્રીટમેન્ટ

(અનુસંધાન 7 મે પાને)

### ૧૦ નવા ઓક્સિજન પાર્ક બનાવાશે

અમદાવાદ મ્યુ. કોર્પોરેશન દ્વારા શહેરમાં 10 નવા ઓક્સિજન પાર્ક બનાવવાનું પણ આયોજન છે. શહેરમાં આગના બનાવો વખતે તાત્કાલિક કાર્યવાહી કરી શકાય તે ઉદ્દેશથી ત્રણ ફાયર ચોકી પણ સ્થાપિત કરવામાં આવશે અને બહુમાળી બિલ્ડિંગોમાં પણ ફાયર ફાઈટિંગની કામગીરી કરી શકાય તે માટે નવા સાધનો વિકસાવાશે. અમદાવાદમાં ભીના કચરામાંથી ઓર્ગેનિક ખાતરનું ઉત્પાદન કરવાનું પણ કોર્પોરેશન દ્વારા આયોજન કરવામાં આવી રહ્યું છે, જેના માટે આ બજેટમાં 269 કરોડ રુપિયા ફાળવવાનો પ્રસ્તાવ મૂકાયો છે.

### ૧૦૦ ઈલેક્ટ્રીક બસો, ૬૦૦ ઈ-રિક્ષા દોડાવાશે

જાહેર સ્થળો પર માત્ર મહિલાઓ માટે પિંક ટોઈલેટ શરુ કરવાનો પણ બજેટમાં પ્રસ્તાવ મૂકાયો છે. કોર્પોરેશન પોતાના વેસ્ટ ટૂ એનર્જી પ્રોજેક્ટ્સ આ વર્ષે પણ ચાલુ રાખશે તેવું મ્યુ. કમિશનરે બજેટ સ્પીચમાં જણાવ્યું હતું. અમદાવાદમાં છેલ્લા કેટલાક સમયથી ઈલેક્ટ્રિક એસી બસોની સંખ્યા સતત વધી રહી છે. જેમાં હજુય વધારો કરવા માટે આ બજેટમાં અર્બન ટ્રાન્સપોર્ટ માટે 490 કરોડ ફાળવવામાં આવ્યા છે. બજેટના પ્રસ્તાવ અનુસાર નવી 100 ઈલેક્ટ્રીક બસ શહેરમાં દોડતી કરાશે. આ ઉપરાંત, છ રુટ પર લાસ્ટ માઈલ કનેક્ટિવિટી માટે 600 ઈ-રિક્ષા પણ શરુ કરવામાં આવશે.

### ૩૫ સ્માર્ટ અને ૧૫ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલો શરુ થશે

તાજેતરમાં કોર્પોરેશનમાં સમાવાયેલા બોપલ, ઘુમા તેમજ કઠવાડા જેવા નવા વિસ્તારોમાં 150 કરોડના ખર્ચે સિવિક સેન્ટર્સ ઉભા કરવાનો પ્રસ્તાવ પણ આ બજેટમાં મૂકવામાં આવ્યો છે. આ ઉપરાંત, શહેરમાં 35 સ્માર્ટ સ્કૂલ શરુ કરવાની સાથે 15 સ્કૂલોને ઈંગ્લિશ મીડિયમમાં કન્વર્ટ કરવામાં આવશે અને આ વર્ષથી મોબાઈલ નર્સરી સ્કૂલ પણ શરુ કરાશે. શહેરના 56 બગીચાંને પણ અપગ્રેડ કરવાનો પ્રસ્તાવ બજેટમાં રજૂ કરાયો છે.

# સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિઓના સૌથી મોટા સંગ્રહ માટે ગિનિસ વર્લ્ડ રેકોર્ડ નોંધાયો

**ગિનિસ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મેળવ્યા બાદ સ્વામિનારાયણ વિશ્વ વિક્રમ સમારોહ-૨નું સફળતાપૂર્વક સંપન્ન**

ગુજરાત વંદન

શ્રી હરિ સત્સંગ સેવા ટ્રસ્ટ (કુંડલધામ) ના શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા મુંબઈમાં 29 જાન્યુઆરી 2022 ના રોજ સ્વામિનારાયણ મંદિર, સર્વોપરી નગર, મુંબઈ ખાતે ભવ્ય અને વિશાળ કાર્યક્રમ 'સ્વામિનારાયણ વિશ્વ વિક્રમ સમારોહ-2'નું આયોજન કરવામાં આવ્યું હતું, જે સફળતાપૂર્વક પૂર્ણ થયું હતું. , 18.12.2021 ના રોજ ગુજરાતના શ્રી સ્વામિનારાયણ મંદિર કુંડલધામમાં 'કુંડલધામમાં સ્વામિનારાયણનું અક્ષરધામ' નામના કાર્યક્રમ હેઠળ શ્રી સ્વામિનારાયણ ભગવાનના વિવિધ 7090 સ્વરૂપોનું અદ્ભુત દર્શન કરવામાં આવ્યું હતું. 18 ડિસેમ્બરના રોજ, કુંડલ ધામ, ગુજરાત સ્થિત સ્વામિનારાયણ મંદિરમાં ભારતીય સંસ્કૃતિ અને હિંદુ ધર્મના વિકાસ માટે અને ભગવાનની ઉપાસના ફેલાવવાના હેતુથી આયોજન કરવામાં આવ્યું હતું. ખાસ કરીને મૂર્તિઓના આ વિશાળ મેળાવડાને વિશ્વ રેકોર્ડ તરીકે ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મળ્યું છે. આ પુરસ્કાર માટે, પૂજ્ય જ્ઞાનજીવનદાસજી સ્વામીના સંતોને ગિનિસ વર્લ્ડ રેકોર્ડનું પ્રમાણપત્ર વિશેષ અતિથિ વિખ્યાત વાંસળીવાદક



પંડિત રોનુ મજુમદાર જી અને ઉત્તર મુંબઈના સાંસદ શ્રી ગોપાલ શેટ્ટી દ્વારા આ સંદર્ભના પ્રતિનિધિ સંતોને અર્પણ કરવામાં આવ્યું હતું,

આ પ્રસંગે વિડિયો કોન્ફરન્સિંગ દ્વારા પરમ પૂજ્ય શ્રી જ્ઞાનજીવનદાસજી સ્વામી કુંડલધામ,વિદ્યાયક ગીતા જૈન અને પૂજ્ય માધવપ્રિયદાસજી સ્વામી, નિરંજન દાસજી સ્વામી, અલૌકિકદાસજી સ્વામી અને મુંબઈના અનેક પ્રખર ભક્તો અને પ્રતિષ્ઠિત વ્યક્તિઓએ ઉપસ્થિત રહીને કાર્યક્રમને સફળ બનાવ્યો.

આ કાર્યક્રમ 'કુંડલધામમાં સ્વામિનારાયણનું અક્ષરધામ' અવલોકન કર્યા બાદ ગિનિસ વર્લ્ડ રેકોર્ડની ટીમે તેને વિશ્વવિક્રમનો દરજ્જો આપ્યો છે. પૂજ્ય સ્વામીશ્રી જ્ઞાનજીવનદાસજીની પ્રેરણાથી નિર્મિત ભગવાનની

(અનુસંધાન 7 મે પાને)



તસ્વીર -જાવેદ રાજા

શહેર અમદાવાદને એના બેનમૂન સ્થાપત્ય માટે યુનેસ્કોએ વર્લ્ડ હેરીટેજ સિટીનો ખિતાબ આપેલ છે. પરંતુ અમદાવાદીઓ આ હેરિટેજ સ્થાપત્યની જાળવણી કરવામાં ઉદાસીનતા દાખવી રહ્યા છે. શહેરના કેટલાય હેરીટેજ સ્થાપત્યની જાળીઓ તૂટી રહી છે. સ્થાપત્યની આગળ જ રીક્ષાઓ ધોવાનું સ્ટેન્ડ છે અને કચરા પેટી બનાવી છે. એટલું જ નહીં આજુબાજુ મકાનો બનાવી દીધા છે.

**એક દાયકાથી મેઈન્ટેનન્સના પૈસા ન ભર્યા હોવાનો આક્ષેપ**

# બોડકદેવના મહિલા કોર્પોરેટર વિવાદમાં સપડાયા

## પોતાની જ સોસાયટીનું ૨ લાખ ૪૫ હજાર મેઈન્ટેનન્સ વર્ષ ૨૦૧૨થી નથી ભર્યું !!

ગુજરાત વંદન

મહાનગર પાલિકા અમદાવાદના વધુ એક કોર્પોરેટર વિવાદમાં. બોડકદેવ વિસ્તારના આમ્રપાલી ફ્લેટમાં રહેતા કોર્પોરેટર વાસંતીબેન પટેલે એક દાયકાથી મેઇન્ટેનન્સ ન ભર્યું હોવાનો આક્ષેપ લાગ્યો છે. ભાજપના કાઉન્સિલરે 2012થી સોસાયટીનું મેઇન્ટેનન્સ નથી ભર્યું. મેઇન્ટેનન્સ ન ભરતા સોસાયટીએ કાઉન્સિલરના ઘરનું પાણીનું કનેક્શન કાપી કાઉન્સિલરે સોસાયટીનું બાકી લેણું ન ભરતા વિવાદ થયો છે. બોડકદેવ વોર્ડના ભાજપના કોર્પોરેટર વસંતીબેન પટેલ વિવાદમાં આવ્યા છે. બોડકદેવ વિસ્તારમાં આવેલ આમ્રપાલી વિભાગ 1માં વસંતીબેન પટેલનો ફ્લેટ આવેલો છે. આ ફ્લેટ તેમણે ભાડે આપેલો છે. વાસંતીબેન પટેલે 2012થી સોસાયટીનું મેઇન્ટેનન્સ ભર્યું નથી.સોસાયટી દ્વારા આ બાબતે અનેક વખત નોટીસ આપવામાં આવી છે.છતાં પણ મેઇન્ટેનન્સ ભરવામાં આવ્યું નથી.જેને લઈને સોસાયટી દ્વારા વસંતીબેન પટેલના ફ્લેટનું પાણીનું કનેક્શન અને સોસાયટી દ્વારા આપવામાં આવતી સુવિધાઓ બંધ કરી દેવામાં આવી છે.સોસાયટીની કમિટિએ કોર્પોરેટર વસંતી પટેલને બાકી રહેલા મેઇન્ટેનન્સના પૈસા ભરવા લીગલ નોટિસ પણ પાઠવી છે.સોસાયટીના ખજાનચીએ જણાવ્યું હતું કે 2 લાખ 45 હજાર મેઇન્ટેનન્સ અને ભાડા ટેક્સ બાકી છે. મેઇન્ટેનન્સ ના ભરતા સોસાયટીએ વસંતીબેન સામે કોર્ટમાં કેસ કર્યો હતો અને સોસાયટી કેસ જીતી ગઈ હતી. પરંતુ વસંતીબેન પટેલે ફરીથી કેસને રીઓપન કરાવ્યો છે. વસંતીબેન પટેલનો આક્ષેપ છે કે સોસાયટીના ખજાનચીના

(અનુસંધાન 7 મે પાને)




**વિવાદ મામલે ભાજપના મહિલા કોર્પોરેટરનો આ છે ખુલાસો...**

વસંતીબેન પટેલનું કહેવું છે કે મેઇન્ટેનન્સ પેટે તેમના કુલ 1.30 લાખ રૂપિયા ભરવાના બાકી છે. જેની સામે તેઓ વ્યાજ સાથે 1.50 લાખ રૂપિયા ભરવા તૈયાર છે. પરંતુ સોસાયટી તેમની પાસેથી 2.45 લાખ રૂપિયા વસૂલવા માંગે છે. હવે આ અંગે સોસાયટી કોર્ટમાં તમામ હિસાબો રજુ કરે તેવી કાઉન્સિલરની માંગ છે. અને કોર્ટ જે આદેશ કરશે તે મુજબ મેઇન્ટેનન્સના બાકી લેણાં તેઓ ચૂકવશે તેમ કાઉન્સિલરે જણાવ્યું હતું.

# નરોડા મત વિસ્તારના લોકોના કામો કર્યા છે, વાંધો નહીં આવે : થાવાણીનો દાવો



તસ્વીરઃ અશ્વિન સાધુ

**નરોડા પાટિયાથી ગેલેક્સી ચાર રસ્તા સુધીનો સળંગ સૌથી મોટો ૧૬૦ કરોડના ખર્ચે ઓવરબ્રિજ બનશે**

**ગુજરાત વંદન સાથેની ખાસ મુલાકાત**

ગુજરાત વંદન

ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ ટૂંક સમયમાં યોજાય તેમ છે. ગુજરાત વંદન દ્વારા અમદાવાદના ધારાસભ્યો સાથેની એક ખાસ મુલાકાતની શ્રેણી શરૂ કરવામાં આવી છે. આ વખતે નરોડાના ભાજપના ધારાસભ્ય બલરામ થાવાણીએ મતવિસ્તારના કામોની આછેરી ઝલક રજૂ કરી હતી. અને દાવો કર્યો હતો કે ભાજપ સરકારે તેમના નરોડા મત વિસ્તારમાં કરેલા પ્રજાકીય જનસેવાના કામોને લીધે ભાજપને ફરીથી જીતવામાં મુશ્કેલી નહીં પડે તેમની મુલાકાતના અંશો આ મુજબ છે.

ભાજપના નરોડાના ધારાસભ્ય બલરામ થાવાણીએ ગુજરાત વંદન સાથે વાત કરતા પોતાની સરકાર તેમજ તેમના મત વિસ્તારમાં વિકાસના કાર્યોના લેખાજોખા રજુ કર્યા હતા. નરોડા વિધાનસભા વિસ્તારમાં આવતા તમામ વોર્ડમાં તેમજ જનતાના દરેક પ્રશ્નોના નિકાલ, વંચિત પ્રાથમિક સમસ્યાઓ સહિતના કામોના ઉકેલ લાવવા હંમેશા આગળ રહ્યા છે. ધારાસભ્ય બલરામ થાવાણી વર્ષ 1997થી જનતાની સેવા સાથે જોડાયેલા છે. તેમના પિતાજીના નિધન બાદ વર્ષ 1996માં કોર્પોરેટરની ચૂંટણી લડ્યા હતા. વર્ષ 1997માં તેઓ નગરસેવક તરીકે ચૂંટાઇ આવ્યા હતા. હાલ છેલ્લા ચાર વર્ષથી જનતાના પ્રતિનિધિ તરીકે જવાદારી નિભાવી રહ્યા છે. વિકાસના કાર્યો સાથે ધારાસભ્ય જનતાના સુખદુખમાં પણ ભાગીદારી રહ્યા છે.

નરોડા વિધાનસભાના શાસનકાળ દરમિયાન ભાજપ દ્વારા ધારાસભ્ય બલરામ થાવાણીના હસ્તે અનેક વિકાસના કામો કરવામાં આવ્યા છે, ખાસ કરીને કરોડોના ખર્ચે તમામ વોર્ડના નવા રોડ તૈયાર કરવામાં આવ્યા છે. પોતાના ગ્રાન્ટમાંથી ફાળવવામાં આવેલી રકમમાં ગટર, પાણી સહિત સુવિધાઓ ઉપલ્ધ કરાવી છે. ધારાસભ્યએ જણાવ્યું હતું કે, આગામી સમયમાં વિકાસને લગતા અનેક મોટા પ્રોજેક્ટોનું ખાર્તમુહૂર્ત કરવામાં આવે છે. તાજેતરમાં રૂ. 160 કરોડના ખર્ચે નરોડા પાટિયા જંક્શનથી નરોડા ગેલેક્ક્ષી ક્રોસ રોડ સુધી અત્યંત આધુનિક ડિઝાઈન સાથે ઓવરબ્રિજનું નિર્માણ કરાશે.

વધુમાં ધારાસભ્ય બલરાજ થવાણીએ જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટીનો એક જ ધ્યેય છે, સબકા સાથ..સબકા વિકાસ.. આ સુત્ર સાથે ભાજપ જનતા સાથે રહી વિકાસના કાર્યો કરી રહી છે. આગળ પણ આ સુત્ર સાથે ભાજપ સરકાર વિકાસના કાર્યો કરશે

જણાવી દઇએ, અમદાવાદ શહેરનો સૌથી લાંબા ઓવરબ્રિજ માટે સૈદ્ધાંતિક મંજૂરી આપવામા આવી છે આધુનિક ડિઝાઇન સાથે આ બ્રિજ રૂ. 160 કરોડના ખર્ચે નરોડા પાટિયા જંક્શનથી નરોડા ગેલેક્ક્ષી ક્રોસ રોડ સુધી બનશે. જે ત્રણ નરોડા પાટિયા જંકશન, નરોડા દેવી સિનેમા અને નરોડા ગેલેક્સી ક્રોસ રોડ ત્રણ જંક્શન ઉપરથી આ બ્રિજ પસાર થશે.

## 'શહેર બની ગયું સ્માર્ટ સિટી, હવે તો બદલો બોર્ડ'




તસ્વીરઃ અશ્વિન સાધુ

અમદાવાદ શહેર એકતરફ સ્માર્ટસિટી બનવા તરફ બૂલેટ ટ્રેનની ગતિએ આગળ વધી રહ્યું છે પરંતુ અમ્યુકોની કેટલીક ઇમારતોનાં બોર્ડ હજુ બાબા આદમના જમાનાના જોવા મળી રહ્યાં છે. કોર્પોરેશનની પૂર્વ ઝોન કચેરીમાં લાગેલું બોર્ડ જર્જરિત હાલતમાં....